બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત

એટલે

મસ્લકે આ'લા હઝરત

નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

જુન-૨૦૨૩

ઝિલ ક઼અદ-ઝિલ હજ્જ

હિજરી સન : ૧૪૪૪

વર્ષ : ૨૦, અંક : ૦૬, સળંગ અંક : ૨૩૩

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR

★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | 300/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | 3,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |

: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | હિંદમાં મુસલમાન બાદશાહોનું વલણ અને આજની સ્થિતિ | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 03 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 12 |
| 04 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃ اللہ علیہ | 14 |
| 05 | તઝકેરતુલ અવલિયા હઝરત અબૂ સુલૈમાન દારાઈ رحمۃ اللہ علیہ | 16 |
| 06 | ક઼ાનૂને શરીઅત (ભાગ : ૨) | 19 |
| 07 | ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ | 22 |
| 08 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 26 |
| 09 | હઝરત અબૂ સઈદ હસન બિન યસાર બસરી رحمۃ اللہ علیہ | 28 |
| 10 | ઈમ્તિનાએ નઝીર એટલે હુઝૂર ﷺના જેવા પેદા થવું.. | 33 |
| 11 | દીન પર અડગ રહેનારાઓ માટે ખુશખબર !! | 36 |
| 12 | અમીરે અહલે સુન્નત હઝરત 'નૂરમુહમ્મદ' મારફાની.. | 37 |
| 13 | ઝબાનના ફિત્નાઓ વિશે ઈસ્લામી આદેશ | 41 |
| 14 | આહ ! હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી... | 45 |
| 15 | રસૂલે અક઼દસ ﷺની અમુક મુબારક આદતો | 47 |


મુજરિમ બુલાએ આએ હૈં જાઊક હે ગવાહ !
ફિર રદ હો કબ યે શાન કરીમોં કે દરકી હે

બદ હૈં મગર ઉન્હીં કે હૈં બાગી નહીં હે હમ,
નજદી ન આયે ઉસ્કો યે મંઝિલ ખતર કી હે

બે ઉન્કે વાસ્તેસે ખુદા કુછ અતા કરે !
હાશા ગલત ગલત ! યે હવસ બે બસરકી હે

માંગેગે ! માંગે જાએંગે ! મુંહ માંગી પાએંગે !
સરકારમેં ન 'લા' હે ન હાજત 'અગર' કી હે

મા-ઓ-શુમા તો કયા કે ખલીલે જલીલ કો,
કલ દેખના કે ઉનસે તમન્ના નઝર કી હે

લબ વા હૈં, આંખેં બંદ હૈં, ફૈલી હૈં ઝોલિયાં,
કિતને મઝેકી ભીક તેરે પાક દર કી હે

આ કુછ સુના દે ઈશ્ક઼ કે બોલોં મેં અય 'રઝા'
મુશ્તાક઼ે તબએ લઝઝતે સોઝે જિગરકી હે

અઝ : ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

# હિંદમાં મુસલમાન બાદશાહોનું વલણ અને આજની સ્થિતિ

तंत्री लेख

*આજના આ તંત્રી લેખમાં આપણા પ્રિય વતન હિંદમાં જે આપસમાં નફરતનું તથા અસહિષ્ણુતાનું વાતાવરણ ફેલાય તેવાં નિવેદનો દેશના જિમ્મેદાર તથા ગૈર જિમ્મેદારો તરફથી થઈ રહ્યાં છે અને મુસલમાનો સંબંધે તથા ઈસ્લામ સંબંધે દુષ્પ્રચાર થઈ રહ્યો છે તેની ભીતરમાં જતાં અત્રે હિંદના ઈતિહાસને તેમજ હિંદના બંધારણને "મૌલાના મુહમ્મદ આશિકુલ કાદરી"ના લેખના આધારે વાંચકો સમક્ષ પેશ કરવામાં આવે છે જેને વાંચવા વંચાવવાથી વતની ભાઈઓની ઘણી ગલત ફહમીઓ દૂર થઈ શકે છે. તંત્રી : બરકાતે ખ્વાજા માસિક*

હિંદુસ્તાન દેશ વિવિધ ધર્મોને માનનારાઓ અને પોતપોતાની રીતે ધર્મોના રસ્મો રિવાજ, દસ્તૂર તથા બંધારણ મુજબ જિંદગી પસાર કરનારાઓનો દેશ છે. શરૂઆતમાં આર્ય શુદ્ર વગેરે કોમોથી આબાદ થયો. અને મુસલમાન આવ્યા ન હતા તે પહેલાં ખૂબ જ દુર્દશાવાળી સ્થિતિમાં હતો. અને મુસલમાનોના આગમન પહેલાં હિંદુસ્તાન નાના નાના રાજ્યોમાં વહેંચાયેલો હતો. જેમાં મોટાભાગનો સમય આપસી લડાઈઓ તથા જુલ્મો થતા રહેતા હતા. પરંતુ મુસલમાનોના આગમન બાદ વિખવાદ નષ્ટ થઈ ગયો અને સર્વ નાના નાના રાજ્યોનો ખાત્મો થઈ ગયો અને એક સંયુક્ત હિંદુસ્તાન એક મહાન સલ્તનત બની ગયું અને તે કાનૂન વિનાની અવ્યવસ્થાનો ખાત્મો થઈ ગયો જે લાંબાકાળથી આ દેશમાં ચાલતી હતી.

## ★ મુસલમાનોના આગમનથી હિંદને શો લાભ થયો ? ★

જેમ કે મશહૂર હિંદુ ઈતિહાસકાર પંડિત ગિરધારીલાલની રાય છે કે મુસલમાનોના આગમનથી ભારત ઉપખંડને અગણિત ફાયદાઓ પહોંચ્યા છે. જેમ કે ઈતિહાસકાર લખે છે : મુસલમાનોએ હિંદુસ્તાનમાં વિજયીની હેસિયતથી પ્રવેશ કર્યા બાદ આ દેશને ઘણો ફાયદો પહોંચાડયો છે. મુસલમાન બાદશાહોના આવતા પહેલાં હિંદુસ્તાનના દરેક ભાગમાં બાહ્ય હુમ્લાખોરો અને ડાકૂઓની પરેશાનીએ દેશમાં અમ્ન તથા શાંતિને તબાહ તથા બર્બાદ કરી આપી હતી, ત્રાસ તથા જુલ્મની અસરો દરેક જગાએ જણાતી હતી. મુસલમાનોએ અહીં આવીને અમ્નો સુકૂન સ્થાપિત કર્યો અને દેશના દરેક ખૂણે ઈત્તેહાદ (એકતા)નો ઝંડો લહેરાવ્યો. *(કિતાબુલ હિંદ, ભાગ–૧)*

## ★ અન્ય ધર્મો પ્રત્યે ઈસ્લામનું વલણ ★

એ દૌરમાં પણ દરેક શખ્સ પોતાનાં ધાર્મિક નિયમોનો પાબંદ હતો અને અન્ય ધર્મની વિરૂધ્ધ નિવેદનો કરવાં, લેકચરબાજી અને તિરસ્કાર તથા અપમાનજનક વાતો બોલાવાને બુરુ કાર્ય નિઃસંકોચ માનવામાં આવતુ હતું. અને ઈસ્લામ ધર્મની આ જ તાલીમ છે : لَكُمْ دِيْنُكُمْ وَلِيَ دِيْنِ "તમારા માટે તમારો ધર્મ અને અમારા માટે અમારો ધર્મ." (સૂ. કાફિરૂન) અને આ આયતના જુઝઈય્યાથી એ વાત ધોળા દિવસની જેમ જાહેર છે કે કુફ્રનો માર્ગ અલગ છે ઈસ્લામનો માર્ગ અલગ છે. કોઈ અન્ય ધર્મમાં દખલગીરી જાઈઝ નથી.

ઈસ્લામ માનવીનો પ્રાકૃતિક ધર્મ છે એમાં માનવ પ્રકૃતિની દરેક કમજોરી તથા દરેક સારા બુરા આકર્ષણ (રૂચી)નો સંપૂર્ણપણે ખયાલ રાખવામાં આવ્યો છે. એટલા માટે તેણે આજથી લગભગ ૧૪૦૦ વરસો પહેલાં સૌ

www.Barkatekhwaja.net

પ્રથમ એ એલાન કર્યું હતું કે ધર્મના મામલામાં જબરદસ્તી તથા સખ્તીને દખલગીરી ઉપલબ્ધ નથી. જેમ કે કુર્આન મજીદમાં ઈર્શાદ છે : لَآ اِكْرَاهَ فِي الدِّيْنِ ۙ قَدْ تَّبَيَّنَ الرُّشْدُ مِنَ الْغَيِّ (કાંઈ જબરદસ્તી નથી દીનમાં. બેશક ! ઘણી જ અલગ થઈ ગઈ છે નેક રાહ ગુમરાહીથી. સૂ. બક્રહ, ૨/૨૫૬) આ આયતથી પણ સંપૂર્ણપણે સાફ સાફ સ્પષ્ટ થઈ જાય છે કે, ઈસ્લામ ધર્મમાં કોઈ પ્રકારની જબરદસ્તી નથી. અલ્બત્ત ધર્મ માણસનો એક અતિ પ્રિય ખયાલ છે. તે પોતાની જિંદગીની સરખામણીમાં પોતાના ધર્મ સાથે કેટલાય અંશે અધિક મહોબ્બત રાખે છે. અને એટલા માટે જ્યારે ક્યાંક માણસને ધર્મના મામલામાં મજબૂર કરવામાં આવે છે તો મોટાભાગે પોતાના ધર્મને છોડવાને બદલે મોતને માન્ય કરી લે છે.

આપણા પૂર્વજ બુઝુર્ગોએ (અસ્લાફે કિરામે) ઈસ્લામી ઉસૂલ તથા કાનૂનના પ્રમાણે હિંદની ભૂમિ પર દાવત તથા તબ્લીગનું કારનામુ અંજામ આપ્યું અને ઈતિહાસ સાક્ષી છે કે કોઈ મુસલમાને કોઈ ધર્મની વિરૂધ્ધ જબરદસ્તીનો વર્તાવ નથી કર્યો, બલ્કે ઈસ્લામના ઉસૂલોની રોશનીમાં એ પયગામ આપ્યો જે પોતાનાં તો પોતાનાં પણ ગૈરોએ પણ સ્વીકાર્યો છે. જેમ કે એક ઈસાઈ પ્રવચનકર્તા પ્રોફેસર ગટાવલીએ બયાન આપ્યું છે : ઈસ્લામની મુલ્કી (દેશના શાસનને લગતી) તથા સંસ્કૃતિની વ્યવસ્થા ખરેખર અજોડ છે. તેણે જંગલીઓ તથા દરિન્દાઓ (ખુંખાર લોકો)ને ઈન્સાન બનાવી દીધા. આ જ ઉચ્ચ કોટીના બંધારણને કારણે એકસો વરસની અંદર અંદર અરબોની સલ્તનત સિંધના દરિયાથી લઈને સ્પેન સુધી ફેલાઈ ગઈ હતી અને તે સર્વ શહેરોમાં જ્યાં ઈસ્લામી ઝંડો લહેરાય રહ્યો હતો ત્યાં એક આશ્ચર્યજનક પ્રગતિ જોવા મળતી હતી. એનું કારણ એ છે કે ઈસ્લામે દીની પ્રગતિની સાથે સાથે દુનિયવી પ્રગતિના માર્ગો ખોલી આપ્યા હતા. ઈસ્લામના ચો તરફ ફેલાવાનું એક કારણ એ છે કે આ ધર્મમાં પ્રગતિ પામેલ દુનિયાને સાથ આપવાની તે ક્ષમતા મૌજૂદ છે જે અન્ય ધર્મોમાં નથી. *(તમદ્દુને અરબ દીનો દુન્યા. પેજ–૪૩)*

## ★ મુસ્લિમ સુલ્તાનોની સત્તાના દૌરમાં અન્ય કૌમોની સ્થિતિ ★

હિંદુસ્તાનના ઈતિહાસમાં આ ઘણુ જ અજોડ (દુર્લભ) દષ્ટાંત મૌજૂદ છે કે એક એવી કૌમ જેની સંસ્કૃતિ આ દેશના સામાન્ય રહેવાસીઓથી તદ્દન અલગ હતી અને જેમની સંખ્યા પણ શરૂઆતમાં ખૂબ જ સીમિત હતી, તે **આ દેશ પર દસ વીસ વરસ નહીં બલ્કે પૂરા એક હજાર વરસો સુધી હુકૂમત કરતી રહી.** અને આ લાંબા ગાળામાં ભાગ્યે જ આ દેશમાં ક્યાંક કોમી તોફાનો કે ઝઘડાઓ પેદા થયા હોય. બલ્કે એથી ઉલ્ટુ અહીં ગૈર મુસ્લિમ બહુમતી તરફથી છેવટના સમય સુધી હિંદના શાહોને પીઠબળ મળતુ રહ્યું. ત્યાં સુધી કે રાજપૂતો, જાટો તથા અન્ય લડાયક કૌમોએ હિંદુસ્તાનમાં મુસ્લિમ હુકૂમતને મજબૂત કરવા માટે પોતાના લોહીની કુર્બાનીઓ પેશ કરવાથી પણ પાછી પાની નથી કરી. આ મુસ્લિમ હાકિમોએ આ દેશમાં એક એવી બિનસાંપ્રદાયિક (સેક્યુલર) હુકૂમતનો પાયો રાખ્યો કે જેમાં હિંદુ પણ મુસલમાનોની જેમ સમાન રીતે ભાગીદાર હતા. અને **હિંદના શાહોએ હિંદુઓને એ પણ મહેસૂસ થવા નથી દીધું કે તેમના પર કોઈ ગૈર મઝહબવાળો રાજ કરી રહ્યો છે, બલ્કે તેઓ હિંદના શાહોની હુકૂમતને હમેશાં પોતાની રાષ્ટ્રીય હુકૂમત ખયાલ કરતા રહ્યા.**

ડૉ. તારાચંદ હિંદુસ્તાનના પૂરાણા ઈતિહાસકાર છે જેમણે મુસ્લિમ હાકિમો સંબંધે આ રાય પેશ કરી છે : હિંદુસ્તાનના મુસ્લિમ બાદશાહોએ સાચા વતન પ્રેમીઓની જેમ આ દેશ પર ખૂબ જ સહૃદયતા (સહિષ્ણુતા) સાથે રાજ કર્યું છે. પરંતુ આ દેશના કોમવાદી તત્વોનું કહેવું એ છે કે હિંદના શાહોનું કામ એના સિવાય કાંઈ ન હતું કે



www.barkatekhwaja.net

તેઓ તલ્વારના જોરથી હિંદુસ્તાનના ગૈર મુસ્લિમોનો ધર્મ બદલી કાઢે છે. આ ઝેરીલો દુષ્પ્રચાર કેવળ એટલા માટે કરવામાં આવી રહ્યો છે કે જેથી આ પાયાહિન આક્ષેપો થકી આ દેશની બહુમતીની ભાવનાઓને હિંદના મુસ્લિમો વિરુદ્ધ સારી રીતે ભડકાવી શકાય. *(દીન વ દુન્યા–દિલ્હી, અંક જૂન ઈ.સ. ૧૯૫૭)*

મુહમ્મદ બિન કાસિમના સંબંધે એક ઈતિહાસકારે લખ્યું છે : તેણે પ્રજાને માટે ધાર્મિક સ્વતંત્રતાનું એલાન કર્યું અને બ્રાહ્મણોને બોલાવીને હુકમ આપ્યો કે પોતાનાં મંદિરો બંધાવી લે, અને દેશના મહેસૂલમાંથી ત્રણ ટકા જે હમેશાંથી મંદિરોને ખર્ચ માટે મળતા હતા તે ચાલુ રહેશે. *(તારીખે હિંદુસ્તાન)*

એ જ પ્રમાણે મુસ્લિમ હાકિમોના યુગના વિશે એક ઈતિહાસકારે આ પ્રમાણે લખ્યું છે : મુસલમાનોના યુગમાં હિંદુ સોસાયટી (સમાજ) યથાવત રહી એટલા માટે કે હુકૂમતની સ્થાનિક વ્યવસ્થા હિંદુઓના હાથમાં રહી, ઊંચા હોદ્દેદાર તો મુસલમાન જ થયા, પરંતું નીચેના સર્વ હોદ્દાઓ હિંદુઓને જ આપવામાં આવતા હતા.

*(હિંદુસ્તાન કે અહદે વુસ્તા કી એક ઝલક, પેજ–૩૪૪)*

દરેક હાલતમાં મુસલમાન હાકિમોનો સુલૂક દરેકની સાથે ઘણો જ સારો હતો. એક અંગ્રેજ ઈતિહાસકારે મુસ્લિમ હાકિમોના ગૈર મુસ્લિમનાં પ્રાર્થનાલયો સાથેના બેહતર વર્તાવને વર્ણવતાં આ પ્રમાણે વર્ણવ્યું છે : મુસલમાન બાદશાહોની તરફથી વકફ મિલ્કતો ભલે થોડી હતી પણ એવું નથી કે તદ્દન ન હતી. (અમરે આહિન્દદ, પેજ–૬) ગૈર મુસ્લિમોને માટે નિયમ હતો કે, શંખ વગાડવા અને પોતાની ઈદના દિવસે ક્રોસ કાઢવાથી ન રોકવામાં આવે. એ લોકો (ઈસાઈ) રાત તથા દિવસમાં ઈબાદત માટે શંખ વગાડે. કોઈપણ કોમના ધાર્મિક મામલાઓમાં દખલગીરીને ઈસ્લામે સખત નાપસંદ કરેલ છે. હુકમ છે કે, "તેમના (ગૈર મુસ્લિમોના) તથા તેમની શરીઅતો (ધાર્મિક નિયમો) વિરૂધ્ધ આડ બનવામાં ન આવે. (તારીખે તિબરી, ભાગ–૪) એ લોકો (ગૈર મુસ્લિમ) પોતાની ગવાહીના હુકમો, નિકાહ (લગ્ન)ના મામલાઓ, વારસાના કાનૂનો તથા અન્ય ધાર્મિક હુકમોમાં આઝાદ છે. (પેજ–૧૪૦) બલ્કે કુર્આનનો હુકમ છે કે : "કોઈ કૌમની દુશ્મની પણ તમને એ વાત માટે ન ઉશ્કેરે કે તમે તેમની સાથે ન્યાય ન કરો. દરેક સંજોગોમાં ન્યાય કરો એ પરહેઝગારીથી અધિક નજીક છે. અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહને તમારાં કામોની ખબર છે.

*(સૂ. માઈદા, ૫/૨૯) (વધુ માટે વાંચો : ઈસ્લામ ઔર અમ્ને આલમ, પેજ–૩૭)*

## ★ હક઼ીક઼તનો સ્વીકાર ★

હિંદની આઝાદી પછી શાહ સઊદના હિંદના દૌરાના મોકા પર પંડિત જવાહરલાલ નેહરૂએ ઈ.સ. ૧૯૫૫માં સ્વાગતના પ્રોગ્રામમાં લાલ કિલ્લામાં એક જબરદસ્ત પ્રવચન કર્યું હતું તેને જુઓ :–

ઈસ્લામ જે (દુનિયાનો) બીજો મહાન શાનવાળો ધર્મ છે જેણે દુનિયા પર ગાઢ અસરો કરી છે. હિંદુસ્તાનમાં પુર અમ્ન દોસ્તાના તરીક઼ાથી દાખલ થયો. તે પોતાની સાથે અમ્ન તથા સુલેહનો પૈગામ લાવ્યો. હિંદુસ્તાને પણ પોતાના રિવાજ મુજબ તેનું સ્વાગત કર્યું અને આ રીતે હિંદુસ્તાનમાં ઈસ્લામને કાયમ થવાનો મોકો મળ્યો. ત્યારબાદ વિવિધ લોકોએ જોર અજમાવવાનું શરૂ કર્યું પણ તે રાજકીય ક્ષેત્ર સુધી રહ્યું. અમુક લોકો ગલતીથી આપસમાં લડાઈઓને ધાર્મિક લડાઈઓ ખયાલ કરવા લાગ્યા. શક્ય છે એ વખતે પણ ધર્મનો ઉપયોગ કરવામાં આવ્યો હોય, પણ સર્વાંશે જોતાં એ સર્વ લડાઈઓ કેવળ રાજકીય હતી. *(રોઝનામા અલ્જમીઅત, તા. ૨–૧૨–૧૯૫૫, બહવાલા ઈસ્લામ ઔર અમ્ને આલમ)*

પંડિત જવાહરલાલ નેહરૂનું આ બયાન ઈસ્લામી અમ્ન તથા સુલેહના પાસાંને સ્પષ્ટ કરે છે. પણ આ જ

હિંદુસ્તાનમાં કેટલાક કોમવાદી સંગઠનો એવાં છે જેઓ મુસલમાનની ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવા માટે જાત જાતની ગૈર કાનૂની નિવેદનબાજી કરતાં રહે છે જેથી હિંદના મુસલમાન માનસિક રીતે પરેશાનીમાં સપડાય જાય, જેનાં એક નહીં સેંકડો દષ્ટાંતો મૌજૂદ છે (અને હજી રોજ બકવાસ ચાલુ રહે છે જેની કોઈ પકડ કરનાર નથી !) અને એ સંસ્થાઓ હમેશાં એ જ કોશિશમાં રહે છે કે કયું હથિયાર અજમાવવામાં આવે જેના થકી મુસલમાનોની ભાવનાઓને ઠેસ પહોંચે. એટલા માટે મુસલમાનોને આતંકવાદી પણ કહેવામાં આવ્યા અને ક્યારેક ઈસ્લામને જુલ્મનો ઝંડો બુલંદ કરનાર ધર્મ કહેવામાં આવ્યો, અને ક્યારેક કુર્આનની વિરૂધ્ધ તથા ઈસ્લામના પયગંબર વિરૂધ્ધ આક્રમક આલોચના કરવામાં આવી.

## ★ ધાર્મિક વડાઓની હિફાઝત ઈસ્લામી દષ્ટિએ ★

જ્યાં સુધી ઈસ્લામી કાનૂન અને તેના ઉસૂલનો સવાલ છે તો ઈસ્લામે વિશ્વના ધર્મો પર જબરદસ્તી કે બળ નથી વાપર્યું અને વિશ્વના ધર્મના અનુયાયીઓને પોતાની ધાર્મિક ફરજની અદાયગીની પૂરી છૂટ આપી છે. જેમ કે સુલ્તાનોને ચેતવણી આપતાં કહેવામાં આવ્યું છે. "અને ગૈર મુસ્લિમોને તેમના ધર્મ વિરૂધ્ધ મજબૂર કરવામાં નહીં આવે." (કિતાબુલ અમ્વાલ લાબી અબીદ, પેજ–૧૪૦) "અને ગૈર મુસ્લિમો અને તેમના ઈબાદતના તરીકા વચ્ચે આડ નહીં કરવામાં આવે. (તારીખુત્ તિબરી, ભાગ–૪) ઈસ્લામ ધર્મ વિશ્વના સર્વ ધર્મોમાં એકલો છે જેણે અન્ય ધર્મના માર્ગદર્શકોની રક્ષાનો લેહાઝ રાખેલ છે. કિતાબુલ ખિરાજમાં લખેલું છે : યહૂદીઓ અને ઈસાઈઓની ઈબાદતગાહો તોડી પાડવામાં ન આવે. પૂર્વગ્રહનો ચશ્મો આંખો પરથી હટાવીને વિશ્વના સર્વ ધર્મોની કિતાબોની સરખામણી કુર્આને પાકની સાથે કરવામાં આવે તો દુનિયાની એક જ એક કિતાબે મુબીન (રોશન કિતાબ) એ હશે જેનો દરેક ફેંસલો તથા હુકમ નિરાળો જણાશે અને ઈન્સાની સન્માનની રક્ષાવાળી કિતાબ એ સાબિત થશે. વાલેટર્ડ ડિક્ષનરી ઓફ ફિલોસોફીના કર્તાએ મકાલતુલ કુર્આનમાં લખેલુ છે : અમે જાણીએ છીએ કે કુર્આને પુરૂષને તે વિશિષ્ટતા આપી છે જે તેને ફિતરી તૌર પર (પ્રાકૃતિક રીતે) મળવી જોઈએ. પરંતું કુર્આન તૌરાતથી એ મામલામાં વિરૂધ્ધ છે કે તે સ્ત્રીની પ્રાકૃતિક કમજોરીને ખુદાઈ બદલો નથી કહેતુ જેવું કે સફરે તકવીનના અસ્હાસ–૩, અંક–૧૬માં છે." *(મુસ્લિમ પર્સનલ લો ઔર ઈસ્લામકા આઈલી નિઝામ, પેજ–૨૭૮)*

## ★ હિંદનું બંધારણ અને વર્તમાન હાલાત ★

ઈસ્લામ તથા હિંદુસ્તાનના અન્ય પાસાંઓને સર્વ વિગતવાર આપે સમજ્યાં હવે આવો અને જુઓ કે, આજે હિંદુસ્તાન અને તેનો કાનૂન ક્યાં સુધી હક્ક બયાની પર આધારિત છે. જુલાઈ ઈ.સ. ..........ના દૈનિક પત્ર રાષ્ટ્રીય સહારા ઉર્દૂમાં મુસલમાનોની ભાવનાઓને ઠેસ પહોંચાડવા માટે અને ઈસ્લામના પાઈદા (પવિત્ર) ચહેરાને દાગદાર કરવાવાળી ક્રાંતિકારી ખબર પ્રસિધ્ધ થઈ કે ઈસ્લામના બાગી તથા કાનૂનના બાગી, બેબાક, બદઝબાન સલ્માન રૂશ્દીના તેવરવાળી અને તસ્લીમા તસ્રીનની ઝલક એવા લેકચરર શાંતિએ એવો નાપાક હુમ્લો કુર્આને પાક પર કર્યો જેનાથી મુસલમાનોની રૂહ કાંપી ઉઠી. તેનું બયાન એ હતું કે, "કુર્આનેપાક શૈતાની સર્જન છે." જ્યારે કે લોકશાહી હિંદનું બંધારણ ઘડનારા કૌમના રહનુમાઓએ લેકચરર શાંતિ જેવા નાપાક દિમાગ રાખનારા લોકોને ભાંપી લીધા હતા જેથી લોકશાહી હિંદની કલમ ૯૨ આ પ્રમાણે લખી છે : દરેક *નાગરીકને મંતવ્યની*

*આઝાદી તથા વિચારોની સ્વતંત્રતા અને ધર્મની સ્વતંત્રતા હાંસલ છે. લઘુમતીઓને ધાર્મિક આઝાદી હાંસલ છે. તે ઉપરાંત તેમને એનો પણ હક્ક છે કે તેમના અલગ સ્કૂલ તથા મદરસા સ્થાપિત કરે, પોતાની સંસ્કૃતિ તથા સભ્યતા, ભાષા તથા લિપિને સાચવી રાખે. (હમારા સંવિધાન મૂલી અધિકાર)*

એ જ પ્રમાણે બંધારણની કલમ ૨૫, ૨૬માં લઘુમતીઓને જે ધર્મમાં આઝાદી અને સંસ્કારિક હક્ક આપવામાં આવ્યા છે. તે વતની ભાઈઓ માટે હિદાયતનો સબક છે. આપ એની હકીકત તથા વિગત જાણવા માટે "હમારા સંવિધાન" ડો. સુભાષચંદ્ર કશ્યમનો અભ્યાસ કરો. એના હેઠળ હું હિંદના એક કાનૂની ઉસૂલને પ્રદર્શિત કરવાનું યોગ્ય સમજુ છું. ઈ.સ. ૧૯૪૮માં કાનૂન એસેમ્બસીમાં જ્યાં મુસ્લિમ પર્સનલ લોની વિરૂધ્ધ મંતવ્યો પણ આવ્યાં, ત્યાં એવું પણ કહેવામાં આવ્યું કે, "લોકોના કોઈ વર્ગને પોતાના પર્સનલ લોને ત્યજવા માટે મજબૂર કરવામાં નહીં આવે જે તેની પાસે મૌજૂદ છે. (CONSTITVENT ASSEMBALY DEBATES V545) આ ફેરફાર આર્ટિકલ ૩૫માં થયો હતો. આર્ટિકલ ૧૨માં એ ફેરફાર થયો કે દરેક વર્ગ પોતાનો ખાસ પર્સનલ લો ધરાવતો હશે, તેનો લેહાઝ કરવામાં આવશે. C.A.D. 721 ઉપરોક્ત કાનૂનોની રોશનીમાં એ વાત જાણવા મળી કે **ભારતીય કાનૂને કોઈ પણ નાગરીકને એ વાતની ઈજાઝત નથી આપી કે, તે કોઈ પણ ધર્મ કે કોઈ પણ ધર્મની પવિત્ર કિતાબની સમીક્ષા (ટીકા ટીપ્પણ) કરે, જેવું કે લેકચરર શાંતિએ કર્યું, અને જો કોઈ એવું કરે તો તે ભારતીય કાનૂનોનો વિરોધ ગણવામાં આવશે.**પણ અફસોસની વાત છે કે કાનૂન તથા બંધારણ હોવા છતાં આજે તેમાં રદો બદલ (ફેરફાર) કરવાની સાઝિશ રચવામાં આવી રહી છે. શું આ ઈન્સાફ છે ?! જ્યારે ઈતિહાસ સાક્ષી છે કે મુસલમાનના ધર્મના ઉસૂલ (નિયમો) તથા બંધારણ પર આંગળી ઉઠાવવાની કોશિશ કોઈએ કદી નથી કરી કેમ કે મુસલમાન હમેશાં હક્ક પર રહ્યો છે અને રહેશે. (Sadaeislam. in/blog// musalman-aur hindustan)

સારાંશ કે આજે ઈસ્લામ તથા મુસ્લિમો વિરૂધ્ધ જે વાણી વિલાસ થઈ રહ્યો છે તે દેશના કાનૂન તથા બંધારણની તદ્દન વિરૂધ્ધ છે અને તેમ કરનારાઓ સામે સત્તાવાળાઓ સખત કાર્યવાહી કરે એ દેશની એકતા, અખંડિતતા અને દેશમાં અમ્નો શાંતિ તથા દેશના વિકાસ માટે જરૂરી જ નહીં પણ અનિવાર્ય છે. આજે કેટલાક અસામાજિક તત્વોએ "મુસલમાનો વિરૂધ્ધ બોલવુ એટલે પોતાની કૌમમાં જાણે હીરો બની જવું," એવા વહેમમાં મુસ્લિમો કે ઈસ્લામ વિરૂધ્ધ કે મુસ્લિમ બુઝુર્ગો વિરૂધ્ધ બોલવાને ફેશન બનાવી લીધી છે. જેમ કે હાલમાં જ સૌરાષ્ટ્રની "કાજલ હિંદુસ્તાની" નામની સ્ત્રીએ બેબાકી સાથે મુસ્લિમો વિરૂધ્ધ પ્રવચનો કર્યાં. તો ઘણા ઉહાપોહ બાદ તેણીની ધરપકડ થઈ હતી અને ટૂંક સમયમાં જામિન પણ મળી ગયા હતા ! તો હાલ ફરીથી સાંભળ્યું કે તેણીએ ફરીથી ખ્વાજા ગરીબ નવાઝ અજમેરી رحمۃ اللہ علیہ વિરૂધ્ધ તદ્દન જૂઠા આક્ષેપો કરીને તેમની તૌહીન કરીને મુસ્લિમો જ નહીં ખ્વાજા અજમેરીના દુનિયાભરના મુસ્લિમ ગૈર મુસ્લિમ સર્વ ચાહકોના દિલોને ઠેસ પહોંચાડી છે. જો કે પોલીસ તંત્ર તરફથી હાલમાં રાજ્યભરમાં ધાર્મિક શોભાયાત્રાઓ, સરઘસ કે જુલૂસ દરમિયાન લાઉડ સ્પીકર કે માઈક ઉપરથી વાંધાજનક ઉચ્ચારણો કરવા પર પ્રતિબંધ જાહેર કરેલ છે, જેથી તંત્ર પ્રતિ આશા છે કે આ "બેબાક કાજલ હિંદુસ્તાની"ની તથા એના જેવાઓની ધરપકડ કરીને યોગ્ય સજા કાયદાકીય રીતે કરવામાં આવશે. જો એમ ખરેખર થશે તો લોકોને ન્યાયતંત્ર પર વિશ્વાસ બાકી રહેશે અને દેશ તથા રાજ્યોમાં અમ્નો શાંતિનો માહોલ સલામત રહેશે.

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ માઈદાની તફસીર

આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا عَلَيْكُمْ اَنْفُسَكُمْ ۚ لَا يَضُرُّكُمْ مَّنْ ضَلَّ اِذَا
اهْتَدَيْتُمْ ؕ اِلَى اللّٰهِ مَرْجِعُكُمْ جَمِيْعًا فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ
تَعْمَلُوْنَ ۝١٠٥ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا شَهَادَةُ بَيْنِكُمْ اِذَا حَضَرَ
اَحَدَكُمُ الْمَوْتُ حِيْنَ الْوَصِيَّةِ اثْنٰنِ ذَوَا عَدْلٍ مِّنْكُمْ اَوْ
اٰخَرٰنِ مِنْ غَيْرِكُمْ اِنْ اَنْتُمْ ضَرَبْتُمْ فِي الْاَرْضِ فَاَصَابَتْكُمْ
مُّصِيْبَةُ الْمَوْتِ ؕ تَحْبِسُوْنَهُمَا مِنْۢ بَعْدِ الصَّلٰوةِ فَيُقْسِمٰنِ بِاللّٰهِ
اِنِ ارْتَبْتُمْ لَا نَشْتَرِيْ بِهٖ ثَمَنًا وَّ لَوْ كَانَ ذَا قُرْبٰى ۙ وَ لَا نَكْتُمُ
شَهَادَةَ ۙ اللّٰهِ اِنَّاۤ اِذًا لَّمِنَ الْاٰثِمِيْنَ ۝١٠٦ فَاِنْ عُثِرَ عَلٰۤى اَنَّهُمَا
اسْتَحَقَّاۤ اِثْمًا فَاٰخَرٰنِ يَقُوْمٰنِ مَقَامَهُمَا مِنَ الَّذِيْنَ اسْتَحَقَّ
عَلَيْهِمُ الْاَوْلَيٰنِ فَيُقْسِمٰنِ بِاللّٰهِ لَشَهَادَتُنَاۤ اَحَقُّ مِنْ
شَهَادَتِهِمَا وَ مَا اعْتَدَيْنَاۤ ۖ اِنَّاۤ اِذًا لَّمِنَ الظّٰلِمِيْنَ ۝١٠٧ ذٰلِكَ اَدْنٰۤى اَنْ
يَّاْتُوْا بِالشَّهَادَةِ عَلٰى وَجْهِهَاۤ اَوْ يَخَافُوْۤا اَنْ تُرَدَّ اَيْمَانٌۢ بَعْدَ
اَيْمَانِهِمْ ؕ وَ اتَّقُوا اللّٰهَ وَ اسْمَعُوْا ؕ وَ اللّٰهُ لَا يَهْدِي الْقَوْمَ
الْفٰسِقِيْنَ ۝١٠٨

હે ઈમાનવાળાઓ ! તમે પોતાની ફિકર કરો, તમારૂં કશું બગાડી શકશે નહીં જે ગુમરાહ થયો, જ્યારે કે તમે માર્ગ પર હોવ.[૪૬] તમારા બધાનું રુજૂઅ (વળવું) અલ્લાહ તરફ જ છે. પછી તે તમને બતાવી દેશે જે તમે કરતા હતા (૧૦૫) હે ઈમાનવાળાઓ ![૪૭] તમારી અંદરો અંદરની સાક્ષી, જ્યારે તમારામાંથી કોઈને મોત આવે[૪૮] વસિય્યત કરતી વેળા તમારામાંના બે વિશ્વાસપાત્ર માણસો છે, અથવા પારકાઓમાંના બે. જ્યારે તમે દેશમાં સફરે જાવ, પછી તમને મૃત્યુનો અકસ્માત નડે, (તો) પેલા બન્નેને નમાઝ પછી અટકાવો.[૪૯] તેઓ અલ્લાહની કસમ ખાય જો તમને કંઈ શક પડે.[૫૦] અને કસમના બદલે કંઈ માલ નહીં ખરીદીએ.[૫૧] ભલે નજીકનો સગો હોય, અને અલ્લાહની ગવાહી નહીં સંતાડીએ. આવું કરીએ તો અમે અવશ્ય ગુનેહગારોમાં છીએ (૧૦૬) પછી ખબર પડે કે તેઓ કોઈ ગુનાહને પાત્ર ઠર્યા[૫૨] તો તેમની જગ્યાએ બીજા બે ઉભા થાય તેમનામાંથી, કે આ ગુનાહ એટલે જૂઠી ગવાહીએ એમનો હક મારીને એમને નુકસાન કર્યુ[૫૩] જેઓ મય્યતથી વધુ નિકટ હોય, તો (તેઓ અલ્લાહની કસમ ખાય કે

*અમારી ગવાહી વધારે ખરી છે પેલા બેની ગવાહી કરતાં, અને અમે હદથી વધ્યા નથી,[૫૪] એવું હોય તો અમે જાલિમોમાં થઈએ (૧૦૭) આ વધુ નજીક છે એનાથી કે ગવાહી જેવી (આપવી) જોઈએ તેવી આપે, અથવા ડરે કે અમુક કસમો રદ કરવામાં આવે તેમની કસમો પછી,[૫૫] અને ડરો અલ્લાહથી, અને હુકમ સાંભળો. અને અલ્લાહ અનાજ્ઞાંકિતોને માર્ગ આપતો નથી (૧૦૮)*

## :: સમજૂતી ::

**૪૬ :** મુસ્લિમો કાફિરોના અભાગીપણા પર ખેદ કરતા હતા. અને એમને દુઃખ થતું હતું કે કાફિરો હસદના કારણે ઈસ્લામની દોલતથી વંચિત રહ્યા અલ્લાહ તઆલાએ એમને તસલ્લી આપી કે તેમાં તમારૂ કશું નુકસાન નથી. ભલાઈનો નિર્દેશ અને બુરાઈથી રોકીને તમે જવાબદારીમાંથી મુક્ત બની ગયા. તમે પોતાની નેકીનું વળતર મેળવશો.

અબ્દુલ્લાહ ઈબ્ને મુબારકે કહ્યું કે આ આયતમાં ભલાઈનો હુકમ કરવાની અને બુરાઈથી રોકવાની પણ તાકીદ છે. કારણ કે પોતાની ફિકર કરવાનો અર્થ એ છે કે એકબીજાની સંભાળ રાખે, નેકીઓનો શોખ અપાવે અને બુરાઈઓથી રોકે. *(ખાઝિન)*

**૪૭. શાને નુઝૂલ :** મુહાજિરોમાંના બદીલ કે જેઓ અમ્ર બિન આસના આઝાદ કરેલા ગુલામો પૈકીમાંથી હતા. વેપાર અર્થે બે નસરાનીઓ સાથે શામ દેશ તરફ રવાના થયા. તેમાંથી એકનું નામ તમીમ બિન ઓસ દારી હતું, અને બીજાનું અદી બિન બદાઅ. શામ પહોંચતાંની સાથે જ બદીલ બીમાર પડયા. તેમણે પોતાના બધા સામાનનું એક લીસ્ટ લખીને સામાનમાં મૂકી દીધું, અને સાથીઓને એની ખબર ન આપી. જ્યારે બીમારી સખ્ત બની ગઈ ત્યારે બદીલે તમીમ અને અદી બન્નેને વસિય્યત કરી કે એમનો બધો જ માલ સામાન મદીના શરીફ જઈને એમના લોકોને આપી દે. બદીલની વફાત થઈ ગઈ. પેલા બંનેએ એમના મૃત્યુ પછી એમનો સામાન જોયો, તેમાં એક ચાંદીનો જામ પણ હતો જેના પર સોનાનું કામ કરેલું હતું, અને તેમાં ૩૦૦ મિષ્કાલ (લગભગ પોણા ઓગણીસ તોલા) ચાંદી હતી. બદીલ એ જામ બાદશાહને ભેટ આપવા માટે લાવ્યા હતા. એમની વફાત પછી એમના બન્ને સાથીઓએ તે જામ ગુમ કરી દીધો. અને પોતાના કામથી પરવાર્યા પછી જ્યારે એ લોકો મદીના શરીફ ગયા ત્યારે તેમણે બદીલનો સામાન તેમના ઘરવાળાને સોંપી દીધો. સામાન ઉઘાડયા પછી પેલું લીસ્ટ તેમના ઘરવાળાઓના હાથ ચઢી ગયું, તે મુજબ સામાન સરખાવીને જોયો તો એક જામ ન હતો. પછી તે લોકો તમીમ અને અદી પાસે ગયા અને પૂછયું, "બદીલે" કોઈ વેપારી લેન દેન કરી હતી ?" કહ્યું, "ના" ફરી પૂછયું, બદીલ લાંબી મુદત બીમાર રહ્યા ? તેમને પોતાના ઈલાજ માટે કંઈ પણ ખર્ચ કર્યો હતો ? પેલાએ કહ્યું, "નહીં, તેઓ તો શહેરમાં આવતાં જ બીમાર પડી ગયા અને ઘણા જ જલ્દી ગુજરી પણ ગયા," ત્યારે તેમણે કહ્યું કે, "તેમના સામાનમાંથી એક લીસ્ટ નીકળ્યું છે, તેમાં એક જામ પણ લખેલો છે. જે ચાંદીનો છે અને તેના પર સોના વડે નકશી પડેલી છે, તે ૩૦૦ મિસ્કાલ ચાંદીનો છે." ત્યારે તમીમ અને અદી એ કહ્યું, "અમે કશું જાણતા નથી, અમને તો જે પ્રમાણે વસિય્યત કરી હતી તે મુજબ સામાન તમને સુપ્રત કરી દીધો, જામની તો અમને ખબર પણ નથી."

આ કેસ હુઝૂર ﷺના દરબારમાં રજૂ થયો. તમીમ અને અદી ત્યાં પણ ઈન્કાર પર જમેલા રહ્યા,

અને કસમ પણ ખાઈ લીધી, ત્યારે આ આયત ઉતરી. *(ખાઝિન)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما બયાન કરે છે કે પછી તે જામ મક્કા શરીફમાં પકડાઈ ગયો. જે માણસ પાસે હતો તેણે કહ્યું કે તેણે તે તમીમ અને અદી પાસેથી ખરીદ્યો છે. જામના માલિકના વારસદારોમાંથી બે જણાઓએ ઉભા થઈને કસમ ખાધી કે અમારી સાક્ષી તેમની સાક્ષી કરતાં વધારે હકદાર છે. આ જામ અમારા મૃત્યુ પામનારનો છે. તે બાબત આ આયત ઉતરી. *(તિર્મિઝી)*

**૪૮ :** એટલે કે મૃત્યુનો સમય નજીક આવી ગયો, જીવનની આશા ન રહે, મોતની નિશાનીઓ અને ચિન્હો દેખાવા માંડે.

**૪૯ :** આ નમાઝથી અસરની નમાઝ મુરાદ છે. કારણ કે તે લોકોનો ભેગા થવાનો સમય હોય છે. હસન رضی اللہ عنہએ ફર્માવ્યું છે કે અહીં ઝોહર કે અસરની નમાઝ માનવામાં આવી છે કારણ કે હિજાઝવાળાઓ કેસોનો નિકાલ એ જ સમય કરતા હતા. હદીષ શરીફમાં છે કે જ્યારે આ આયત ઉતરી ત્યારે હુઝૂર ﷺએ અસરની નમાઝ પઢીને તમીમ અને અદીને બોલાવ્યા, તે બન્નેને મિમ્બર પાસે કસમો આપી, તેમણે કસમો ખાઈ લીધી. ત્યાર પછી મક્કા શરીફમાં પેલો જામ પકડાયો, અને જે માણસ પાસે હતો તેણે કહ્યું કે મેં તમીમ અને અદી પાસેથી ખરીદ્યો છે. *(મદારિક)*

**૫૦ :** તેમની ઈમાનદારી અને સુદાનત પર, અને તેઓ આવું કહે કે,

**૫૧ :** એટલે કે જૂઠી કસમ નહીં ખાય, અને કોઈને ખાતર આવું નહીં કરે.

**૫૨ :** દાનત બગાડી, અથવા જૂઠ વગેરે.

**૫૩ :** અને તેઓ મરનારનાં સગાં સ્નેહીઓ છે.

**૫૪ :** જેમ કે બદીલના બનાવમાં જ્યારે તેમના બન્ને સાથીદારોની બેઈમાની પકડાઈ ગઈ ત્યારે બદીલના વારસદારોમાંથી બે માણસ ઉભા થયા અને તેમણે કસમ ખાધી કે આ જામ અમારા મરનારનો છે, અને અમારી સાક્ષી એ બન્નેની કરતાં વધારે ઠીક છે.

**૫૫ :** અર્થનો નિષ્કર્ષ એ છે કે આ બાબતમાં જે હુકમ આપવામાં આવ્યો કે અદી અને તમીમની કસમો પછી માલ પકડાયો ત્યારે મરનારના વારસદારો પાસે કસમો ખવડાવી. આ એટલા માટે કે લોકો આ બનાવથી બોધ ગ્રહણ કરે, અને ગવાહીમાં સાચો માર્ગ અને ખરી વાત છોડી ન દે, અને એ વાતથી ડરતા રહે કે જૂઠી ગવાહીનું પરિણામ શરમિંદગી અને ફજેતી છે.

**ફાયદો :** દાવો કરનારને કસમ ખાવાની નથી હોતી, પણ આ બનાવમાં માલ પકડાયો ત્યારે જે બે પર દાવો કરવામાં આવ્યો હતો તેમણે પ્રતિદાવો કર્યો કે એ માલ તો તેમણે મરનાર પાસેથી ખરીદી લીધો હતો. હવે તેમની પરિસ્થિતિ દાવો કરનારની બની ગઈ, અને તેમની પાસે કશો પુરાવો ન હતો એટલા માટે તેમના વિરુધ્ધ વારસદારોની કસમો લેવામાં આવી.

www.barkatekhwaja.net

**વાંકાનેર** :થી કારી શાહિદ રઝા અકબરી સાહબ લખી જણાવે છે કે "બરકાતે ખ્વાજા" (માસિક)ના ગ્રાહક નંબર ૧૧૫૩/૧૪૪૧૫ વાંકાનેર તાલુકાના, નવા મહિકાના રહેવાસી બાદી હાજી અલીભાઈ માસ્તર (મોબાઈલ નં. ૯૯૭૮૦ ૬૫૦૪૧) શિક્ષકમાંથી તા. ૩૧–૫–૨૦૨૩ના રોજ નિવૃત્ત થતાં મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે "બરકાતે ખ્વાજા" (માસિક)ને **રૂા. ૧૦૦૦/–** ઈમ્દાદ પેટે લિલ્લાહ આપેલ છે. (જઝાકલ્લાહ ! –તંત્રી)

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**અય 'રઝા' યૂં ન બિલક, તૂ નહીં જય્યદ, તો ન હો**
**સૈયદે જય્યદે હર દહર હૈ મૌલા તેરા**

**અર્થાત** : અય રઝા ! તું ન ડર ! બેચેન ન થા ! જો તું સારો (જય્યિદ) નથી તો શું થયું ? આખી દુનિયાના સારા લોકોનો સરદાર (ગ઼ૌષે પાક رحمۃ اللہ علیہ) તો તારો મૌલા અને મદદગાર છે. ઈશારો છે ગ઼ૌષે પાક رحمۃ اللہ علیہ ના ફર્માન તરફ છે કે જો મારો મુરીદ કમાલવાળો નથી તો શું થયું હું તો કમાલવાળો છું.

**ફખ્રે આક઼ા મેં 'રઝા' ઔર ભી ઈક નઝમે રફીઅ**
**ચલ લિખા લાએઁ ષના ખ્વાનોંમેં ચેહરા તેરા**

**અર્થાત** : અય રઝા ! આક઼ા ગ઼ૌષ પાક رحمۃ اللہ علیہ ની શાનમાં એક બીજી મન્ક઼બત આ'લા પ્રકારની નઝમ લખીને ગ઼ૌષ પાક رحمۃ اللہ علیہના પ્રશંસકોમાં તારું પણ નામ લખાવી લઈ ફયૂઝાનથી માલામાલ થઈ જા !

## મન્ક઼બતે હુઝૂર ગ઼ૌષે આઝમ رضی اللہ عنہ

**બંદા ક઼ાદિરકા ભી ક઼ાદિર ભી હૈ અબ્દુલક઼ાદિર**
**સિર્રે બાતિન ભી હૈ ઝાહિર ભી હૈ અબ્દુલક઼ાદિર**

*(ક઼ાદિર = કુદરતવાળો, શક્તિશાળી, અબ્દુલક઼ાદિર = ક઼ાદિરનો બંદો જનાબે ગૌષે આઝમ رضی اللہ عنہ નું નામ મુબારક, સિર્રે બાતિન = છુપા હોવાનો ભેદ)*

**અર્થાત** : હુઝૂર ગ઼ૌષેપાક رضی اللہ عنہનું નામ અબ્દુલક઼ાદિર છે જેનો અર્થ કુદરતવાળાનો બંદો થાય છે એટલે કે ગ઼ૌષેપાક ક઼ાદિરે મુતલક ખુદાના બંદા છે અને જ્યારે તે ક઼ાદિરના બંદા છે તો ક઼ાદિર ખુદા પાકે આપને પણ ક઼ાદિર શક્તિશાળી બનાવ્યા છે, અને આપ ઝાહિર અને બાતિનના ભેદને જાણનાર છે. આ'લા હઝરતે અહિંયા સ્પષ્ટતા કરી છે કે જ્યારે ગ઼ૌષે પાક رضی اللہ عنہ કુદરતવાળા ખુદાના બંદા છે તો પછી તેમના મર્તબામાં શું કમી રહેશે. શેખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષે દહેલ્વી رضی اللہ عنہનું ફર્માન છે કે હુઝૂર ગ઼ૌષે પાક رضی اللہ عنہની કરામતો બેશુમાર છે જેવી રીતે હુઝૂર નબીએ પાક علیہ الصلوۃ والسلامના મોઅજિઝા બેહદ અને બેહિસાબ છે.

**મુફ્તીએ શરઅ ભી હૈ ક઼ાઝીએ મિલ્લત ભી હૈ**
**ઈલ્મે અસ્રાર સે માહિર ભી હૈ અબ્દુલ ક઼ાદિર**

*(મુફ્તીએ શરઅ = શરીઅતના મુફ્તી, મિલ્લત = મઝહબ, ઈલ્મે અસ્રાર = ભેદી જ્ઞાન, માહિર, જાણકાર)*

**અર્થાત** : હુઝૂર ગ઼ૌષે આઝમ رضی اللہ عنہ ઈસ્લામી શરીઅતના મુફ્તી છે અને મઝહબે ઈસ્લામના ક઼ાઝી–ફૈસલો કરનાર છે અને ખુદાના ભેદોના જાણકાર છે.

**મમ્બએ ફૈઝ ભી હૈ મજમએ અફઝાલ ભી હૈ**
**મેહરે ઈર્ફાં કા મુનવ્વર ભી હૈ અબ્દુલ કાદિર**

*(મમ્બએ ફૈઝ = ફૈઝ જારી થવાની જગ્યા, મજમએ અફઝાલ = મહેરબાનીઓનો મજમો, મહેર = સૂર્ય, ઈરફાન = ઓળખ)*

**અર્થાત :** હુઝૂર ગૌષેપાક رضی اللہ عنہ રૂહાની ફૈઝના મમ્બઅ અને ફઝીલતોના સમૂહ છે અને ઈલ્મે ઈરફાનના પ્રકાશિત સૂરજ છે.

**કુત્બે અબ્દાલ ભી હૈ મેહવરે ઈર્શાદ ભી હૈ**
**મર્કઝે દાઈરએ સિર્ર ભી હૈ અબ્દુલ કાદિર**

*(કુતુબ = એક રૂહાની મર્તબો, વલીઓના સરદાર, અબ્દાલ = એક રૂહાની દરજો, મેહવર = ધરી, ઈર્શાદ = સીધો રસ્તો દેખાડનાર, દાઈરા = વર્તુળ, સિર્ર = ભેદ)*

**અર્થાત :** હુઝૂર ગૌષેપાક رضی اللہ عنہ અબ્દાલોના સરદાર પણ છે અને વલીઓના મેહવર પણ છે અને ભેદના વર્તુળના કેન્દ્ર પણ છે.

**સિલ્કે ઈર્ફાં કી ઝિયા હૈ યહી દુર્રે મુખ્તાર**
**ફખ્રે ઈશ્બાહ વ નઝાઈર ભી હૈ અબ્દુલ કાદિર**

*(સિલ્કે ઈર્ફાં = ખુદાની ઓળખનો મોતીનો હાર, ઝિયા = પ્રકાશ, દુર્રે મુખ્તાર = પસંદીદા મોતી, ઈશ્બાહ = હમશકલ, નઝાઈર = મિષ્લ, ના જેવા)*

**અર્થાત :** હુઝૂર ગૌષેપાક رضی اللہ عنہ ખુદાની મારેફતના મોતીઓના હારની ચમક છે અને આપ દુર્રે મુખ્તાર, પસંદ કરેલ મોતી છે, અને આપ દરેક ગૌષ અને કુતુબ માટે ફખ્ર છે. (દુર્રે મુખ્તાર અને ઈશ્બાહ વ ન્નઝાઈર બે કિતાબોના નામ પણ છે)

**ઉસકે ફર્માન હૈ સબ શારેહે હુકમે શારેઅ**
**મઝહરે નાહી વ આમિર ભી હૈ અબ્દુલ કાદિર**

*(શારેહ = શરહ કરનાર, શારેઅ = શરીઅતના ધની, મઝહર = જાહેર થવાની જગ્યા)*

**અર્થાત :** હુઝૂર ગૌષેપાક رضی اللہ عنہના ફર્માનો શારેઅ હુઝૂર علیہ الصلوۃ والسلامના હુકમની શરહ કરનાર એટલે કે ખુલાસો કરનાર છે અને બુરાઈથી રોકનાર અને ભલાઈનો હુકમ આપનાર પ્યારા નબી صلی اللہ علیہ وسلمના આપ મઝહર છે.

**ઝી તસર્રુફ ભી હૈ માઝૂન ભી મુખ્તાર ભી હૈ**
**કારે આલમકા મુદબ્બિર ભી હૈ અબ્દુલ કાદિર**

*(ઝી તસર્રુફ = ઈખ્તિયારવાળા, માઝૂન = અનૂમતિ પામેલ, મુખ્તાર = ઈખ્તિયાર ધરાવનાર, કારે આલમ = દુનિયાનું કામ, મુદબ્બિર = તદબીર કરનાર)*

**અર્થાત :** હુઝૂર ગૌષેપાક رضی اللہ عنہ પ્યારા નબી علیہ الصلوۃ والسلامના તરફથી ઈખ્તિયાર ધરાવનાર પસંદીદા અને અનૂમતિ મેળવેલ છે અને આપ દુનિયાના કામોની તદબીર ફર્માવનાર છે. (આપના ઈખ્તિયાર અને અઝમતની બોલબાલા જોવા મશ્હૂર અને ભરોસા પાત્ર કિતાબ બેહજ્જતુલ અસ્રારનો અભ્યાસ કરો)

**રશ્કે બુલબુલ હૈ 'રઝા' લાલા સદ દાગ ભી હૈ**
**આપકા વાસિફો ઝાકિર ભી હૈ અબ્દુલ કાદિર**

*(રશ્ક = કોઈની નેઅમત જોઈને તેવી નેઅમત પોતાને પણ મળે તેવી તમન્ના, લાલા = એક પ્રકારનું ફૂલ, સદ દાગ = બેશુમાર નિશાનવાળુ, વાસિફ = પ્રશંસક, ઝાકિર = ચર્ચા કરનાર)*

**અર્થાત :** અય મારા ગૌષે આઝમ رضی اللہ عنہ અહમદ રઝા નઅતો પઢવામાં એવો મગ્ન છે કે બુલબુલો પણ રશ્ક કરે છે અને રઝા બેહદ નિશાનો રાખે છે અને આપની પ્રસંશા તથા ચર્ચા ખૂબ કરે છે.



www.barkatekhwaja.net

# અસ્રારુલ અવલિયા

## હશ્ત બહિશ્ત

### મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અલ્કિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક્ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**★ ઝિક્રે હક્કમાં ખોવાયેલા લોકો વિશે ★**

મજલિસમાં મૌલાના બદરુદ્દીન ગઝનવી, મૌલાના નાઝિમુદ્દીન બદાયૂની, મૌલાના યહ્યા, શયખ જમાલુદ્દીન હાંસવી તથા અન્ય સૂફિયાએ કિરામ હાજર હતા. ઝિક્રે હક્ક્ (રબના ઝિક્ર)માં ખોવાયેલા લોકોના બારામાં ચર્ચા થઈ રહી હતી. હઝરતે ફર્માવ્યું, હે દુરવેશ ! તસવ્વુફના મઝહબમાં જાણીતુ છે કે જે શખ્સ હક્કની યાદથી ગાફેલ છે તે અમારામાંથી નથી. કેમ કે જે ઘડીએ માણસ હક્કની યાદથી ગાફેલ હોય છે. જો તેને માલૂમ થઈ જાય કે તે વખતે તેની કેટલી સઆદતો (ખુશનસીબીઓ) લઈ લેવામાં આવી છે તો એક ક્ષણના માટે પણ એ હક્કની યાદથી ગફલત કરશે નહીં.

ફર્માવ્યું, સૂફીઓ જેઓ યાદે હક્કમાં ડૂબેલા રહે છે, જો હજારો તલ્વારો પણ તેમના શરીરથી પાર કરે તો તેમને કોઈ ખબર ન થશે. એકવાર કોઈકે એ દુરવેશથી અર્ઝ કરી, હઝરત ! જ્યારે આપ હક્કમાં મશગૂલ હોવ તો મારા માટે દુઆએ ખૈર કરશો. તેમણે ફર્માવ્યું, બદબખ્ત છે તે ઘડી જ્યારે યાદે હક્કના દરમિયાન મખ્લૂકની યાદ આવી જાય, અને ખુદાની ઝાતના ચિંતનથી રોકી રાખે.

**★ ખ્વાજાનું ફર્માન : તે હવે જીવંત ન રહશે ! ★**

ખ્વાજા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ જ્યારે આલમે ઈસ્તેગરાકમાં (ખુદાની યાદમાં લીન) હોતા તો એવી હૈરતની હાલત છવાઈ જતી કે વરસ વરસ બબ્બે વરસ એવી હાલતમાં રહેતા કે પોતાની ખબર પણ ન રહેતી. એકવાર ખ્વાજા ગરીબ નવાઝ અજમેરી رحمۃ اللہ علیہ યાદે હક્કમાં મશગૂલ હતા. આલમે બલા ખ્વાજા સાહબમાં મૌજૂદ હતો જે મખ્લૂક પર નાઝિલ થાય છે. હઝરતના મુરીદોમાંથી એક શખ્સ આવ્યો અને પોતાના ઈલાકાના ગવર્નરની ફરિયાદ કરી કે તે મને શહેરથી બહાર નીકળી જવાનો હુકમ આપે છે. ખ્વાજા હુઝૂરે પૂછ્યું કે અત્યારે તે ક્યાં છે ? અર્ઝ કરી, જંગમાં ગયેલો છે. ફર્માવ્યું, તેના ઘોડાએ ઠોકર ખાધી, હવે તે જીવંત રહેશે નહીં. હઝરતની જીભથી નીકળેલી વાત પૂરી થઈ. થોડાક જ સમયમાં સાંભળવામાં આવ્યું કે તે ગવર્નર ઘોડાથી પડીને મરી ગયો.

હે દુરવેશ ! જ્યા સાહિબે હાલ ખાસ સમયમાં યાદે હક્કમાં ડૂબેલો હોય છે ત્યારે આ બંને આલમ તેની સમક્ષ હાજર હોય છે એટલે આલમે બલા તથા આલમે નેઅમત. પછી તે વખતે જેના નસીબમાં નેઅમત હોય છે તેને નેઅમત અતા કરે છે, અને જેના માટે બલા મુકદ્દર છે તે બલામાં સપડાય છે. પરંતું બુધ્ધિમાન તે છે કે તે વખતે દુરવેશની સામે આજીજીથી પેશ આવે અને તેમનાથી ટક્કર લેવાનો માર્ગ ન અપનાવે. કોણ જાણે છે કે એમની ઝબાનથી શું નીકળનારું છે !

www.barkatekhwaja.net

## ★ જે પળે ગાફિલ તે પળે મુર્દા ! ★

હે દુરવેશ ! અમારા શયખ ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર અવશી رحمۃ اللہ علیہ પર જ્યારે ખાસ સમય છવાતો ત્યારે બયતે ઝિક્ર કરતા બલ્કે રાત દિવસ જાનમાઝ પર પડયા રહેતા, પોતાના શરીર તથા જાનની પણ ખબર ન રહેતી. અહલે તસવ્વુફ (સાચા સૂફીઓ) કોઈ વલીને ઝિંદા નથી સમજતા જ્યાં સુધી તે યાદે હક્કમાં ડૂબેલો ન હોય. એક ક્ષણ ખુદાની યાદથી બેખબર ન રહે. એકવાર એક આરિફ ઝિક્રે હક્કથી ગાફિલ થયો તે શહેરમાં ગયબી અવાજ આવ્યો કે ફલાણો સૂફી જીવંત ન રહ્યો, ઈન્તેકાલ કરી ગયો. લોકોએ એ ગયબી અવાજના આધારે તેના ઘરના તરફ લોકો તાઝિયતના માટે પહોંચ્યા. લોકોએ તેહકીક કરી તો જાણવા મળ્યું કે તે તો ઝિંદા છે. લોકો પરત ઘરે જવા લાગ્યા. તે આરિફે તેમને બોલાવ્યા અને વાસ્તવિક હકીકત જણાવતાં કહ્યું કે, ખરેખર ! હું મરી ગયો હતો, કેમ કે હું હમેશાં યાદે ખુદામાં મશગૂલ રહેતો હતો પણ આજે એક ક્ષણના માટે એ ઝિક્રમાં ગફલત વર્તી તો નિદા આવી કે ફલાણાનો છોકરો ફલાણો મરી ગયો.

## ★ યાદે હક્કથી ગાફેલ મુર્દા છે ★

જે લોકોનાં દિલ યાદે હક્કથી ગાફેલ છે તે મુર્દા છે, ઝિંદા નથી. કેમ કે અહલે તસવ્વુફ જે દિલને હક્કની યાદથી ગાફેલ પામે તેને ઝિંદામાં ગણતા નથી. કહે છે કે જો એનું દિલ ઝિંદા હોત તો ખુદાની યાદથી ગાફેલ ન થાત. હે દુરવેશ ! એક બુઝુર્ગ હતા કે જ્યારે યાદે હક્કમાં મુસ્તગરક થતા (ડૂબી જતા) તો કોઈ તેમના શરીરના ટુકડે ટુકડા કરી દેતો પણ તેમને ખબર ન પડતી. જેમ કે રિવાયત છે કે મુલ્જિમ બદબખ્તે જ્યારે ઈરાદો કર્યો કે શેરે ખુદા અલી کرم اللہ وجہہ الکریم ને શહીદ કરે. એ ષડયંત્રના સાથીઓએ તેને કહ્યું કે તારા જેવા હજારો માણસો પણ ભેગા થઈ જાય તો પણ હઝરત અલી رضی اللہ عنہ ને શહીદ કરી શકશે નહીં, એ સ્થિતિ સિવાય કે એ નમાઝની હાલતમાં હોય, કે ઝિક્રે હક્કમાં મશગૂલ હોય. પછી તે અઝલી બદબખ્તે એ જ વાત દિલમાં બેસાડી લીધી. એક દિવસે એવી હાલતમાં આવ્યો જ્યારે કે સૈયદના અલી رضی اللہ عنہ નમાઝ અદા કરી રહ્યા હતા. રબ તઆલાની બારગાહમાં એટલા મશગૂલ હતા કે શરીર તથા જાનથી બેખબર હતા. મુલ્જિમે ખંજર કાઢયું અને પેટ મુબારકમાં ભોંકી દીધું. હઝરતે ઈત્મિનાનથી નમાઝ અદા કરી જ્યારે પરવાર્યા તો પોતાને લોહીમાં લથપથ પામ્યા. એક માણસને પૂછયું કે શું વાત છે ? અર્ઝ કરી, આપ નમાઝ અદા કરી રહ્યા હતા ત્યારે મુલ્જિમ બદબખ્તે કટાર (ખંજર) આપને માર્યું. શેરે ખુદા رضی اللہ عنہ એ ફર્માવ્યું, અલ્હમ્દુ લિલ્લાહ ! કે એણે મને એ હાલતમાં કટાર મારી જ્યારે હું ઝિક્રે હક્કમાં મશગૂલ હતો.

## ★ ગરમ ભઠ્ઠી પણ સળગાવી ન શકી ★

ફર્માવ્યું, એકવાર એક એવા બુઝુર્ગથી મુલાકાતનો મોકો મળ્યો જેનું દિલ નૂરે ખુદાવંદીથી મુનવ્વર હતું. જ્યારે તેમના પર ખાસ હાલત છવાતી તો ઝિક્રે હક્કમાં મશગૂલ થઈ જતા. એ જ મશગૂલિયતની (ઈસ્તેગરાકની) હાલતમાં ઉભા થતા, બજારમાં તશરીફ લાવતા અને ગરમ ભઠ્ઠીમાં જ્યારે આંગળી રાખવાથી તેના સળગી જવાનું યકીન થતું તેમાં બેસી જતા. અમુક સમય બાદ જ્યારે બહાર નીકળતા તો એવી રીતે નીકળતા કે તેમનો વાળ પણ વાંકો ન થતો. હઝરતે આ વિષય પૂર્ણ કર્યો અને મજલિસ બરખાસ્ત થઈ અને આપ ઘરમાં તશરીફ લઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

★ ★ ★

www.barkatekhwaja.net

تذکرتુલ અવલિયા

## હઝરત મુહમ્મદ સમાક رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

હપ્તો ૫૧

**ઓળખ** : આપ આબિદ ઝાહિદ હોવાની સાથોસાથ ઘણા જ મહાન વાઈઝ અને આમ તથા ખાસ લોકોમાં મક્બૂલ હતા. હઝરત મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہને આપના મવાઈઝે હસના (સરસ વાઅઝો)થી દિલમાં ખુશી થતી હતી. તદ્ ઉપરાંત ખલીફા હારૂન રશીદ પણ આપનો બેહદ પ્રશંસક હતો. એકવાર આપે ફર્માવ્યું કે હે હારૂન ! શરફે ઝોહદ (પરહેઝગારીની બુઝુર્ગી મળવી) એ સૌથી મહાન શરફ છે.

**હકીકત દર્શાવતાં ફર્માનો** : આપ ફર્માવ્યા કરતા હતા કે તવાઝોઅ (આજીજી, નમ્રતા)નો ભાવાર્થ એ છે કે બંદો પોતાને તુચ્છ (નીચ) ખયાલ કરે. પછી ફર્માવ્યું કે પાછલા સમયના લોકોનું દૃષ્ટાંત દવાની જેમ હતું જેનાથી લોકો શિફા હાંસલ કરતા હતા અને વર્તમાનકાળના લોકોનું દૃષ્ટાંત દર્દની જેમ છે જે તંદુરસ્ત લોકોને પણ બીમાર કરી આપે છે. ફર્માવ્યું કે એક તે દૌર હતો જ્યારે વાઈઝો વઅઝ કહેવાને એટલા પ્રમાણમાં કઠિન સમજતા હતા જેટલુ આજે ઈલ્મ પર અમલને મુશ્કેલ સમજવામાં આવે છે. અને જે રીતે આજના દૌરમાં ઉલમાની કમી છે એ જ પ્રમાણે તે દૌરમાં વાઈઝીનની કમી હતી.

હઝરત અહમદ હવારીથી રિવાયત છે કે જ્યારે હું બીમારીની હાલતમાં આપનો પેશાબ લઈને તબીબ (ડોક્ટર)ને ત્યાં પહોંચ્યો તો તે સંજોગોવસાત અગ્નિપૂજક હતો અને જ્યારે ત્યાંથી પરત થયો તો રસ્તામાં એક બુઝુર્ગે સવાલ કર્યો કે ક્યાંથી આવો છો ? અને જ્યારે પૂરો બનાવ વર્ણવ્યો તો તેમણે ફર્માવ્યું, અતિશય આશ્ચર્ય છે કે ખુદાનો મહબૂબ ખુદાના દુશ્મનથી મદદ હાંસલ કરે ! જેથી તમે તેમનાથી એવું કહી દો કે દર્દની જગાએ હાથ રાખીને આ દુઆ પઢી લો :

اَعُوْذُبِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ وَبِالْحَقِّ اَنْزَلْنَا وَبِالْحَقِّ نَزَلَ

(અઊઝુ બિલ્લાહિ મિનશ્શયતાનિર્રજીમ વ બિલ્હક્કિ અન્ઝલ્ના વ બિલ્હક્કિ નઝલ) જેથી પરત થતાં મેં આપને (હઝરત મુહમ્મદ સમાક رحمۃ اللہ علیہને) બનાવ વર્ણવ્યો તો આપે દુઆ પઢીને દમ કર્યો અને તુરત જ તંદુરસ્તી હાંસલ થઈ ગઈ. પછી આપે મને ફર્માવ્યું કે તે હઝરત ખિઝર علیہ السلام હતા.

સકરાતની હાલતમાં આપે ફર્માવ્યું કે, હે અલ્લાહ ! હું ગુનાહમાં પડવાના સમયે પણ તારા મહબૂબ બંદાઓને મહબૂબ રાખતો હતો જેથી એના બદલામાં મારી મગફેરત કરી આપ.

**શાદી** : જે વખતે આપને શાદી કરી લેવા વિશે અર્ઝ કરવામાં આવ્યું તો ફર્માવ્યું કે બે ઈબ્લીસોની મારામાં હિંમત નથી. વફાત બાદ લોકોએ જવાબમાં જ્યારે આપનાથી કૈફિયત પૂછી તો ફર્માવ્યું કે મગફિરત તો થઈ ગઈ પરંતું જે મર્તબો બીવી બચ્ચાંની તકલીફો સહન કરવાથી મળે છે તે ન મળી શક્યો.

## હઝરત મુહમ્મદ બિન અસ્લમ તૂસી رحمۃ اللہ علیہના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ** : આપ ઈબાદત તથા રિયાઝતમાં સમયના અજોડ હતા, અને સખ્તીની સાથે સુન્નત પર અમલ કરતા હોવાને કારણે આપને લિસાનુર્રસૂલનો ખિતાબ મળ્યો.

**હાલાત** : એકવાર આપ અલી ઈબ્ને મૂસાની

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

www.barkatekhwaja.net

સાથે ઊંટ પર સવાર હતા અને ઈસ્હાક બિન ઝાહિરિયા ઊંટની લગામ (નકેલ) પકડેલ હતા. અને એ હાલમાં આપ નીશાપુર પહોંચ્યા કે શરીર પર કંબલનો કુર્તો, માથા પર ઉનની ટોપી અને ખભા પર કિતાબોનો થેલો હતો. પરંતું આપની વઅઝો એટલા પ્રમાણમાં અસરકારક રહેતી હતી કે લગભગ પચાસ હજાર લોકો સીધા માર્ગે આવી ગયા. કેવળ એ જુર્મમાં કે આપે કુર્આનને મખ્લૂક ન કહ્યું તો પૂરા બે વરસો સુધી આપે જેલખાનાની મુસીબતો વેઠવી પડી. અને કેદખાનામાં આપનો એ નિયમ રહ્યો કે દરેક જુમ્આના ગુસલ કરીને કેદખાનાના દરવાજા સુધી પહોંચી જતા પરંતું જ્યારે દરવાજા પર આપને રોકી દેવામાં આવતા તો પરત થઈને અલ્લાહ તઆલાને અર્ઝ કરતા કે મેં તો મારી ફરજ પૂરી કરી આપી, તું જે ચાહે કર ! અને જે વખતે આપને છોડવામાં આવ્યા એ વખતે અબ્દુલ્લાહ ઈબ્ને ઝાહિદ નીશાપુરનો હાકિમ ત્યાં જ મુકીમ હતો, અને સર્વ લોકો સલામીના માટે હાજર થઈ રહ્યા હતા. અને જ્યારે દરબારીઓને તેણે પૂછયું કે હવે કોઈ નામી ગિરામી શખ્સિયત તો એવી બાકી નથી રહી જે સલામી માટે ન આવી હોય ?! લોકોએ જવાબ આપ્યો કે બે હસ્તીઓ અહમદ હર્બ અને મુહમ્મદ ઈબ્ને અસ્લમ દરબારમાં હાજર નથી થયા, કેમ કે એ બંનેવ ઘણા જ મહાન આલિમ તથા આબિદ છે અને બાદશાહને સલામ માટે કદી હાજર નથી થતા. જેથી તેણે કહ્યું કે અમે ખુદા તેમને સલામ કરવા જઈશું ? અને જ્યારે તે પ્રથમ અહમદ હર્બની પાસે પહોંચ્યો તો તેમણે ઈસ્તેગરાકી (યાદે ખુદામાં બીન) હાલતમાંથી માથુ ઉઠાવીને ફર્માવ્યું કે, હે અબ્દુલ્લાહ ! તમે ખૂબ જ ખૂબસૂરત છો પરંતું આ હુસ્ન તથા જવાનીને ખુદાની નાફર્માની પર કુર્બાન ન કરશો. પછી જ્યારે તે મુહમ્મદ ઈબ્ને અસ્લમની ચોખટ પર પહોંચ્યો તો જુમ્આના દિવસના કારણે તેમણે અંદર ન બોલાવ્યો. પરંતુ અબ્દુલ્લાહ ઈબ્ને ઝાહિર (બાદશાહ) પણ જુમ્આની નમાઝના સમય સુધી ઘોડા પર સવાર રહી આપની રાહ જોતો રહ્યો. અને જ્યારે આપ મકાનથી બહાર આવ્યા તો ઘોડા પરથી ઉતરીને તેણે કદમ બોસી કરતાં અર્ઝ કરી કે, હે અલ્લાહ ! હું કેમ કે ઘણો જ બુરો છું એટલા માટે તારો મહબૂબ પણ મારાથી દુશ્મની રાખે છે. પરંતું એ કેમ કે તારો મહબૂબ છે એટલા માટે હું પણ એને મેહબૂબ રાખુ છું અને એના તુફૈલમાં મારી મગફેરત ફર્માવી દે.

આપ તૂસી છોડીને નીશાપુર સ્થાયી થઈ ગયા હતા. અને જે મસ્જિદમાં ઈબાદત કરતા હતા તે મસ્જિદ સર્વ મસ્જિદો કરતાં મોતબર્રક ગણવામાં આવતી હતી. અને કેમ કે આપનો અધિકતર સમય તૂસીમાં જ ગુજર્યો એ જ નિસ્બતથી આપને તૂસી કહેવામાં આવે છે. આમ તો આપ અરબના રહેવાસી હતા.

કોઈ બુઝુર્ગે રોમમાં ખ્વાબ જોયો કે ઈબ્લીસ હવામાંથી જમીન પર પટકાઈ પડયો અને જમીન તેના બોજથી ધસવાની નજીક થઈ ગઈ. એ બુઝુર્ગે ઈબ્લીસને સવાલ કર્યો કે તારી આવી હાલત શા માટે થઈ ? તેણે જવાબ આપ્યો કે અત્યારે હઝરત મુહમ્મદ ઈબ્ને અસ્લમે વુઝૂ કરતાં ખોંખારો ખાધો તો હું કાંપી ઉઠીને ગબડી પડયો.

આપના મકાનની સામે જ નહેર વહેતી હતી પરંતું કેવળ એ ખયાલથી તેનું પાણી વાપરતા ન હતા કે આ નહેર આમ લોકોની મિલ્કત છે અને જ્યારે એ નહેર સૂકાઈ ગઈ તો કૂવેથી પાણી ખેંચી ખેંચીને આપે ખુદ તેને ભરી પરંતું કેવળ એક કૂઝો પાણી આપે એમાંથી વાપર્યું.

**કરામત જોઈને યહૂદી મુસલમાન થઈ ગયો** : આપ કરજ લઈને ગરીબોને આપ્યા કરતા હતા. જેમ કે એકવાર કોઈ યહૂદીએ પોતાનુ કરજ

www.barkatekhwaja.net

માગ્યું તો એ વખતે આપની પાસે આપવા માટે કાંઈ પણ ન હતું, પરંતું આપે એ જ વખતે આપના કલમનો છોલેલ ભૂકો હતો તેનો એક ટુકડો જમીન પરથી ઉઠાવીને યહૂદીને આપતાં કહ્યું કે, આ લઈ જાવ ! અને જ્યારે તેણે જોયું તો એ સોનુ બની ગયો હતો. જેથી યહૂદીને ખયાલ થયો કે જે ધર્મમાં આવા ખુદારશીદા બંદાઓ હોય તે ધર્મ કદી બાતિલ નથી હોઈ શકતો. આ ખયાલ સાથે તે યહૂદી તરત જ ઈમાન લઈ આવ્યો.

કોઈકે અબૂ અલી ફારમદીને વઅઝ દરમ્યાન એ સવાલ કર્યો કે તે ઉલમા જે હક઼ીક઼તમાં વારિસુલ અંબિયા હોય છે, એમાં કોણ કોણ હસ્તીઓ સામેલ છે ? આપે હઝરત મુહમ્મદ ઈબ્ને અસ્લમની તરફ ઈશારો કરતાં ફર્માવ્યું કે તેઓ આવા લોકો હોય છે.

**ઈન્તેકાલ** : જે વખતે નીશાપુરમાં આપ બીમાર પડયા તો આપના પડોશીએ ખ્વાબમાં જોયું કે આપ ફર્માવી રહ્યા છે, આજે હું ગમો તથા ચિંતાઓથી આઝાદ થઈ ગયો. અને જ્યારે જાગ્યા બાદ તઅબીર જાણવા માટે આપને ત્યાં પહોંચ્યો તો આપનો ઈન્તેકાલ થઈ ચૂક્યો હતો. અને આપના ઉપર એ જ કંબલ રાખી દેવામાં આવી હતી જે આપના વપરાશમાં રહેતી હતી, અને એ જ વખત રસ્તે ચાલતી બે સ્ત્રીઓ કહી રહી હતી કે અફસોસ ! આજે મુહમ્મદ ઈબ્ને અસ્લમ વિદાય થઈ ગયા, પરંતું દુનિયા તેમને કદી ધોકો ન આપી શકી, અને પોતાની સાથે પોતાના ફઝાઈલ તથા ખૂબીઓ પણ સાથે લઈને ચાલ્યા ગયા.

પેજ નં.૨૭નું ચાલુ.. લિખતે હૈં, અલ્લામા હામિદ આફન્દી عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانُ સે સવાલ કિયા ગયા : ક્યા બા'ઝ દિન મન્હૂસ યા મુબારક હોતે હૈં જો સફર ઔર દીગર કામ કી સલાહિયત નહીં રખતે ? તો ઉન્હોંને જવાબ દિયા કે, જો શખ્સ યે સવાલ કરે કે ક્યા બા'ઝ દિન મન્હૂસ હોતે હૈં ઉસકે જવાબ સે એઅ્રાઝ કિયા જાએ ઔર ઉસકે ફેઅ્લ કો જહાલત કહા જાએ ઔર ઉસકી મઝમ્મત બયાન કી જાએ, ઐસા સમજના યહૂદ કા તરીક઼ા હૈ, મુસલમાનોં કા શેવા નહીં હૈ જો અલ્લાહ તઆલા પર તવક્કુલ કરતે હૈં.

માહે સફર ભી દીગર મહીનોં કી તરહ એક મહીના હૈ, જિસ તરહ દૂસરે મહીને મેં રબ્બ ﷻ કે ફઝલો કરમ કી બારિશેં હોતી હૈં ઉસ મેં ભી હો સક્તે હૈં, ઉસે તો સફરુલ મુઝફ્ફર કહા જાતા હૈ યા'ની કામયાબી કા મહીના, યે ક્યૂંકર મન્હૂસ હો સક્તા હૈ ? અબ અગર કોઈ શખ્સ ઈસ મહીને મેં એહકામે શરઅ કા પાબંદ રહા, નેકિયાં કરતા ઔર ગુનાહોં સે બચતા રહા તો યે મહીના યક઼ીનન ઉસકે લિયે મુબારક હૈ ઔર અગર કિસી બદ્કારને યે મહીના ભી ગુનાહોં મેં ગુઝારા, જાઈઝ નાજાઈઝ ઔર હરામ હલાલ કા ખયાલ ન રખા તો ઉસકી બરબાદી કે લિયે ગુનાહોં કી નહૂસત હી કાફી હૈ. અબ માહે સફર હો યા કિસી ભી મહીને કા સેકન્ડ, મિનટ યા ઘંટા ! અગર ઉસે કોઈ મુસીબત પહોંચતી હૈ તો યે ઉસકી શામતે અઅ્માલ કા નતીજા હૈ." *(બદ્શુગૂની, સફહા : ૫૯, મક્તબતુલ્ મદીના, કરાચી)*

## ★ સિરાજુલ ફુક઼હાનું દયાદરામાં આગમન ★

**દયાદરા** : તા. ૩૦–૪–૨૦૨૩ રવિવાર અસર બાદ સુન્ની દા'વતે ઈસ્લામીના સુન્ની ઈજતેમામાં સિરાજુલ ફુક઼હા હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી (સદર મુફતી : જામિઆ અશરફિયા–મુબારકપુર) થકી "હજ્જ તથા કુર્બાની સંબંધી" મસાઈલ વિશે સવાલો જવાબની મેહફિલ થઈ હતી જેમાં હઝરતે સવાલોના ખૂબ સંતોષકારક જવાબો આપી ઈલ્મી રૂહાની ફયઝાન વડે હાજરજનોને નવાઝયા હતા.

*(રજૂ. તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

(ભાગ-૨)

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક** : **મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## હક્કોનુ બયાન

**મસ્અલા** : બે મજલાનુ મકાન છે. એનો નીચેનો ભાગ ખરીદ્યો તો ઉપરનો ભાગ સોદામાં ગણાશે નહીં, સિવાય કે તમામ હક્કો ફેરફાર કે વધારા ઘટાડા સાથે ખરીદ્યું હોય. *(હિદાયા)*

**મસ્અલા** : મકાનની ખરીદીમાં જાજરૂ (ભલે મકાનની બહારના ભાગે બનાવેલું હોય) અને કૂવો તેમજ સહનમાં જે ઝાડ હોય તે તથા આગળના ભાગનો બગીચો એ બધું સોદામાં (વેચાણમાં) ગણાશે. આ બધી ચીજોનો ઉલ્લેખ વેચાણ ખતમાં (દસ્તાવેજમાં) કરવાની જરૂર નથી. મકાનની બહારના ભાગે મકાનને અડીને નાનો સરખો બાગ હોય તો તેનો સમાવેશ સોદામાં ગણાશે અને મકાનથી મોટો કે મકાન જેટલો હોય તો એનો સમાવેશ સોદામાં થશે નહીં જ્યાં સુધી કે સોદામાં એના નામનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં ન આવે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : મકાનની સાથે બહારના ભાગે કોઈ વાર પતરાંનું છાપરું બનાવવામાં આવે છે જે બેઠક માટે કામમાં લેવાય છે. જો તમામ હક્કો ફેરફાર સાથે સોદો થયો હોય તો એનો સમાવેશ સોદામાં થશે, નહીંતર નહીં. *(હિદાયા)*

**મસ્અલા** : ખાસ રસ્તો, પાણીની નીક, ખેતરમાં પાણી આવવા માટેની નીક, પાણી આવવાનો ઘાટ આ બધી ચીજો ત્યારે જ દાખલ થશે જ્યારે કે તમામ હક્કો ફેરફાર સાથેનો સોદામાં ઉલ્લેખ થયો હોય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : એક મકાન ખરીદ્યું જેમાં જવા આવવાનો રસ્તો બીજા મકાનમાંથી નીકળે છે. બીજા મકાનવાળો ખરીદનારને જવા આવવાથી રોકે છે. આવી હાલતમાં વેચનારે એમ કહ્યું કે આ વેચેલા મકાનનો રસ્તો બીજા મકાનમાંથી નથી, તો ખરીદનારને રસ્તો મેળવવાનો કોઈ હક્ક નથી. અલબત્ત, એ એક એબ ગણાશે જેના કારણે તે પાછુ આપી શકશે. જો એની દિવાલો પર બીજા મકાનનાં લાકડાં મૂકેલા છે જો તે બીજું મકાન વેચનારનું હોય તો એને હુકમ દેવામાં આવે કે પોતાના લાકડાં ઉઠાવી લે અને જો બીજા કોઈનું મકાન છે તો એ મકાનની એક એબ કહેવાશે, ખરીદનારને પાછું આપવાનો હક્ક છે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : મકાન કે ખેતર ભાડેથી લીધું તો રસ્તો, પાણીની નીક, ઘાટ ઈજારામાં દાખલ ગણાશે. એટલે કે જો હક્કો ફેરફાર વગેરેનો ઉલ્લેખ ન કર્યો હોય તો પણ એનો ઉપયોગ કરી શકે છે. વકફ અને ગીરવીનો સમાવેશ ઈજારાના હુકમમાં થશે. *(હિદાયા, ફતહ)*

**મસ્અલા** : એક મકાનના બે ભાગીદારો હતા. પરસ્પર વહેંચણી કરવામાં આવી. એકના ભાગનો રસ્તો, પાણીની નીક બીજાના ભાગમાં થઈને જાય છે. જો વહેંચણી વખતે હક્કનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તો તો કોઈ વાંધો નથી પરંતુ જો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હોય તો બીજાને રસ્તો વગેરે મળશે નહીં. પાછળથી તે પોતાના ભાગમાંથી નવો રસ્તો,

www.barkatekhwaja.net

નીક વગેરે કાઢી શકતો હોય તો કાઢી લે તો વહેંચણી સહીહ ગણાશે, નહીંતર વહેંચણી ખોટી થયેલી ગણાશે એને રદ કરી દેવી જોઈએ, જ્યારે કે વહેંચણી વખતે રસ્તા વગેરેનો ખયાલ કરવામાં ન આવ્યો હોય. *(રદ્દુલ મુહ્તાર)*

## ઈસ્તિહક઼ાક઼ (હક્ક મેળવવા)નું બયાન

કોઈવાર એવું બને છે કે કોઈ ચીજ જાહેરમાં એક માણસની માલમ પડતી હોય છે, જ્યારે કે હકીકતમાં તે બીજાની હોય છે. એટલે કે બીજો માણસ એનો દાવેદાર હોય છે અને તે પોતાની માલિકી સાબિત કરી દે છે એને ઈસ્તિહક઼ાક઼ કહે છે.

**મસ્અલા** : ઈસ્તિહક઼ાક઼ના બે પ્રકાર છે : એક એ કે બીજાની માલિકીને બિલ્કુલ બાતિલ કરી દે એને મુબ્તિલ કહે છે. બીજો પ્રકાર એ કે એકના બદલે બીજાના નામ પર માલિકી ફેરવી દે એને નાકિલ કહે છે. મુબ્તિલનું દષ્ટાંત એટલે કે અસલી આઝાદીનો દાવો અર્થાત આ ગુલામ હતો જ નહીં અથવા અતકનો દાવો, મકાતિબ અથવા મુકબ્બિર હોવાનો દાવો. નાકિલનું દષ્ટાંત એ પ્રમાણે છે કે ઝેદએ બકર પર દાવો કર્યો કે આ ચીજ જે તમારી પાસે છે તે તમારી નથી, મારી છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ઈસ્તિહક઼ાક઼ના બીજા પ્રકાર માટે હુકમ એ છે કે જો તે ચીજ કોઈ સોદા (વેચાણ)થી લેનારને મળી છે તો ફકત માલિકી સાબિત કરી દેવાથી સોદો રદ થશે નહીં. કેમ કે તે ચીજ જરૂર સોદાને લાયક છે એટલે કે દાવેદારની ચીજ છે જેને બીજા દાવેદારને વેચી છે. જે વેચાણ દાવેદારની સજા પર મોકૂફ હોય તે ફુઝૂલી વેચાણ કહેવાશે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : હક઼દારના તરફે કાઝીએ ફેંસલો આપ્યો એનાથી વેચાણ (સોદો) રદ થશે નહીં. બની શકે છે કે હક઼દાર ખરીદનાર પાસેથી તે ચીજ ન લે, કિંમત વસૂલ કરી લે અથવા તો સોદો ફોક કરી દે. અને એ પણ બની શકે છે કે ખરીદનાર પોતે તે ચીજ વેચનારને પાછી આપી દે અને પૈસા પાછા લઈ લે તો સોદો રદ થયો ગણાશે. અથવા તો ખરીદનારે કાઝીને દરખાસ્ત કરી કે વેચનાર પર પૈસા પાછા આપવાનો હુકમ સાદર કરી દે. તેમણે હુકમ આપી દીધો અથવા તો એ બંને પોતે પોતાની રાજીખુશીથી સોદો ફોક કરે. *(ફત્હુલ ક઼દીર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : જ્યારે વસ્તુ હક઼દારની થઈ ગઈ તો ખરીદનારને વેચનાર પાસેથી કિંમત પાછી લેવાનો હક્ક પ્રાપ્ત થઈ ગયો. પરંતુ કોઈ વાર ખરીદનાર પોતાને વેચનાર પાસેથી કિંમત ત્યાં સુધી પાછી લઈ શકશે નહીં જ્યાં સુધી એના ખરીદનારે એની પાસેથી (કિંમત) પાછી ન લીધી હોય. દા.ત. પહેલો ખરીદનાર વેચનાર પાસેથી ત્યારે જ કિંમત લઈ શકશે જ્યારે બીજા ખરીદનારે એની પાસેથી (કિંમત) લીધી હોય. જો ખરીદનારે ખરીદી વખતે જો કોઈ જામીન લીધો હતો જેણે એમ કહયું હોય અને જામીનગીરી આપી હોય કે જો આ ચીજ બીજાની સાબિત થશે તો પૈસાનો હું જામિન છું. એ જામિન પાસેથી ખરીદનાર ત્યારે જ પૈસા વસૂલ કરી શકશે જ્યારે જમાનતની ખિલાફ ક઼ાઝીએ પાછી આપવાનો ફેંસલો કરી દીધો હોય. *(દર અજર)*

**મસ્અલા** : ઈસ્તિહક઼ાકે મુબ્તિલમાં વેચનારા અને ખરીદનારાઓની દરમિયાન જેટલા સોદાઓ થયા તે તમામ રદ થઈ જાય છે. ક઼ાઝી તે સોદાઓને રદ કરે તે જરૂરી નથી. દરેક વેચનાર પોતાને વેચનાર

www.barkatekhwaja.net

પાસેથી પૈસા પાછા લેવાનો હક઼દાર છે. એવું જરૂરી નથી કે જ્યારે ખરીદનાર એની પાસેથી લે (પાછી) તો એ પોતાને વેચનાર પાસેથી પાછી લે. અને એ પણ થઈ શકે છે કે દરેક માણસ જામિન પાસેથી વસૂલ કરી લે, ભલે જામિનગીરી પર પૈસા પાછા આપવાનો ફૈંસલો ન થયો હોય તો પણ. *(દુરર ગુરર)*

**મસ્અલા** : કોઈ મિલ્કત સંબંધી વક઼ફનો હુકમ થયો તો એ હુકમ તમામ લોકોને લાગુ નહીં પડે. એટલે કે મિલ્કત સંબંધી યા બીજા વક઼ફનો બીજો કોઈ માણસ દાવો કરે તો એ દાવો સાંભળવામાં આવશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : વેચનાર મરી ગયો છે એનો વારસદાર નથી અને ખરીદનાર પર (વિરૂધ્ધ) હક઼દારનો દાવો થયો તો ક઼ાઝી પોતે વેચનારને વસી (વસિયતદાર) નક્કી કરશે અને ખરીદનાર પાસેથી કિંમત પાછી લેશે. વેચનાર એમ કહે છે કે આ જાનવર મારા ઘરનું બચ્ચું છે, પરંતુ એને સાબિત ન કરી શક્યો અથવા તો એ સોદા (વેચાણ)નો જ ઈન્કાર કરે છે તો પણ ખરીદનાર કિંમત પાછી લઈ શકે છે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : સ્થળાંતર કરી શકે એવી મિલ્કત જેમ કે રૂપિયા, પૈસા, સાધનસામગ્રી વગેરેને વેચી દીધી. પછીથી એવો દાવો કરવામાં આવ્યો કે એ મિલ્કત વક઼ફ છે અને એના પુરાવા રૂપે ગવાહો રજૂ કરવામાં આવતા હોય તો ગવાહને સાંભળવામાં આવશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : મકાન ખરીદ્યું અને એમાં બાંધકામ કર્યું. ત્યાર બાદ બીજાએ એ મકાન પોતાનું છે એમ સાબિત કરી દીધું તો ખરીદનાર વેચનાર પાસેથી ફક્ત કિંમત (પોતે આપેલી) પાછી લઈ શકે છે. મકાન પાછળ કરેલો ખર્ચ લઈ શકતો નથી. એ રીતે ખરીદનારે મકાનની મરામત કરાવી હતી કે કૂવો ખોદાવ્યો કે તેને સાફ કરાવ્યો હતો તો આ બધી ચીજોનો ખર્ચ મળી શકશે નહીં અને જો દસ્તાવેજમાં એવી શરત લખી હતી કે જે કંઈ મરામતનો ખર્ચ થશે તે વેચનારના શિરે રહેશે તો એ વેચાણ જ ફાસિદ થઈ જશે. અને જો કૂવો ખોદાવ્યો કે ઈંટ, પથ્થરોથી ચણતર કરાવ્યું તો ખોદવાની કિંમત (ખર્ચ) નહીં મળે. ચણતરની કિંમત (ખર્ચ) મળશે અને જો એવી શરત હતી કે વેચનારના જિમ્મે ખોદાઈ રહેશે તો એ વેચાણ ફાસિદ છે. *(દુર્રે મુખ્તાર)*

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : **રૂા. ૫૦૦/–** *(ટપાલ/કુરીયર ખર્ચ રૂા.૧૦૦ અલગ)*

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફય્ઝાને રઝા મંઝિલ,
મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, ગુજરાત,
**મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૬૬૪૫ ૨૧૪૭૭**

| બેંકની વિગત | બેંક ઓફ બરોડા દયાદરા બ્રાન્ચ | A/c. No. 34620100000303, Razvi Kitab Ghar | IFSC Code : BARB0DAYADR | PhonePe Paytm/GPay Mo. 94274 64411 |
|---|---|---|---|---|

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય ❖❖❖ હપ્તો: ૦૮

"બહારે શરીઅત" (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **"ઈસ્લામી અખ્લાક઼ો આદાબ"** એ "બહારે શરીઅત"નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

**મસ્અલા ૩૧** : સોના, ચાંદીના બટનો ઝભ્ભા અથવા શેરવાનીમાં લગાડવા જાઈઝ છે જે રીતે રેશમની ગુંદી (ગોળ બટન) જાઈઝ છે. (દુર્રે મુખ્તાર) એટલે જ્યારે કે બટન ચેન વગરનું હોય, અને ચેનવાળુ બટન હોય તો તેનો ઉપયોગ નાજાઈઝ છે કે આ ચેન ઝવેરાતના હુકમમાં છે જેનો ઉપયોગ પુરૂષો માટે નાજાઈઝ છે.

**મસ્અલા ૩૨** : દુઃખતી આંખાના કારણે મોઢા પર કાળા રેશમનો નકાબ નાખવો જાઈઝ છે કે આ લાચારીનું કારણ છે. (દુર્રે મુખ્તાર) વર્તમાનકાળમાં રંગીન ચશ્મા વેચાય છે કે જે તાપ અને અજવાળાના સમયે લગાડવામાં આવે છે, આવા ચશ્મા હોય તો રેશમના ઉપયોગની જરૂરત નથી રહેતી.

**મસ્અલા ૩૩** : નાબાલિગ બાળકોને રેશમ પહેરાવવું હરામ છે અને ગુનોહ પહેરાવનાર પર છે. *(આલમગીરી)*

**મસ્અલા ૩૪** : કુસુમ અથવા ઝાફરાનથી રંગાયેલાં કપડાં પહેરવાં પુરૂષ માટે મના છે, ગાઢ રંગ હોય કે લાલ થઈ જાય અથવા હલકો હોય કે પીળો રહે બંનેવ એક જ હુકમમાં છે. સ્ત્રીઓ માટે બંનેવ જાતના રંગ જાઈઝ છે. આ બંનેવ રંગ સિવાય બીજા દરેક જાતના રંગ પીળો, લાલ, લાઈટ ગ્રીન, નારંગી કેસરી વગેરે પુરૂષ માટે પણ જાઈઝ છે. જો કે સારું એ છે કે લાલ રંગ અથવા ચમકદાર રંગનાં કપડાં પુરૂષો ન પહેરે ખાસ કરીને જે રંગોમાં સ્ત્રીપણુ હોય પુરૂષ તેને બિલકુલ ન પહેરે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર) અને આ મનાઈ કરવી રંગના કારણે નથી, બલ્કે સ્ત્રીઓના મળતાપણાના કારણે છે માટે એ નિશાની ન હોય તો મના પણ નથી. દા.ત. કેટલાક રંગ તે જાતના છે કે અમામો રંગી શકાય છે અને ઝભ્ભા લેંગાને જે રંગથી રંગવામાં આવે અથવા ચાદર રંગીને ઓઢે તો તેમાં ઔરતપણુ દેખાય આવે છે તો અમામાને જાઈઝ કહેવાશે અને બીજા કપડાંઓને મકરૂહ.

**મસ્અલા–૩૫** : જેના ત્યાં મૈયત થયું હોય તેણે દુઃખને જાહેર કરવા માટે કાળાં કપડાં પહેરવાં નાજાઈઝ છે. (આલમગીરી) કાળો બિલ્લો (પટ્ટી) લગાડવો પણ નાજાઈઝ છે કે સૌથી પહેલાં તો તે સોગની સ્થિતિમાં છે અને બીજુ એ કે નસારાનો તરીકો છે. મુહર્રમના દિવસો એટલે કે મુહર્રમની પહેલી તારીખથી બારમી તારીખ સુધી ત્રણ જાતના રંગ

પહેરવામાં ન આવે : (૧) કાળો કે રાફઝીઓનો તરીક઼ો છે. (૨) લીલા રંગનાં કપડાં કે આ મુબ્તદઈન એટલે કે તાઝીયાદારોનો તરીક઼ો છે. (૩) લાલ કપડાં કે આ ખારજીઓનો તરીક઼ો છે કે તે મઆઝલ્લાહ ! ખુશીઓને દર્શાવવા માટે પહેરે છે. *(આ'લા હઝરત رضی اللہ عنہ)*

**મસ્અલા–૩૬** : ઊન તથા વાળોવાળા કપડાં અંબિયાએ કિરામ علیہم السلام ની સુન્નત છે. સૌથી પહેલાં સુલેમાન علیہ السلام એ આ કપડાં પહેર્યાં. હદીષમાં છે, ઊનના કપડાં પહેરીને પોતાના દિલોને ઉજ્જવળ કરો કે આ દુનિયામાં બેઈજ્જતવાળાં છે અને આખેરતમાં નૂર છે. (આલમગીરી) અને સૌફ એટલે કે ઊનનાં કપડાં ઔલિયાએ કામેલીન અને બુઝુર્ગાને દીને પહેર્યાં અને તેમને સૂફી કહેવાનું આ પણ કારણ છે કે તે સૌફ એટલે કે ઊનનાં કપડાં પહેરતા હતા. જો કે તેમના શરીર પર કાળી કમલી રહેતી, પણ દિલ અન્વારે ઈલાહીનો ખજાનો અને અસીમ અસ્રારો (રહસ્યો)ની ખાણ હોતું. પરંતુ વર્તમાનકાળમાં ઊનનાં કપડાં ઘણી મોંઘી કિંમતમાં મળે છે અને તેની ગણતરી સારામાં સારાં કપડાંમાં થાય છે માટે આ વસ્તુઓ ફકીરો, ગરીબોને ક્યાં મળે ! તેમને તો અમીરો અને માલદારો ઉપયોગ કરે છે. ફુક઼હા અને હદીષનો હેતુ લગભગ તો મોંઘા ઊની કપડાથી પૂરો નહીં થાય, બલ્કે તે જ મામૂલી દેશી કમ્બલ જે ઓછી કિંમતનાં સમજવામાં આવે છે તેના વપરાશથી તે વાત પૂરી થશે.

**મસ્અલા–૩૭** : લેંગો પહેરવો સુન્નત છે, કારણ કે તેમાં ખૂબ વધારે સતરે ઔરત છે. (આલમગીરી) તેને સુન્નત એ અર્થમાં કહેવામાં આવેલ છે કે હુઝૂર ﷺ એ તેને પસંદ ફર્માવ્યું અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ પહેર્યો અને હુઝૂર ﷺ પોતે તો લુંગી પહેર્યા કરતા હતા, લેંગો પહેરવો સાબિત નથી.

**મસ્અલા–૩૮** : પુરૂષોએ એવો લેંગો પહેરવો કે તેની મોરી આગળના ભાગમાં પગની પીઠ પર રહેતી હોય તો મકરૂહ છે. કપડામાં ઈસબાલ એટલે કે એટલો નીચો ઝભ્ભો કુર્તો, લેંગો, લુંગી પહેરવું કે ટખના ઢંકાય જાય એ મના છે. આ કપડાં અડધી પિંડલીથી લઈને ઘૂંટી સુધી હોય એટલે કે ઘૂંટી ઢંકાય ન જાય. (આલમગીરી) **પરંતુ લેંગો અથવા લુંગી ઘણી ઊંચી પહેરવી આજકાલ વહાબીઓનો તરીકો છે, માટે એટલો ઊંચો પણ ન પહેરે કે જોનારાઓ વહાબી સમજે.** આ જમાનામાં અમુક લોકો લેંગો ઘણો નીચો પહેરવાનો ચાલુ કરી દીધો છે કે ઘૂંટી તો શું એડીઓ પણ છુપાય જાય છે ! હદીષમાં તેની કડકાઈથી મનાઈ ફર્માવવામાં આવી છે, અહીં સુધી ઈર્શાદ ફર્માવવામાં આવ્યું, ઘૂંટીથી જે નીચે હોય તે જહન્નમમાં છે. અને અમુક લોકો એટલા ઊંચા પહેરે છે કે ઘુંટણ પણ ખુલી જાય છે. જેને નીકર (ચડ્ડો) કહે છે, આ નસરાનીઓથી શિખ્યા છે, ઊંચું પહેરે છે તો ઘુંટણ ખૂલી જાય છે અને નીચુ પહેરે છે તો એડીઓ છુપાવી દે છે, ઈફરાત તથા તફરીત (એકદમ ઊંચુ કે એકદમ નીચુ)થી અલગ થઈને સુન્નત તરીકો નથી અપનાવતા. અમુક લોકો ચૂડીદાર લેંગો પહેરે છે તેમાં પણ ઘૂંટી છુપાય છે અને અંગનો પૂરો આકાર નજર આવે છે, સ્ત્રીઓએ ખાસ કરીને ચૂડીદાર લેંગી ન પહેરવી જોઈએ, **સ્ત્રીઓનો લેંગો ઢીલો ઢાલો હોય અને નીચો હોય કે પગ છુપાય જાય, તેમના માટે જ્યાં સુધી પગનો વધારે પડતો ભાગ છુપાય જાય સારું છે.** (હાલ જે ચુસ્ત સ્લેક્સ જે ચામડી સાથે ફીટ હોય છે તથા શોર્ટ ટોપ પહેરાય છે જેનાથી સીટ જાંગો સ્પષ્ટ દેખાતી હોય છે એ જાઈઝ નથી. –પ્રકાશક)

**મસ્અલા–૩૯** : જાડા કપડાં પહેરવા અને જૂના થઈ જાય તો થીંગડું લગાડીને પહેરવું ઈસ્લામી તરીક઼ો છે. *(આલમગીરી)* (પણ ફેશનમાં ફાટેલુ

www.barkatekhwaja.net

થીંગડાવાળુ પહેરવું જાઈઝ નથી)

હદીષમાં ફર્માવ્યું છે કે, જ્યાં સુધી થીંગડુ લગાડીને પહેરી ન લો, કપડાને જૂનું ન સમજો. (સુનને તિર્મિઝી) અને બહુ પાતળા કપડાં ન પહેરો જેનાથી શરીરની ઝલક દેખાય આવે. ખાસ કરીને લુંગી કે જો એ પાતળી છે તો સતરે ઔરત ન થઈ શકશે. આ જમાનામાં એક બલા એ પણ પૈદા થઈ ગઈ છે કે સાડીની લુંગી પહેરે છે જેનાથી બિલકુલ સતરે ઔરત થતી નથી અને તેને પહેરીને અમુક લોકો નમાઝ પણ પઢે છે, તેમની નમાઝ પણ નથી થતી. સતરે ઔરત નમાઝમાં ફર્ઝ છે. કેટલાક લોકો લેંગો અને લુંગીની જગાએ ધોતી બાંધે છે, ધોતી બાંધવી હિંદુઓનો તરીકો છે અને તેનાથી સતરે ઔરત પણ નથી થતી. ચાલવામાં જાંઘનો પાછળનો ભાગ ખુલી જાય છે અને દેખાય છે.

**મસ્અલા–૪૦** : સદ્‌લ એટલે કે માથા પર અથવા ખભા પર કપડુ નાખીને તેના કિનારા લટકાવી રાખવા નમાઝમાં મકરૂહ છે જેનું બયાન થઈ ચૂક્યું. પરંતુ નમાઝમાં ન હોય તો મકરૂહ છે કે નથી, તેની વિગત એ છે કે જો ઝભ્ભો અથવા લેંગો કે લુંગી પહેરેલી છે અને ચાદરને માથા અથવા ખભા પર લટકાવી તો મકરૂહ નથી અને જો ઝભ્ભો નથી પહેરેલો તો સદ્‌લ મકરૂહ છે. *(આલમગીરી)*

**મસ્અલા–૪૧** : પોસ્તીન (ચામડાનો કોટ કે કુર્તો) પહેરવો જાઈઝ છે. બુઝુર્ગાને દીન ઉલમાએ મશાઈખે પહેરેલ છે. જે જાનવર હલાલ નથી જો તેને ઝબહ કરી લીધેલ હોય અથવા તેના ચામડાની દબાગત કરી લીધી હોય, પકવી લીધેલ હોય તેની પોસ્તીન પણ પહેરી શકાય છે અને તેની ટોપી પણ પહેરી શકાય છે. દા.ત. શિયાળની પોસ્તીન અથવા સુમુર (એક જાનવરનું નામ)ની પોસ્તીન કે બિલાડીની શક્કલની જેમ એક જાનવર છે જેની પોસ્તીન બનાવવામાં આવે છે આ જ રીતે સન્જાબની પોસ્તીન, આ મોટા ઉંદરની શક્કલનું જાનવર છે. *(આલમગીરી)*

**મસ્અલા–૪૨** : ફાડી ખાનાર પ્રાણીઓ વાઘ, ચિત્તો.... વગેરેની પોસ્તીન (ચામડાનો કોટ)માં પણ વાંધો નથી તેને પહેરી શકાય છે, તેના પર નમાઝ પઢી શકાય છે. (આલમગીરી) પરંતુ બચવું અફઝલ છે. હદીષમાં ચિત્તાના ચામડા પર સવાર થવાની મનાઈ આવી છે.

**મસ્અલા–૪૩** : નાક, મોઢું લૂછવા માટે રૂમાલ રાખવું અથવા વુઝૂ પછી મોઢું લૂછવા માટે રૂમાલ રાખવો જાઈઝ છે. આ જ રીતે પરસવો લૂછવા માટે રૂમાલ રાખવો જાઈઝ છે અને ઘમંડ માટે હોય તો મના છે. *(આલમગીરી)*

## અમામાનું બયાન

અમામો બાંધવો સુન્નત છે, ખાસ કરીને નમાઝમાં કે જે નમાઝ અમામાની સાથે પઢવામાં આવે છે તેનો સવાબ ઘણો વધારે છે. અમામાના સંબંધથી કેટલીક હદીષો પહેલાં રજૂ કરવામાં આવેલી છે.

**મસ્અલા–૧** : અમામો બાંધો તો તેનો શિમ્લો પીઠ પર બંનેવ ખભાની વચ્ચે લટકાવવો. શિમ્લો કેટલો હોવો જોઈએ તેમાં વિવાદ છે. વધારેમાં વધારે તેટલો હોય કે બેસવામાં તે દબાય નહીં. (આલમગીરી) અને અમુક શિમ્લાને ઉપર લાવીને અમામામાં ખોસી દે છે, આવું પણ કરવું ન જોઈએ ખાસ કરીને નમાઝની હાલતમાં આવું હોય તો નમાઝ મકરૂહ થશે.

**મસ્અલા–૨** : અમામાને જ્યારે ફરીથી બાંધવો હોય તો તેને ઉતારીને જમીન પર ફેંકી ન દે બલ્કે જે રીતે લપેટેલું છે તે જ રીતે ઉતારવામાં આવે. *(આલમગીરી)*

**મસ્અલા–૩** : ટોપી પહેરવી ખુદ હુઝૂર ﷺથી સાબિત છે. (આલમગીરી) પરંતુ હુઝૂર ﷺ અમામો

www.barkatekhwaja.net

પણ બાંધતા હતા એટલે કે અમામાની નીચે ટોપી હોતી. અને ફર્માવ્યું, આપણામાં અને તેમનામાં ફરક ટોપી પર ઈમામો બાંધવાનો છે. એટલે કે આપણે બંનેવ વસ્તુ રાખીએ છીએ અને તે લોકો કેવળ અમામો બાંધે છે, તેના નીચે ટોપી નથી રાખતા. માટે અહીંયાં કાફિર પણ જો પાઘડી બાંધે છે તો તેના નીચે ટોપી નથી પહેરતા. અમુક લોકોએ હદીષનો અર્થ બયાન કર્યો કે કેવળ ટોપી પહેરવી મુશ્રિકોનો તરીકો છે, પરંતુ આ કથન સાચુ નથી. કારણ કે અરબના મુશ્રિકો પણ અમામો બાંધતા હતા.

મિર્કાત શરહે મિશ્કાતમાં હુઝૂરે અક્દસ ﷺનો નાનો અમામા શરીફ સાત હાથનો અને મોટો અમામા શરીફ બાર હાથનો હતો. બસ, આ સુન્નતના પ્રમાણે અમામો રાખે, તેનાથી વધારે મોટો ન રાખે. અમુક લોકો ઘણા મોટા અમામા બાંધે છે, આવું ન કરે કે સુન્નત વિરુદ્ધ છે. મારવાડના વિસ્તારમાં ઘણા લોકો પાઘડી બાંધે છે તે બહુ ઓછી પહોળી હોય છે અને ચાલીસ પચાસ ગજ લાંબી હોય છે, આ રીતની પાઘડીઓ મુસલમાન ન બાંધે.

## ★ વિવિધ મસાઈલ ★

બુઝુર્ગાને દીન, અવલિયા વ સાલેહીનના પાક મઝારો પર ગિલાફ ચઢાવવો જાઈઝ છે જ્યારે કે તેનો હેતુ એવો હોય કે સાહિબે મઝારની ઈજ્જત લોકોની નજરમાં પૈદા થાય, તેમનો અદબ કરે, તેમનાથી બરકતો હાંસલ કરે. (રદુલ મુહતાર) યાદશક્તિ માટે એટલે કે આ કારણથી કે વાત યાદ રહે અમુક લોકો રૂમાલ અથવા પટ્ટામાં ગાંઠ મારે છે અથવા કોઈ જગાએ આંગળી વગેરે પર દોરો બાંધે છે આ જાઈઝ છે, અને કારણ વગર દોરો બાંધવો મકરૂહ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા–૪** : ગળામાં તાવીઝ લટકાવવું જાઈઝ છે જ્યારે કે તે તાવીઝ જાઈઝ હોય એટલે કે કુર્આનની આયતો અથવા અલ્લાહ તબારક વ તઆલાના નામ અને દુઆથી તાવીઝ બનાવેલું હોય. અને અમુક હદીષોમાં જે મનાઈ આવેલી તેનાથી મુરાદ તે તાવીઝો છે જે નાજાઈઝ શબ્દો ધરાવતાં હોય, જે જાહિલિયતના જમાનામાં લખવામાં આવેલાં હોય છે. આ જ રીતે તાવીઝો અને આયતો, હદીષો અને દુઆને રકાબીમાં લખીને બીમારને શિફાની નિય્યતથી પીવડાવવું પણ જાઈઝ છે. નાપાક, હૈઝવાળી, નિફાસવાળી પણ તાવીઝોને ગળામાં પહેરી શકે છે, હાથો પર બાંધી શકે છે જ્યારે કે ગિલાફમાં હોય.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા–૫** : પાથરણા અથવા મુસલ્લા પર કાંઈક લખેલ હોય તો તેનો ઉપયોગ કરવો નાજાઈઝ છે. આ લખાણ તેની બનાવટમાં હોય અથવા કાઢવામાં આવી હોય અથવા રોશનાઈ (શાહી)થી લખેલ હોય ભલે એ એક એક શબ્દ લખેલ હોય, કારણ કે એક એક શબ્દોનો પણ એહતેરામ છે. આવા દસ્તરખાનોને ઉપયોગમાં લાવવાં, તેમના પર ખાવાનું ખાવું ન જોઈએ, અને અમુક લોકો તકીયા પર શાયરીઓ લખતા હોય છે તેમનો પણ ઉપયોગ ન કરવો જોઈએ.

**મસ્અલા–૬** : અમુક ખેડૂતો પોતાના ખેતરોમાં કપડુ લપેટીને કોઈ લાકડી પર લગાડી દે છે તેનો હેતુ ખરાબ નજરથી ખેતરને બચાવવાનો હોય છે. કારણ કે જોનારની નજર પહેલાં તેના પર પડશે તેના પછી ખેતી પર પડશે અને આ પરિસ્થિતિમાં ખેતીને નજર નહીં લાગે, આવું કરવું નાજાઈઝ નથી, કારણ કે નજરનું લાગવુ સાચુ છે, હદીષોથી સાબિત છે જેથી તેનો ઈન્કાર નથી કરી શકતા. હદીષમાં છે કે જ્યારે પોતાની અથવા મુસલામન ભાઈની વસ્તુને જુએ અને પસંદ આવે તો બરકતની દુઆ કરે : تَبَارَكَ اللّٰهُ અને ઉર્દૂમાં આવુ કહે કે, "અલ્લાહ બરકત આપે." આ રીતે કહેવાથી નજર નહીં લાગે. *(રદ્દુલ મુહ્તાર)*

www.barkateKhwaja.net

# અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

(નજમી દારુલ ઇફતા-આમોદ)

હપ્તો : ૨૩

**૦૬. ક્યા બીવીકી ઈજાઝત સે મેહર કે પૈસે શોહર ઈસ્તિઅ્માલ કર સકતા હૈ ?**

ઈસ મેં કોઈ શક નહીં કે મેહર ઓરતકા હક્ક ઔર ઉસકી મિલ્કિયત હૈ. વોહ જૈસે ચાહે ઉસકા ઈસ્તિઅ્માલ કર સકતી હૈ લેકિન હમારે યહાં બા'ઝ લોગો મેં યે ગલત ફેહમી પાઈ જાતી હૈ કે અગર ઓરત અપની મર્ઝી સે મેહર કી રકમ શોહર કો ઈસ્તિઅ્માલ કરને કે લિયે દે તો ઉસકે લિયે ઉસ રકમ કા ઈસ્તિઅ્માલ જાઈઝ નહીં, ક્યૂં કે યે મેહરકી રકમ હૈ. ઔર સમજા યે જાતા હૈ કે શોહર કે લિયે મેહર કી રકમ કા ઈસ્તિઅ્માલ કિસી સૂરત મેં જાઈઝ નહીં, હાલા કે શરઈ તોર પર ઐસા કોઈ મસ્અલા નહીં. અગર ઓરત અપની મર્ઝી સે મેહર કી રકમ દેતી હૈ તો શોહર કે લિયે ઈસ્તિઅ્માલ કરના બિલ્કુલ જાઈઝ હૈ, જૈસા કે "કુર્આને મજીદ" મેં હૈ :

وَاٰتُوا النِّسَآءَ صَدُقٰتِهِنَّ نِحْلَةً ۚ فَاِنْ طِبْنَ لَكُمْ عَنْ شَیْءٍ مِّنْهُ نَفْسًا فَكُلُوْهُ هَنِیْٓــًٔا مَّرِیْٓــًٔا

તજુર્મા : ઔર ઓરતોં કો ઉનકે મેહર સે દો ફિર અગર વોહ ખુશદિલી સે મેહર મેં સે તુમ્હેં કુછ દે દેં તો ઉસે પાકીઝા ખૂશગવાર (સમજ કર) ખાઓ.

*(સૂ. નિસાઅ, ૪/૪)*

"તફસીરે ખાઝિન" સફહા : ૩૪૪ પર ઈસ આયત કે માતેહત જો હૈ ઉસકા ખુલાસા યે હૈ :–

"ઈસ આયત મેં અલ્લાહ તઆલાને શોહરોં કો હુકમ દિયા કે વોહ અપની બીવિયોં કો ઉનકે મહેર ખુશીસે અદા કરેં ફિર અગર ઉનકી બીવિયાં ખુશ દિલી સે અપને મેહર મેં સે ઉન્હેં કુછ તોહફે કે તોર પર દે દેં તો વોહ ઉસે પાકીઝા ઔર ખુશગવાર સમજ કર ખાએં, ઉસ મેં ઉનકા કોઈ દુનિયવી યા ઉખ્રવી નુકસાન નહીં હૈ."

**૦૭. શાદી કી તારીખ ફિક્સ હોને કે બાદ કિસી કી મૈયત મેં જાના કૈસા હૈ ?**

કુછ અવામુન્નાસ મેં યે ગલતફેહમી પાઈ જાતી હૈ કે શાદી કી તારીખ ફિક્સ હોને કે બાદ કિસી કી મૈયત મેં જાના બુરા હૈ, ઈસ સે શાદી મેં નુકસાન વાકેઅ હોતા હૈ, યે સોચ બિલ્કુલ ગલત હૈ, ઈસ્લામ કી તઅલીમાત કે બિલ્કુલ ખિલાફ હૈ. ઈસ્લામને કિસી ભી ચીઝ સે બદ્ શુગની ઔર બદ્ફાલી લેનેસે સખ્તી સે મના કિયા હૈ, જૈસા કે હદીષ પાક મેં હૈ :–

لَيْسَ مِنَّا مَنْ تَطَيَّرَ وَلَا تُطُيِّرَ لَهُ

તર્જુમા : જિસને બદ્શુગૂની લી ઔર જિસ કે લિયે બદ્શુગૂની લી ગઈ વોહ હમ મેં સે નહીં હૈ. (યા'ની હમારે તરીકે પર નહીં હૈ)

લિહાઝા શાદી કી તારીખ ફિક્સ હોને કે બાદ ભી કિસી કી મૈયત મેં જાના ન સિર્ફ જાઈઝ હૈ બલ્કે મુસ્તહબો બેહતર હૈ ઔર અચ્છી નિય્યત કે સાથ જાને મેં બહોતસા ષવાબ ભી હૈ.

**૦૮. કુછ મહીનોં કો જૈસે સફર ઔર કુછ તારીખોં કો શાદી કરને કે લિયે મન્હૂસ સમજના કૈસા ?**

અવામ મેં સે બહોત સે લોગોં કો દેખા ગયા હૈ કે વોહ કુછ મહીનોં કો જૈસે સફર વગૈરા ઔર કુછ તારીખોં કો જૈસે તીન, તેરા, તેઈસ, અઠારા વગૈરા કો શાદી કરને ઔર કિસી અચ્છે કામ કી શુરૂઆત

➸ અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી (સદર મજલિસે કઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)



www.barkatekhwaja.net

કરને કે લિયે મન્હૂસ સમજતે હૈં ઔર તસવ્વુર કરતે હૈં કે ઈનમેં શાદી કરેંગે યા કિસી અચ્છે કામ કી ઈબ્તિદા કરેંગે તો કુછ ન કુછ નુકસાન હોગા, યે સોચ સરાસર ગલત હૈ. ઈસ્લામ મેં કોઈ વક્ત, કોઈ દિન, કોઈ મહીના મન્હૂસ નહીં.

''બદ શુગૂની'' નામી કિતાબ મેં હૈ :–

નહૂસત કે વહમી તસવ્વુરાત કે શિકાર લોગ માહે સફર કો મુસીબતોં ઔર આફતોં કે ઉતરને કા મહીના સમજતે હૈં, ખુસૂસન ઉસકી ઈબ્તિદાઈ તેરા તારીખેં જિન્હેં ''તેરા તેઝી'' કહા જાતા હૈ બહોત મન્હૂસ તસવ્વુર કી જાતી હૈં. વહમી લોગોં કા યે ઝેહન બના હોતા હૈ કે સફર કે મહીને મેં નયા કારોબાર શુરૂઅ નહીં કરના ચાહિયે નુકસાન કા ખતરા હૈ, સફર કરને સે બચના ચાહિયે એકસીડન્ટ કા અંદેશા હૈ, શાદિયાં ન કરેં, બચ્ચિયોં કી રૂખ્સતી ન કરેં ઘર બર્બાદ હોને કા ઈમ્કાન હૈ, ઐસે લોગ બળા કારોબારી લેન દેન નહીં કરતે, ઘરસે બાહર આમદો રકત મેં કમી કર દેતે હૈં, ઈસ ગુમાન કે સાથ કે આફાત નાઝિલ હો રહી હૈં, અપને ઘર કે એક એક બરતન કો ઔર સામાન કો ખૂબ જાળતે હૈં, ઈસી તરહ અગર કિસી કે ઘર મેં ઈસ માહમેં મય્યિત હો જાએ તો ઉસે મન્હૂસ સમજતે હૈં ઔર અગર ઉસ ઘરાને મેં અપને લળકે યા લળકી કી નિસ્બત તેય હૂઈ હો તો ઉસ કો તોળ દેતે હૈં. તેરા તેઝી કે ઉનવાન સે સુફેદ ચને કી નિયાઝ ભી દી જાતી હૈ. નિયાઝ ફાતિહા કરના મુસ્તહબ વ બાઈષે ષવાબ હૈ ઔર હર તરહ કે રિઝ્કે હલાલ પર હર માહ કી હર તારીખ કો દી જા સકતી હૈ, લેકિન યે સમજના કે અગર તેરા તેઝી કી ફાતિહા ન દી ઔર સુફેદ ચને પકા કર તકસીમ ન કિયે તો ઘર કે કમાનેવાલે અફરાદ કા રોઝગાર મુતઅષ્ષિર હોગા, યે બે બુન્યાદ ખયાલાત હૈં.

દોરે જાહિલિયત મેં ભી માહે સફર કે બારે મેં લોગ ઈસી ક઼િસ્મ કે વહમી ખયાલત રખા કરતે થે કે ઈસ મહીને મેં મુસીબતેં ઔર આફતેં બહોત હોતી હૈં, ચુનાં ચે વોહ લોગ માહે સફર કે આને કો મનહૂસ ખયાલ કિયા કરતે થે.

હમારે મદની આક઼ા ﷺને સફરુલ મુઝફ્ફર કે બારે મેં વહમી ખયાલાત કો બાતિલ ક઼રાર દેતે હૂએ ફર્માયા : لَا صَفَرَ '' સફર કુછ નહીં.''

મુહક્કિ઼ક઼ે અલલ્ઈત્લાક઼ હઝરત અલ્લામા મૌલાના શાહ અબ્દુલહક્ક઼ મુહદ્દિષે દહેલ્વી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ ઈસ હદીષ કી શરહ મેં લિખતે હૈં, અવામ સફર કે મહીને કો બલાઓં, હાદષોં ઔર આફતોં કે નાઝિલ હોને કા વક઼ત ક઼રાર દેતે હૈં, યે અક઼ીદા બાતિલ હૈ ઈસ કી કોઈ હક઼ીક઼ીત નહીં હૈ.

સદરુશ્શરીઆ બદરુત્તરીક઼ા હઝરત અલ્લામા મૌલાના મુફ્તી મુહમ્મદ અમજદ અલી અ'અ્ઝમી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ લિખતે હૈં : માહે સફર કો લોગ મન્હૂસ જાનતે હૈં, ઉસ મેં શાદી બિયાહ નહીં કરતે, લળકિયોં કો રૂખ્સત નહીં કરતે ઔર ભી ઈસ ક઼િસ્મ કે કામ કરને સે પરહેઝ કરતે હૈં ઔર સફર કરને સે ગુરેઝ કરતે હૈં, ખુસૂસન માહે સફર કી ઈબ્તિદાઈ તેરા (૧૩) તારીખેં બહોત ઝયાદા નહૂસતવાલી માની જાતી હૈં ઔર ઉનકો તેરા તેઝી કેહતે હૈં, યે સબ જહાલત કી બાતેં હૈં. હદીષ મેં ફર્માયા કે ''સફર કોઈ ચીઝ નહીં'' યા'ની લોગોં કા ઉસે મન્હૂસ સમજના ગલત હૈ. ઈસી તરહ ઝી ક઼અ્દા કે મહીને કો ભી બહોત લોગ બુરા જાનતે હૈં ઔર ઉસકો ખાલી કા મહીના કેહતે હૈં, યે ભી ગલત હૈ ઔર હર બાર મેં ૩,૧૩, ૨૩, ૮, ૧૮, ૨૮ તારીખ કો મન્હૂસ જાનતે હૈં યે ભી લગ્વ ઔર બેકાર બાત હૈ.

અલ્લામા સૈયદ મુહ઼મ્મદ અમીન બિન ઉમર બિન અબ્દુલઅઝીઝ શામી رحمۃ اللہ علیہ વધુ પેજ ૧૮ પર...

## ઈસ્લામના મુજદ્દિદો વિશે વર્ણન

### પ્રથમ સદીના મુજદ્દિદ ૨

# હઝરત અબૂ સઈદ હસન બિન યસાર બસરી رحمۃ اللہ علیہ

(હિ.સ. ૨૧ થી ૧૧૦)

(કાર્યાલય)

★ **નામ** : **હસન બસરી** *(વફયાતુલ અઅ્યાન, અહમદ બિન મુહમ્મદ ખલ્કાન, ૨/૫૬, દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત, ૧૯૯૮, પ્રથમ આવૃત્તિ)*

**કુન્નિયત** : અમુક ઉલમાએ અબૂ મુહમ્મદ અને અમુકે અબૂ સઈદ બતાવ્યા છે. (કશફુલ મહજૂબ, હઝરત દાતા ગંજબખ્શ, અનુવાદક : મુફ્તી ગુલામ મુઈનુદ્દીન નઈમી રઝવી કિતાબ ઘર, ૧૯૮૮) કશફૂલ મહજૂબના કર્તાએ અબૂ અલી વર્ણવેલ છે.

*(હવાલો : (વફયાતુલ અઅ્યાન, અહમદ બિન મુહમ્મદ ખલ્કાન, ૨/૫૬, દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત, ૧૯૯૮, પ્રથમ આવૃત્તિ, પેજ–૧૩૭)*

**પિતા** : હઝરત હસનના પિતાનું નામ યસાર અને કુન્નિયત અબુલ હસન છે. આપ હઝરત ઝયદ બિન ષાબિત અન્સારી رضی اللہ عنہના આઝાદ કરેલા ગુલામ છે. *(વફયાતુલ અઅ્યાન, પેજ–૬૫)*

**વંશવેલો** : અબૂ સઈદ હસન ઈબ્ને અબુલ હસન યસાર મૌલા ઝયદ ઈબ્ને ષાબિત અન્સારી رضی اللہ عنہ. *(વફયાતુલ અઅ્યાન, પેજ–૫૬૬)*

**જન્મ મુબારક** : આપનો જન્મ મદીનામાં હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہની વફાતના બે સાલ પહેલાં થયો. *(તહઝીબુત્તહઝીબ, અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની, ૨/૨૪૬, તબ્કાતુલ કુબરા લિઈબ્ને સઅદ, ૭/૧૧૪)*

વફયાતમાં વર્ણન છે કે હજ્જાજે હઝરત હસનથી પૂછ્યું, આપની ઉમર કેટલી ? આપે જવાબ આપ્યો કે હું હઝરત ઉમર رضی اللہ عنہની વફાતથી બે વરસ પહેલાં પેદા થયો. *(વફયાતુલ અઅ્યાન, પેજ–૫૭)*

હઝરત ઉમર رضی اللہ عنہની વફાત ૧ મુહર્રમ હિ.સ. ૨૪માં થઈ. *(સીરતે ખલફાએ રાશિદીન, મૌલના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી, પેજ–૬૨, મજલિસે બરકાત)*

અલ્લામા ઝરકલીએ અઅ્લામમાં આપનો જન્મ ૨૧ હિજરી વર્ણવેલ છે. *(અઅ્લામ, ખૈરુદ્દીન ઝરકલી, ૨/૨૨૬, નાશિર : દારુલ ઈલ્મ લિલ્ મલાય્યીન, બૈરૂત, ૨૦૦૪)*

જેથી ઉપરોક્ત રિવાયતો અને ખુદ હસન બસરીના ફર્માનથી એ વાતની સ્પષ્ટતા થાય છે કે આપનો જન્મ હિ.સ. ૨૧ના આખરી કે હિ.સ. ૨૨ની શરૂમાં થયો. અલ્બત્ત "તઝકેરતુલ અવલિયા"ના સંપાદકે રિસાલતકાળમાં આપની વિલાદત (જન્મ)નો ઉલ્લેખ કર્યો છે. *(તઝકેરતુલ અવલિયા, પેજ–૧૪)*

**ખાનદાની બેકગ્રાઉન્ડ** : આપ અગ્રગણ્ય તાબઈનમાંથી છે. *(મિર્અતુલ અસ્રાર)*

વફયાતના કર્તાએ આપને સાદાતે તાબઈન (પેજ–૫૬) અને અલ્લામા ઝહબીએ સૈયદુત્તાબઈન (તાબઈનના સરદાર) કહ્યા છે.

*(મીઝાનુલ એઅતેદાલ, ૧/૫૨૧)*

આપના પિતા હઝરત યસાર હિજરતના ૧૨મા વરસે હઝરત અબૂ બક્ર સિદીક رضی اللہ عنہના દસ્તે મુબારક પર ઈમાન લાવ્યા. *(મિર્અતુલ અસ્રાર, પેજ–૨૩૦)*

હઝરત ઝયદ ઈબ્ને ષાબિત અન્સારીના આઝાદ કરેલ ગુલામ હતા. જ્યારે હઝરત હસનનો જન્મ થયો તો આપના પિતા આપને લઈને બારગાહે ફારૂકીમાં તશરીફ લઈ ગયા. હઝરત ઉમરે ફર્માવ્યું, એનું નામ હસન રાખવામાં આવે કે તે ખૂબ જ સુંદર ચહેરાવાળા છે. આપના મા ખૈરા ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા

www.barkatekhwaja.net

رضی اللہ عنہاની કનીઝ હતાં. *(મીઝાનુલ એઅતેદાલ, ૧/૫૨૧)*

**ખિલાફત** : મોટાભાગની કિતાબોમાં લખ્યું છે કે આપ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ના ખલીફા હતા. આપે હઝરત હસન બિન અલી તથા કુમૈલ ઝિયાદ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَથી પણ ફયઝ હાંસલ કર્યા. *(મીઝાનુલ એઅતેદાલ, ૧/૫૨૧)*

**તાલીમ** : આમ તો આપ એક ગુલામના પુત્ર હતા પણ આપે ઈસ્લામી સમાનતા પર આધારિત એ રૂહાની માહોલમાં ઉછેર પામ્યો જ્યાં માલિક તથા ગુલામનો ફરક ન હતો. કેમ કે આપનાં વાલિદા હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاના કનીઝ હતાં એટલા માટે આપને હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاની સાથોસાથ અન્ય ઉમ્મહાતુલ મો'મિનીન رضی اللہ تعالیٰ عنہنથી પણ ફયઝ ઉઠાવવાનો મોકો મળ્યો.

દૂધ પીવાના સમયે જ્યારે આપનાં વાલિદા કોઈ કામ અર્થે બહાર જતાં અથવા ઘરની અંદર કોઈ કામમાં વ્યસ્ત હોતાં અને હઝરત હસન રડવા લાગતા તો હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا આપને ગોદમાં લઈ લેતાં અને દૂધ પીવડાવતાં. *(અત્તબકાતુલ કુબરા, પેજ–૧૧૪, વફઆતુલ અઅ્યાન, પેજ–૫૬, મિર્આતુલ અસ્રાર, પેજ–૨૩૦)*

**ઈમામ નવવી ફર્માવે છે** : હઝરત હસન رحمۃ اللہ علیہમાં જે અસામાન્ય ફસાહત (ઉમદા વાણી) તથા હિકમતો જોવા મળતી હતી તે સૌ આ એ જ મુકદ્દસ દૂધ પીવાના તુફૈલમાં હતી.

*(મુશાહિરે હદીષ, પેજ–૩૬૯)*

હઝરત હસન رحمۃ اللہ علیہએ જાહેરી તથા બાતિની ઈલ્મો અને ઝોહદ તથા વરઅના માટે પોતાના દિલ તથા દૃષ્ટિ અને દિમાગ તથા ચિંતનને સજાવ્યું હતું. જેમ કે સમજદારી આવતાં જ મદીનતુર્રસૂલમાં રહેતા ઈલ્મો દાનિશવાળાઓથી ઈલ્મ પ્રાપ્તિનો ક્રમ શરૂ કરી આપ્યો. પોતાની ખુદાદાદ સલાહિયત (ક્ષમતા) અને યાદશક્તિ તથા ગ્રહણશક્તિ થકી બાર વરસની ઉમરમાં આપે કુર્આન પાક હિફ્ઝ કરી લીધું. આપે ઈલ્મ પ્રાપ્તિ અને જેહાદ ફી સબીલિલ્લાહને પોતાના માટે લાઝિમ કરી લીધાં. આપ ઈલ્મના પ્યાસા તાલિબે ઈલ્મની જેમ ઈલ્મના ઉસ્તાદોના ઈલ્મના દરિયાથી તૃપ્ત થયા કરતા હતા. કેમ કે એ જમાનો અસ્હાબે રસૂલ અને તાબઈને એઝામનો હતો એટલા માટે આપે પોતાના દામનને ઈલ્મે લાઝવાલ (નષ્ટ ન થનાર ઈલ્મ) અને અવસાફે બાકમાલ (કમાલની ખૂબીઓ)થી ભરપુર છલોછલ (લબરેઝ) કરી લીધા હતા. આપના કેટલાક મહત્વના ઉસ્તાદોનાં નામ આ પ્રમાણે છે :

હઝરત ઉષ્માન, હઝરત અલી, હઝરત અબૂ મૂસા, હઝરત અબૂ બકરહ, હઝરત ઈબ્ને ઉમર, હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત ઈબ્ને અમ્ર ઈબ્ને અબી આસ, હઝરત મુઆવિયા, હઝરત મઅકલ બિન યસાર, હઝરત અનસ, હઝરત જાબિર વગેરે رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ એમના સિવાય અન્ય પણ ઘણા સહાબા તથા તાબઈન આપના ઉસ્તાદો છે.

*(તહઝીબુત્તહઝીબ, પેજ–૨૪૬)*

હઝરત હસને કુર્આન, હદીષ, તફસીર, ફિક્હ, અને તસવ્વુફમાં જે કમાલનો મર્તબો હાંસલ કર્યો હતો તેનો સ્વીકાર ઉમ્મતના અગ્રગણ્ય ઉલમા અને ઈતિહાસકારોએ કર્યો છે. નીચેના લખાણમાં અમુક અગ્રગણ્ય બુઝુર્ગોના પ્રતિભાવો લખવામાં આવે છે :

**સુલૈમાન તમીમી** : હઝરત હસન બસરાવાસીઓના શયખ હતા.

*(તહઝીબુત્તહઝીબ, પેજ–૨૪૮)*

**અમ્મારા** : મેં હસન સિવાય કોઈને નથી જોયો જેનો અમલ તેના કૌલના પ્રમાણે હોય.

*(તબકાતુલ કુબરા, પેજ–૧૩૧)*

**ઈબ્ને સઅદ** : હસન કામિલ આલિમ, ઉચ્ચ મર્તબાવાળા, ફક્રીહ, વિશ્વસનીય, નેક આદતવાળા આબિદ, ઝાહિદ, અઢળક ઈલ્મવાળા, ફસીહ (ઉમદા સ્પીચવાળા), ખૂબ સૂરત અને સુંદર દેખાવવાળા હતા.

*(તહઝીબુત્તહઝીબ, પેજ–૨૪૮)*

હઝરત હસન તે સર્વ ખૂબીઓ તથા કમાલો ધરાવતા હતા જે તે યુગના ખાસ સંજોગોમાં હક્કની દાવતને અસરકારક અંદાઝમાં પેશ કરવા માટે જરૂરી હતા. આપ જાહેરી તથા બાતિની ઈલ્મોના સંગમ હોવાની સાથોસાથ અતિશય સુંદર દેખાવવાળા અને હસીન પણ હતા. એક તરફ આપ પોતાની ઈલ્મી શખ્સિયતના કારણે હક્કના તલબગારોના અકીદતનું કેન્દ્ર હતા અને બીજી બાજુ સમાજ સુધારણા તથા દીની દાવતના લીડર તથા માર્ગદર્શક હતા. એક અનુભવી ડોક્ટરની જેમ સંજોગોની દુ:ખતી નસને જોઈને બીમારીને તરત ઓળખી લેતા અને રૂહાની ઈલાજના માટે કીમીયાઈ નુસ્ખો તેયાર કરતા.

હઝરત હસન رحمۃ اللہ علیہ પોતાના ઈલ્મો ફઝ્લ, ઝોહદો વરઅ, તક્વા તથા તહારત, બુલંદ હિંમતી અને તફક્કુહ (ફિક્હી જ્ઞાન)ના એતબારથી ચમકતો સિતારો હતા. કુર્આન, હદીષ, તફસીર, ફિક્હ અને તસવ્વુફમાં તેમને ઉચ્ચ મક્રામ હાંસલ હતો. લોકો પોતાના મસાઈલ લઈને આપની બારગાહમાં આવતા, આપ કુર્આન તથા હદીષની રોશનીમાં તેમને તસલ્લીબખ્શ જવાબ એનાયત કરતા. આપ લોકોની ભીડથી બેઝાર ન થતા બલ્કે ખુશ થતા અને દરેક હાલતમાં ઈલ્મના પ્યાસાઓને તૃપ્ત કરતા.

**હદીષ** : હદીષની વિદ્યા (ફન)માં હઝરત હસન رحمۃ اللہ علیہને તરી આવતુ સ્થાન હાંસલ હતું. આપ થકી અગણિત હદીષો રિવાયત પામેલી છે. હદીષમાં આપના કમાલના મર્તબાનો અંદાજો આપના જલીલુલ કદર ઉસ્તાઝો થકી લગાડી શકાય છે જેમના થકી આપે શોખ તથા ઉમંગભેર ઈલ્મે દીન શીખ્યો હતો. આપની રિવાયતોના અનુસંધાનમાં ઉલમાનાં મંતવ્યો આ પ્રમાણે છે :

**ઈબ્નુલ મદીની** : હઝરત હસનના મુરાસલાત (પત્રો)ને જ્યારે ષિક્હ હઝરાત તેમનાથી રિવાયત કરે તો સહીહ છે. ખૂબ જ ઓછા આપનાથી સાકિત છે. *(તહઝીબુત્તહઝીબ, પેજ–૨૪૮)*

**અબૂઝરઆ** : દરેક તે વાત જેના બારામાં હઝરત હસન (કાલ રસૂલુલ્લાહ) કહેતા, મેં તેની અસ્લ સાબિત પામી, સિવાય ચાર હદીષોના.

*(તહઝીબુત્તહઝીબ, પેજ–૨૪૮)*

**ઈબ્ને સઅદ** : આપ બીજા તબકાના રાવી છે.

*(તબકાતુલ કુબરા, પેજ–૧૧૪)*

આ ઉપરાંત અન્ય પણ અસંખ્ય ઉલમાના કથનો છે જેમને વિસ્તારપૂર્વક વર્ણનોમાં જોઈ શકાય છે.

**તસવ્વુફ** : આપનુ અસલ તજદીદી મેદાન તસવ્વુફ છે. જે દૌરમાં લોકો કુર્આન તથા હદીષમાં મશગૂલ હતા એ વખતે આપે એમાં મશગૂલિયતની સાથોસાથ તસવ્વુફની શમ્અ રોશન કરી અને તેના નૂરને ચો તરફ ફેલાવ્યું. આપ મઅરેફતના સમંદરના તરવૈયા હતા. મઅરેફતની અસલ તાલીમાત આપે હઝરત અલી رضی اللہ عنہથી હાંસલ કરી અને મોટાભાગના સિલસિલાઓ આપના જ વાસ્તાથી હઝરત અલી رضی اللہ عنہ સુધી પહોંચે છે. આપના પર તસવ્વુફનો રંગ એટલા પ્રમાણમાં છવાયેલો હતો કે આપને કદી હસતા જોવામાં નથી આવ્યા. ''તઝકેરતુલ અવલિયા''માં લખેલુ છે કે હઝરત હસનની સાથે એક એવો બનાવ ઉપસ્થિત થયો જેના કારણે આપે કસમ ખાધી કે જિંદગીભર હસીશ નહીં ! અને દુનિયાથી બેઝાર થઈને આખેરતની ફિકરમાં ગોશાનશીની અપનાવી લીધી.

www.barkatekhwaja.net

*(તઝકેરતુલ અવલિયા, પેજ–૧૫)* મશહૂર છે કે આપ **વરસો સુધી દરેક સમયે બાવુઝૂ રહ્યા.** એક બુઝુર્ગથી કોઈકે પૂછયું કે હસન બસરી رحمۃ اللہ علیہ અમારાથી અફઝલ શાથી છે ? તેમણે જવાબ આપ્યો, હસનના ઈલ્મની દરેક વ્યક્તિને જરૂરત છે અને તેને અલ્લાહ સિવાય કોઈની હાજત નથી. *(તઝકેરતુલ અવલિયા, પેજ–૧૫)*

ઈબ્રાહીમ ઈબ્ને ઈસા લશકરી ફર્માવે છે : મેં હસનથી વધુ કોઈને ગમગીન નથી જોયો. *(હિલ્યતુલ અવલિયા, ૨/૧૩૩)*

અલ્કમા ઈબ્ને મરષદ ફર્માવે છે : ઝોહદ તથા તક્વો આઠ તાબઈન પર જઈને કિનારે પહોંચી ગયો. એમનામાંથી એક હસન બસરી પણ છે. મેં હસનથી વધુ ગમગીન કોઈને નથી જોયો. *(તઝકેરતુલ અવલિયા, પેજ–૨/૧૩૩)*

આપ આખી જિંદગી વઅઝ તથા નસીહત થકી લોકોને દુનિયાથી નિર્મોહ કરતા અને આખેરત પ્રતિ આકર્ષિત કરતા રહ્યા. તસવ્વુફના ઈતિહાસમાં આપના વઅઝો ઘણુ જ મહત્વ ધરાવે છે. કેટલીક નસીહતો જોઈ લો :

આપ ફર્માવે છે : મો'મિન સવાર સાંજ ગમગીન હોય છે, એના સિવાય એની પાસે કોઈ અન્ય માર્ગ નથી, કેમ કે તે બે ખૌફ અપાવનારી ચીજો દરમિયાન ઘેરાયેલો છે, એક તો પાછલા ગુનાહ જેના બારામાં નથી જાણતો કે અલ્લાહ તઆલા શું મામલો કરશે. બીજુ બાકીની મુદ્દત જેના બારામાં તેને ખબર નથી કે કઈ મુસીબત આવી પડશે. *(તઝકેરતુલ અવલિયા, પેજ–૧૩૨)*

તેમજ ફર્માવે છે : હે આદમની ઔલાદ ! ખુદાની કસમ ! જો તમે કુર્આન પઢીને તેની સર્વ વાતો પર અમલ કર્યો તો જરૂર દુનિયામાં તમારો ગમ લાંબો, ખૌફ સખત અને ગિર્યાઓ ઝારી (રૂદન) ખૂબ જ વધારે હશે. *(તઝકેરતુલ અવલિયા, પેજ–૧૩૩,૧૩૪)*

**ફિત્નએ એઅ્તેઝાલ (મોઅતઝલાનો ફિત્નો)** : હઝરત ઉષ્માન رضی اللہ عنہના કત્લથી ઈસ્લામના ગુલિસ્તાનમાં જે હંગામો પેદા થયો તેણે પોતાની પાછળ ઘણા બધા ગુમરાહ ફિર્કાઓને જન્મ આપ્યો જેઓ હમેશાં મુસલમાનોના ઈમાન પર છાપો મારવાની નિરર્થક કોશિશમાં લાગેલા રહેતા, પણ ઈસ્લામના મુજાહિદો તેમનો મુકાબલો કરીને તેમને તેમના અંજામ પર પહોંચાડી આપતા. સારાંશ કે રસૂલુલ્લાહ ﷺના ફર્માન પ્રમાણે ફિર્કા જન્મ લેતા રહ્યા અને ભાવિમાં પેદા થતા રહેશે અને પોતાના નિત નવા અકીદાઓના કારણે ઈસ્લામના ઈતિહાસમાં નોંધાતા રહેશે. એ જ ગુમરાહ ફિર્કાઓમાંથી એક ફિર્કો "એઅ્તેઝાલ"નો છે જેનું વજૂદ હઝરત હસન બસરીના જમાનામાં કાંઈક આ પ્રમાણે થયું :

એક શખ્સે હઝરત હસન رحمۃ اللہ علیہની બારગાહમાં હાજર થઈને સવાલ પૂછયો કે હુઝૂરેવાલા ! અમારા જમાનામાં કેટલાક લોકો છે જેઓ કબીરા ગુનામાં પડનારને કાફિર ઠરાવે છે, અમુક તે છે જેઓ કહે છે કે ઈમાનની સાથે ગુનોહ નુકસાનકર્તા નથી જેવી રીતે ઈતાઅત (આજ્ઞાપાલન) ઈમાન વિના લાભદાયી નથી. જેથી હવે આપ ફર્માવો કે અમે ગુનાહે કબીરા કરનારાને મો'મિન કહીએ કે કાફિર ?

હજી હઝરત હસન رحمۃ اللہ علیہ જવાબ પર વિચારણા કરી રહ્યા હતા એવામાં વાસિલ ઈબ્ને અતા (મોઅતઝલા ફિર્કાનો સ્થાપક) જે હઝરતની મજલિસમાં દર્સ લેતો હતો તે ઉભો થયો અને મસ્જિદના થાંભલાથી ટેકો લગાડીને એકદમ બોલી પડયો કે ગુનાહે કબીરા કરનારો ન મુસલમાન છે ન કાફિર. અને એવું પણ કહ્યું કે ગુનાહે કબીરામાં પડનારો જો તૌબા કર્યા વિના મરી ગયો તો તે જહન્નમાં દાખલ થશે, અલ્બત્ત તેનો અઝાબ કાફિરોના અઝાબ

www.barkatekhwaja.net

કરતાં ઓછો હશે. અને એ ફત્વો આપવા લાગ્યો કે ગુનાહે કબીરા કરનાર ઈમાન તથા કુફ્રના વચ્ચેના દરજામાં હશે.

જ્યારે હઝરત હસને તેના ગુમરાહ કરનારા અકીદા સાંભળ્યા તો ફર્માવ્યું, : قداعتزل عنا واصل "વાસિલ આપણાથી અલગ થઈ ગયો." અને તેની ગુમરાહિયતના કારણે તેને પોતાની મજલિસથી હાંકી કાઢયો. એ જ સમયથી વાસિલ અને તેના અનુયાયીઓ "મોઅ્તઝલા"ના નામથી મશહૂર થયા. *(હદૂષુલ ફિતન ફી અઅ્યાતિસ્સુનન, મુહમ્મદ અહમદ મિસ્બાહી, પેજ–૬, અલમજમઉલ ઈસ્લામી, મુબારકપુર, આઝમગઢ)*

**આપની કિતાબો** : હઝરત હસનની કૃતિઓના બારામાં અલ્લાહ ઝરકલીએ એક કિતાબનું વર્ણન કર્યું છે જે આપે "ફઝાઈલે મક્કા"માં લખી. (અલ અઅ્લામ, પેજ–૨૨૬) અલબત્ત અન્ય સિયર (જીવનચરિત્ર)ની કિતાબોમાં આપના મક્તૂબાત (પત્રો)નો ઉલ્લેખ જોવા મળે છે જે આપે વિવિધ પ્રસંગોએ અમીરો તથા સુલ્તાનોને મોકલ્યા હતા. એક પત્રનો અમુક ભાગ રજૂ કરીએ છીએ જે આપે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہના પત્રના જવાબમાં લખ્યો :

હું (ઉમર બિન અબ્દુલ અઝીઝ) આ મામલા (ખિલાફતના)માં સપડાય ગયો છું, જેથી આપ મારા માટે કાંઈક મદદગાર નિયુક્ત કરી આપો જે મારી આ મામલામાં મદદ કરે.

હઝરત હસન رحمۃ اللہ علیہએ જવાબ આપ્યો : રહ્યા દુનિયવી લોકો તો આપ તેમને નથી ચાહતા અને રહ્યા આખેરતની ફિકર કરનારા તો તેઓ આપને નથી ચાહતા. જેથી فاستعن باللہ "અલ્લાહથી મદદ તલબ કરો." *(તઝકેરતુલ અવલિયા, પેજ–૨૨૬)*

**વફાત** : જ્યારે આપની વફાતનો સમય નજીક આવ્યો તો આપ હસવા લાગ્યા, જ્યારે કે પૂરી જિંદગી આપને કોઈએ હસતા જોયા ન હતા. અને આવુ કહેતાં કહેતાં જાન જાને આફરીંને સુપરત કરી આપી કે કયો ગુનોહ ?! એક બુઝુર્ગે આપને ખ્વાબમાં જોઈને પૂછયું કે આપ સકરાતના સમયે શા માટે હસી રહ્યા હતા ? ફર્માવ્યું, મેં એક અવાજ સાંભળ્યો કે હે મલકુલ મૌત ! જો જે એનો હજી એક ગુનોહ બાકી છે. મને એ વાત પર હસવું આવી ગયું. મેં પૂછયું, કયો ગુનોહ ?!

*(તઝકેરતુલ અવલિયા, પેજ–૨૩૩)*

બસરા શહેરમાં જુમેરાતની રાતે આપની વફાત થઈ અને જુમ્આના દિવસે જુમ્આની નમાઝ બાદ જનાઝાની નમાઝ પઢવામાં આવી. *(વફયાતુલ અઅ્યાન, પેજ–૫૮)*

ઈબ્ને અલૈહ અને સર્રી ઈબ્ને યહ્યાએ કહ્યું, આપની વફાત હિ.સ. ૧૧૦માં થઈ. ઈબ્ને અલૈહે એના પર "રજબ" (હિ.૧૧૦) નો વધારો કર્યો છે. *(તહઝીબુત્તહઝીબ, પેજ–૨૪૮)*

આપના સાહબઝાદા અબ્દુલ્લાહે કહ્યું : વફાતના સમયે આપની ઉમર ૮૮ વરસની હતી.

*(તહઝીબુત્તહઝીબ, પેજ–૨૪૮)* નૂરલ્લાહ મર્કદહૂ.

✧ ✧ ✧


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧



# ઈમ્તિનાએ નઝીર એટલે હુઝૂર ﷺ ના જેવા પેદા થવું અશક્ય છે

હપ્તો ત્રીજો


અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર દારુલ ઈફતા જામિઆ અશરફિયા–મુબારકપુર)

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી


## ★ વહાબીની બીજી નકલી દલીલ અને તેનો જવાબ ★

અલ્લાહ તઆલાએ પોતાના કલામમાં વિવિધ જગાએ મખ્લૂક઼ાતના મૌજૂદ હોવાથી તેમના અમ્ષાલ (ના જેવાના સર્જન) માટે પોતાની કુદરતના મુહીત પર (કુદરત હેઠળ હોવા પર) દલીલ પેશ કરી છે. જેમ કે ઘણી આયતોમાં જમીનને જીવંત કરવા, વરસાદ મોકલવાથી, મુડદાંઓને જીવંત કરવા સંબંધે દલીલો પેશ કરી છે. દા.ત. ઈર્શાદ ફર્માવ્યો,

وَالَّذِیْ نَزَّلَ مِنَ السَّمَآءِ مَآءًۢ بِقَدَرٍ ۚ فَاَنْشَرْنَا بِهٖ بَلْدَةً مَّیْتًا ۚ كَذٰلِكَ تُخْرَجُوْنَ ﴿۱۱﴾

''અને જેણે આસ્માનથી પાણી ઉતાર્યું એક અંદાઝાથી, તો અમે એનાથી એક મુર્દા શહેર જીવંત કરી આપ્યું. એ જ પ્રમાણે તમને કાઢવામાં આવશે.

(સૂ. ઝુખ્રૂફ, ૪૩/૧૧)

બાપના વિના હઝરત આદમ علیہ السلام ને પેદા કરવાથી બાપના વિના હઝરત ઈસા علیہ السلام ને પેદા કરવાની શક્યતાઓ પર દલીલ રજૂ કરી :

اِنَّ مَثَلَ عِیْسٰی عِنْدَ اللّٰهِ كَمَثَلِ اٰدَمَ ؕ خَلَقَهٗ مِنْ تُرَابٍ ثُمَّ قَالَ لَهٗ كُنْ فَیَكُوْنُ ﴿۵۹﴾

''ઈસાની કહાવત અલ્લાહની નજીક આદમની જેમ છે. તેને માટીથી બનાવ્યો પછી ફર્માવ્યું ''થઈ જા !'' તો તરત થઈ ગયો. *(સૂ. આલે ઈમરાન, ૩/૫૯)*

સારાંશ એ કે દલીલ રજૂ કરવાનો આ અંદાઝ કુર્આને પાકમાં આમ (સમાન્ય) છે. એના આધારે નબી ﷺ નું વજૂદ ખુદ દલીલ બનશે એ બાબતની કે અલ્લાહની કુદરત માટે શક્ય છે. જાણો કે આ સ્થિતિમાં દલીલનો ક્રમ આ મુજબ થશે કે :

જો નબી ﷺ નું અસ્તિત્વ (વજૂદ) અલ્લાહની કુદરત હેઠળ સામેલ છે તો આપના મિષ્લ (ના જેવા)નું વજૂદ પણ અલ્લાહની કુદરત હેઠળ સામેલ થશે, અને નબી ﷺ નું વજૂદ અલ્લાહની કુદરત હેઠળ સામેલ છે જેથી આના મિષ્લ (ના જેવા)નું વજૂદ પણ કુદરતે ઈલાહીના હેઠળ સામેલ થશે.

કેમ કે કુર્આને પાકના ઈર્શાદ પ્રમાણે કુદરત હેઠળ સામેલ હોવા અથવા સામેલ ન હોવામાં બે સમાન ચીજોનો હુકમ એક હોય છે. *(આ હતી વહાબીની દલીલ)*

## ★ વહાબીની દલીલનો જવાબ ★

આ શંકા પણ વહેમથી અધિક નથી. કેમ કે સિફતો (ગુણો) બે પ્રકારના છે : **(૧)** જેમની ભાગીદારી બે ચીજો વચ્ચે શક્ય હોય અને તે ભાગીદારીથી બાધરૂપ ન હોય. દા.ત. જેમ કે બાપના વિના પેદા થવું કે બે વ્યક્તિઓમાં ભાગીદારી હોવામાં બાધરૂપ નથી. હઝરત આદમ علیہ السلام નું આ વસ્ફ (ખૂબી, ગુણ)માં મૌસૂફ (પ્રશંસિત) હોવું, એ હઝરત ઈસા علیہ السلام ના આ વસ્ફ (ખૂબી)થી મૌસૂફ (પ્રશંસિત) હોવાની વિરુધ્ધ નથી કેમ કે વિના બાપથી એક શખ્સના પેદા થવાથી લાઝિમ નથી થતું કે બીજા શખ્સનું એ ખૂબીથી (પ્રશંસિત) હોવું અસ્વીકૃત થઈ જાય. એ રીતે જમીન જિંદગી પાત્ર હોવાથી એ લાઝિમ નથી થતું કે મુડદાંઓનું એ ખૂબીથી પ્રશંસિત થવું અસ્વીકૃત થઈ જાય. **(૨)** જેમની ભાગીદારી બે ચીજોમાં શક્ય ન હોય, દા.ત. ''સર્વ અંબિયાનું ખાતિમ હોવું'' કે એક શખ્સનું એની સાથે પ્રશંસિત થવું એ

વાત માટે લાઝિમ છે કે બીજો શખ્સ એ વાતથી પ્રશંસિત ન થાય. (એટલે કે એક શખ્સ ખાતમુલ અંબિયા હોય તો બીજો ખાતમુલ અંબિયા થશે નહીં.)

જેથી જો કોઈ એક ખૂબીથી પ્રશંસિત થયો અને ખૂબી પ્રથમ પ્રકારથી હોય તો તે ચીજનું વજૂદ તેના મિષ્લ (ના જેવા) હોવાની દલીલ થઈ શકે છે, અને એ જ કુર્આને પાકનો મતલબ છે. અને જો ખૂબી (વસ્ફ) બીજા પ્રકારથી હોય તો તેના પ્રશંસિતનું વજૂદ એ ખૂબીમાં સમાન ખૂબીવાળાના વજૂદના શક્ય હોવા પર દલીલ નથી થઈ શકતુ, કેમ કે એ શખ્સનું એ ખૂબીથી પ્રશંસિત (મૌસૂફ) હોવું દલીલ પૂરી પાડે છે કે એ ખૂબીમાં એ શખ્સનું વજૂદ હોવું અસંભવ છે, નહીં તો એ ખૂબી ભાગીદારી માટે શક્ય થઈ જશે. અને એ કલ્પના બહારનું છે.

હુઝૂર ﷺના મૌજૂદ હોવાની સ્થિતિમાં સર્વ કમાલોમાં આપના સમાન હોવા સંબંધે આ કહેનાર (ઈ. દહેલ્વી)ની દલીલ કરવું આ સ્થિતિમાં ધ્યાનને પાત્ર થઈ શક્તુ હતું કે એ કહેનાર પ્રથમ સાબિત કરતો કે હુઝૂર ﷺની સારા ગુણો (ખૂબીઓ)વાળી જાતની સર્વ કામિલ ખૂબીઓ પ્રથમ પ્રકારથી છે અને ભાગીદારી માટે શક્ય છે, આ જ આ મસ્અલાનો પાયો છે. હક્ક઼ આવી ગયું અને બાતિલ ચાલ્યુ ગયું. બેશક ! બાતિલ જનાર છે. *(તહક઼ીક઼ુલ ફતાવા ફી ઈબ્તાલિત્તગવા, મુતર્જિમ, પેજ–૧૭૦ થી ૧૭૫ અલ મજમઉલ ઈસ્લામી, મુબારકપુર)*

સરકાર ﷺના ઈમ્તેનાએ નઝીર (હુઝૂર ﷺના જેવા પેદા થવું અશક્ય)નો આ મસ્અલો "ખત્મે નબુવ્વતના અક઼ીદા" માટે અનિવાર્ય (લાઝિમ) છે અને "ખત્મે નબુવ્વત" એ મુસ્લિમ ઉમ્મતનો ઈજમાઈ અક઼ીદો છે જેની સનદ આયતે કરીમા وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ (હા ! અલ્લાહના રસૂલ છે અને સૌ નબીઓમાં પાછલા. સૂ. અહઝાબ, ૩૩/૪૦) અને મુતવાતિર હદીષો

• أنا العاقبُ الذي ليس بعده نبيٌّ • أنا خاتم النبيين
لا نبيَّ بعدي • انقطعت النّبوة • ذهبتِ النّبوة

વગેરે છે જે ખત્મે નબુવ્વતની ચર્ચામાં વિસ્તારપૂર્વક વર્ણન થઈ ચૂકી છે, જેથી આ પ્રકરણની હદીષો માટે એ જ ચર્ચા જોઈ લેવી જોઈએ.

## ★ અતિશ્યોક્તિથી બચો ★

અમે પાછલાં પૃષ્ઠોમાં ધોળા દિવસની જેમ સ્પષ્ટ કરી ચૂક્યા છીએ કે વહાબી તથા અહલે સુન્નત વ જમાઅતની વચ્ચે મતભેદ તથા ટકરાવ કેવળ એ ખૂબીઓના બારામાં છે જેમાં ભાગીદારી અશક્ય છે, બીજા શબ્દોમાં એ કે, **"હુઝૂર સૈયદે આલમ ﷺની સાથે જે ખૂબીઓ ખાસ છે એનામાં કોઈ આપનો શરીક નથી થઈ શકતો."**

અને એ સિફતો (ખૂબીઓ) જેમાં ભાગીદારી શક્ય છે કે એમાં અન્ય લોકો ભાગીદાર હોય શકે છે, બલ્કે ભાગીદાર છે. એ ખૂબીઓમાં આપના જેવો હોવું અશક્ય નથી, બલ્કે શક્ય તથા છે. **કેટલાક વહાબીઓએ એવી જ સિફતોના વિશે અમુક ઉલમા તથા સૂફીઓની વાતો પરથી "ઈમ્કાને નઝીર" (હુઝૂરના જેવા થવું શક્ય હોવા)ની સાબિતી લીધી છે જ્યારે કે આ ખૂબીઓ (સિફતો)માં "ઈમ્કાને નઝીર" (હુઝૂર ﷺના જેવા હોવા)ને માનનારા અમે અહલે સુન્નત વ જમાઅત પણ છીએ. પછી એવા કોઈ ક઼ૌલ (કથન) વડે સનદ લેવી એ અસ્થાને બલ્કે અતિશ્યોક્તિ છે.**

## ★ "ફતાવાએ રઝવિય્યહ"ના એક લખાણથી સમર્થન ★

અમે અહીં એનું એક દૃષ્ટાંત ફતાવા રઝવિય્યહથી રજૂ કરીએ છીએ. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہને સવાલ થયો કે, "હુઝૂર ﷺના જેવો શક્ય છે કે અશક્ય ? વહાબીઓના એક સમીક્ષકે તેની શક્યતા પર એક ભારે દલીલ ખૂબ જ દાવા સાથે લખી છે કે એ એવી દલીલ છે કે જેને જોયા પછી આમ લોકો તથા ખાસ લોકો, સમજદાર તથા કમ સમજ કોઈએ ઈન્કાર કરવાની શક્યતા બાકી રહેશે નહીં. તે દલીલ આ છે :



www.barkatekhwaja.net

ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہ તફસીરે કબીરમાં આયત : وَلَوْ شِئْنَا لَبَعَثْنَا فِيْ كُلِّ قَرْيَةٍ نَّذِيْرًا ﴿٥١﴾ (અને જો અમે ચાહતા તો દરેક વસ્તીમાં એક ડર સંભળાવનાર મોકલતા. સુ. ફુર્કાન, ૨૫/૫૧)ની તફસીરમાં સાફ લખ્યું છે : *(ફતાવા રઝવિય્યહ, ૧૮/૨૬, કિતાબુલ અક઼ાઈદ વલ કલામ, ઈમામ અહમદ રઝા એકેડમી, બરેલી શરીફ)*

**એના જવાબમાં** ઈમામ અહમદ રઝા ક઼ાદરી رحمۃ اللہ علیہએ જે આંખો ખોલી દેનારી સ્પષ્ટતા કરી છે તે વહાબીઓ માટે ઈબ્રત (બોધપાઠ લેવા)નો સામાન છે. આપ ફર્માવે છે : શબ્દ મિષ્લ (સમાન કે ના જેવો) જે ખૂબી સાથે બોલવામાં આવે જો કેવળ એમાં જ સમાનતા બતાવવું છે ન કે બાકીમાં, તો તફસીરના લખાણથી તમને શું ફાયદો ?! એમાં તો કેવળ ડરાવવામાં ભાગીદારી નીકળી, ન કે મઆઝલ્લાહ ! હુઝૂરે અકરમ ﷺના સર્વ કમાલની ખૂબીઓમાં. વળી એને કોણ મુહાલ (અશક્ય) માને છે ! સર્વ નબીઓ ડરાવવાની ખૂબીમાં હુઝૂરે અક઼દસ ﷺના શરીક હતા.

જો આટલા પર જ સંતુષ્ઠ છો તો મિષ્લને મુહાલ બિલગૈર (બીજાને માટે અશક્ય) શા માટે કહો છો ? લાખો કરોડો અત્યારે મૌજૂદ છે.

અને જો સર્વ ખૂબીઓમાં ભાગીદારી બતાવવી છે તો ઈમામ રાઝીથી શા માટે સનદ પકડો છો ? ખુદ કુર્આને અઝીમથી જ સનદ પકડો કે રબ ફર્માવે છે : قُلْ اِنَّمَآ اَنَا بَشَرٌ مِّثْلُكُمْ (તમે ફર્માવો, માણસ હોવામાં તો હું તમારા જ જેવો છું. સૂ. હા મીમ સજદા, ૪૧/૬) તમારી (વહાબીની) સમજ પ્રમાણે તો આયતનો એ અર્થ થશે કે "મઆઝલ્લાહ ! કાફિરો સર્વ ખૂબીઓમાં હુઝૂરના સમાન હતા." અને આ રીતે પણ હુઝૂર ﷺના કમાલની ખૂબીઓમાં અત્યારે મૌજૂદ હોવું માનવુ પડશે. *(ફતાવા રઝવિય્યહ, ૧૮/૨૮)*

## ★ જવાબનો સાર ★

જવાબનો સાર એ છે કે "વસ્ફે નઝીર" (હુઝૂર ﷺનું ઉમ્મતને ડરાવવું) હોય કે "વસ્ફે બશર" (હુઝૂર ﷺનું માનવ હોવું) બંનેવ ભાગીદારીની શક્યતાવાળી ખૂબીઓ છે જે હુઝૂર ﷺ સાથે ખાસ નથી એવી ખૂબીઓ (ગુણો, સિફતો)માં હુઝૂર સૈયદુલ અંબિયા ﷺના અગણિત સમાનતાવાળા હોય શકે છે અને તે સૌ કુદરત હેઠળ છે. અહલે સુન્નત વ જમાઅત એવી ખૂબીઓમાં હુઝૂર ﷺના જેવા હોવું અશક્ય હોવાનું નથી માનતા.

અને વહાબીઓ સર્વ અવસાફ (ખૂબીઓ)માં હુઝૂર ﷺના જેવા થવાને શક્ય માને છે. જો તેઓ નઝીર (ડરાવનાર હોવું) અને બશર (માણસ) હોવામાં ભાગીદારીથી હુઝૂર ﷺની સર્વ ખૂબીઓમાં સમાનતાવાળો હોવું સાબિત કરે છે તો સરકાર ﷺના સમાન હોવાનું ગૈરના માટે શાથી અશક્ય કહે છે ?! સાફ સાફ દાવો કરે કે હુઝૂર ﷺના જેવા હજારો, લાખો, કરોડો ન કેવળ શક્ય બલ્કે મૌજૂદ બિલ્ ફેઅલ (હાલ મૌજૂદ) છે, કેમ કે ડરાવવાની (સિફત) ખૂબીમાં સર્વ અંબિયા હુઝૂરના ભાગીદાર છે અને માણસ (બશર) હોવાની ખૂબીમાં સર્વ માનવો હુઝૂરના ભાગીદાર છે.

કુર્આને પાકને સમજવાના માટે બુધ્ધિશાળીઓએ એમાં તદબ્બુર કરવો જોઈએ ત્યારે આ પ્રમાણની હક઼ીક઼તો સમજમાં આવે છે. એટલા માટે કુર્આને વારંવાર એની હિદાયત કરી. દા.ત. સૂરએ સ઼ાદમાં ફર્માવવામાં આવ્યું :

كِتٰبٌ اَنْزَلْنٰهُ اِلَيْكَ مُبٰرَكٌ لِّيَدَّبَّرُوْٓا اٰيٰتِهٖ وَ لِيَتَذَكَّرَ اُولُوا الْاَلْبَابِ ﴿٢٩﴾

"આ એક કિતાબ છે કે અમે તમારી તરફ ઉતારી બરકતવાળી જેથી એની આયતોમાં વિચારે અને બુધ્ધિવાળા નસીહત માને." *(સૂ. સ઼ાદ, ૩૮/૨૯)*

કાશ ! કે વહાબી અહલે હદીષ તદબ્બુરથી કામ લેતા અને કિતાબ તથા સુન્નત ખાસ કરીને સહીહ હદીષોથી આ પ્રમાણે ભાગતા નહીં. *–(સંપૂર્ણ)*

www.barkatekhwaja.net

# દીન પર અડગ રહેનારાઓ માટે ખુશખબર !!

**અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*
**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ**
*(ઈંગ્લિશ ટીચર દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–અમોદ)*

અલ્લાહ તઆલાના અડગ રહેવાવાળાઓ પર પોતાની રહમતો અને મદદનો વરસાદ કરે છે.

આજે ધર્મ પર કાયમ રહેવુ આમ અને ખાસ બન્ને માટે મુશ્કેલ બની રહ્યું છે. દરેક વ્યક્તિ કહે છે કે દીન પર અમલ કરવું ખૂબ જ મુશ્કેલ છે. જો કે આજની પરિસ્થિતિ એ પહેલાં જેવી નથી જેવી કુરૂને ઉલામાં હતી. હજારો તકલીફો, મુસીબતો અને કસોટીઓ છતાંય સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین દીન પર અડગતાથી કાયમ રહ્યા અને તેમના કદમ ડગમગ્યા નથી.

દીન પર અડગતા એ ખૂબ મોટી નેઅમત છે. અલ્લાહ તઆલા અડગ રહેવાવાળાઓ પર રહમતો અને મદદનો વરસાદ નાઝિલ કરે છે. જેમ કે અલ્લાહ તઆલા કુર્આન મજીદમાં ફર્માવે છે,

إِنَّ الَّذِينَ قَالُوا رَبُّنَا اللَّهُ ثُمَّ اسْتَقَامُوا تَتَنَزَّلُ عَلَيْهِمُ الْمَلَائِكَةُ أَلَّا تَخَافُوا وَلَا تَحْزَنُوا وَأَبْشِرُوا بِالْجَنَّةِ الَّتِي كُنتُمْ تُوعَدُونَ

''ખરેખર જેમણે કહ્યું કે અમારો રબ અલ્લાહ છે. અને તેના પર કાયમ રહ્યા તેમના પર ફરિશ્તાઓ ઉતરે છે કે ગભરાશો કે ગમ કરશો નહીં અને ખુશ થાવ એ જન્નત પર જેનો તમારાથી વાયદો લેવામાં આવતો હતો.'' *(હા મીમ સજદા, આ. ૩૦, કન્ઝુલ ઈમાન)*

અડગ રહેવાનો અર્થ થાય છે કાયમ રહેવુ, ભલે મક્સદ પૂરો કરવામાં કેટલીય અને ગમે તેવી રૂકાવટો (અડચણો) આવે. સાચો મો'મિન કેટલાય પ્રકારની અડગતા અપનાવે છે, જેમ કે ઈમાન પર અડગતા રાખીને, નેકીઓ પર અડગતા દાખવીને, અને ગુનાહોથી બચીને. ટૂકમાં એ કહી શકાય કે બંદો અલ્લાહની વહદાનિયત પર જામી જાય અને હજારો કસોટીઓ આવે પરંતુ અલ્લાહની વહદાનિયતને માનવામાં વિચલિત ન થાય. હદીષે પાકમાં છે : ''હઝરત સુફયાન બિન અબ્દુલ્લાહ ષક્ફી رضی اللہ عنہ થી રિવાયત છે કે મેં અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મને ઈસ્લામના વિશે કોઈ એવી વાત બતાવો કે હું આપના બાદ કોઈને સવાલ ન કરૂં. તો આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, ''કહો, હું અલ્લાહ પર ઈમાન લાવ્યો, પછી એના પર કાયમ રહો.

**અડગતા વિશે અસ્લાફના કૌલ :** અડગતા કેમ કે દીનનો બુનિયાદી હિસ્સો છે, જેથી અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)ના કેટલાંય કથનો તેના વિશે મળે છે. નીચે કેટલાક બયાન કરવામાં આવે છે :

**(૧)** હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ થી પૂછવામાં આવ્યુ, અડગતા શું છે ? ફર્માવ્યું : અલ્લાહની સાથે કોઈને શરીક ન કરે.

**(૨)** હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ થી પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું, ઈસ્તિકામત (અડગતા) એ છે કે અમ્ર તથા નહી (સારી વાતનો હુકમ બુરી વાતથી બચવું) પર કાયમ રહે.

**(૩)** હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ ફર્માવ્યું, ઈસ્તિકામત (અડગતા) એ છે કે અમલમાં ઈખ્લાસ રાખે.

**(૪)** હઝરત અલી رضی اللہ عنہ એ ફર્માવ્યું, ઈસ્તિકામત એ છે કે ફર્ઝો અદા કરે અને ઈસ્તિકામત વિશે એ પણ કહેવામાં આવ્યું કે, અલ્લાહના અવામીર (કરવાના હુકમો)નું પાલન કરે અને નવાહી (મના કરેલ ચીજોથી) એટલે ગુનાહોથી બચે.

આ અક્વાલ દેખીતી રીતે વિવિધ છે, પરંતુ આપસમાં કોઈ ટકરાવ નથી. બધાનો જ નીચોડ એ છે કે, ''બંદો પોતાની જાતને શરીઅત મુજબ કરી દે, પોતાના શરીર અને દિલને ગુનાહોથી બચાવે.''

અલ્લાહ તઆલા આપણા બધાને હુઝૂર રહમતે આલમ صلی اللہ علیہ وسلم ના સદકા અને વસીલાથી દીન પર ઈસ્તિકામત (અડગતા)ની તૌફીક અતા ફર્માવે. આમીન.

*(સુન્ની દા'વતે ઈસ્લામી ઉર્દૂ મંથલી–મુંબઈ જાન્યુઆરી–૨૦૨૩)*

www.barkatekhwaja.net

ઢેર સારી ખૂબીયોં કા સમંદર યાની સરાપા નૂર, કામિલૂન, સાહિબે વિલાયત, ફુયુઝે ગુંજૂર, મર્કઝે રૂશ્દો હિદાયત,
નૂર ચશ્મે પીરો મુર્શિદ, ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ

# અમીરે અહલે સુન્નત હઝરત મૌલાના અલ્હાજ નૂરમુહમ્મદ મારફાની સાહબ રઝવી નૂરી رحمۃ اللہ علیہ

રજૂ : અલ્હાજ ગુલામ મોહયુદ્દીન ઈસ્માઈલ હાફેઝ નબીપુરી

*જો બોલ પાયા, ન ગીરાં ઝમીં પે*
*ખુદ હી દેખ લો, બેહદ કરમ હૈ*
*મેરા કામ હી નહીં ઔર હૈષિયત કહાં ?*
*યે જો કુછ ભી હૈ ઉન્હીં કા તો કરમ હૈ*
*બસ, ઉનપે તો કરમ કરમ કરમ હી હૈ*
*મુર્શિદે બરહક્ક઼ કી નઝર નઝર નઝર હી હૈ*

અલ્લાહ ﷻએ આ દુનિયામાં અબજો ઈન્સાનોને પૈદા કર્યા, જેમને જિંદગીની અનમોલ નેઅમત મળી. તેમને મૌતનો સ્વાદ પણ ચાખવો પડયો. આ ક્રમ સદીઓથી ચાલતો રહ્યો અને તા ક઼યામત તે જારી રહેશે તે નિઃશંક છે. અલ્લાહે ઈન્સાનને એક ખાસ મક઼સદની સાથે પેદા કર્યો અને તેની રહનુમાઈ માટે અંબિયાએ કિરામને મોકલ્યા. તેમની હિદાયત પામી જે ઈન્સાને અલ્લાહ અને તેના રસૂલની ઈતાઅત અને ફર્માંબરદારીમાં પોતાની જિંદગી પસાર કરી તે કામિયાબ રહ્યો, તેનું નામ અલ્લાહના મહબૂબોમાં સામેલ કરવામાં આવ્યું, તેમની હયાત દરમિયાન પણ લોકો તેમનાથી ફૈઝ હાંસલ કરતા રહ્યા અને આ દુનિયાથી રૂખસદ થયા બાદ આજે તેમના મઝાર અને આસ્તાના પર લોકોની ભીડ જોવામાં આવી રહી છે. ભારત, પાકિસ્તાનના અનેક શહેરો અને આબાદીઓમાં અલ્લાહના મહબૂબ બંદાઓ આરામ ફર્માવી રહ્યા છે, જેઓ ઉમ્મતે મુસ્તફાની રહેનુમાઈ કરી રહ્યા છે અને જેમના ફૈઝથી લાખો લોકો પોતાના દુઃખ દર્દ અને પરેશાનીઓનો હલ મેળવી રહ્યા છે.

અલ્લાહ તઆલાના આ મહબૂબ બંદાઓમાં જુનાગઢની સરઝમીન પર જન્મેલા આરિફ બિલ્લાહ, મહાન આશિકે રસૂલ, પીરે તરીકત, હઝરત મૌલાના નૂરમુહમ્મદ મારફાની સાહબ રઝવી નૂરી علیہ الرحمۃ والرضواننું નામ અકીદતમંદોના દિલોમાં અસીમ મોહબ્બત સાથે અંકિત થયેલું છે. જેમને મિલ્લતે ઈસ્લામિયા ''અમીરે અહલે સુન્નત''ના નામથી યાદ કરે છે. આપ ફનાફિશ્શૈખ હતા. સોરઠની ધરતી ઉપર અહલે સુન્નત વ જમાઅતની જડોના સ્થાપના કરનારા હતા. ''દીને હનફી''ના પ્રચાર તથા સુન્નીયતના ફેલાવા માટે આપે પોતાનું સર્વસ્વ કુર્બાન કરી દીધેલું. બદ્અક઼ીદા અને ફિર્કાપરસ્તોના દુષ્પ્રચારનો સતત સામનો કરીને લોકોને મસ્લકે આ'લા હઝરતનો સાચો માર્ગ બતાવ્યો અને આ માર્ગ પર કાયમ રહેવા માટે લોકોને સતત હિદાયત આપતા રહ્યા. આપની આ ખિદમાત પીરો મુર્શિદના ચશ્મેકરમથી છુપી ન રહી અને સમયના મહાન મુફતી, વલીએ કામિલ, આક઼ાએ નેઅમત, શહેઝાદાએ આ'લા હઝરત, હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہએ આપને સિલસિલાએ આલીયા, ક઼ાદરીયા, રઝવિયા, બરકાતીયાની વિલાયતથી નવાઝયા. અમીરે અહલે સુન્નત, મખ્દૂમે સૌરાષ્ટ્ર હઝરત મૌલાના નૂરમુહમ્મદ મારફાની રઝવી નૂરી સાહબ علیہ الرحمۃ والرضوانને પણ પીરો મુર્શિદથી એટલી હદે મોહબ્બત હતી કે ઉઠતાં બેસતાં, વાતચીત કરતા, દરેક વાતમાં ''મારા પીર, મારા પીર'' કહેતા

રહેતા. આપ દરેક કામ પીરો મુર્શિદને પૂછીને કરતા. પીરો મુર્શિદના વિસાલ બાદ પણ આપની આંખ પીરો મુર્શિદને સતત તલાશ કરતી રહેતી અને પીરો મુર્શિદની હાજરી અનુભવતા હોય તેમ હમેશાં તસવ્વુરમાં રહેતા હતા.

અમીરે અહલે સુન્નત હઝરત મૌલાના મારફાની સાહેબની ખિદમાત વિશે લખવામાં આવે તો એક દળ દાર કિતાબ જોઈએ. અહીં સ્થળ સંકોચને કારણે આપની ખિદમાતને સવિસ્તાર રજૂ કરી શકતા નથી તેનો ખેદ છે. ટૂંકમાં એટલું જરૂર કહીશ કે, આપની ખિદમાત અને આપેલી કુર્બાનીઓ સબબ કૌમ આજે પણ આપને યાદ કરી રહી છે અને આપના મઝારે પાક પર અદબો એહતેરામની સાથે ઉપસ્થિત થઈ પોતાની વિપદા સંભળાવી પરેશાનીઓનો હલ મેળ વી રહી છે. તારીખ ગવાહ છે કે, અલ્લાહના મહબૂબ બંદાઓ કોઈને કોઈ વસીલા અને કરમથી વિલાયતના દરજ્જે પહોંચે છે. અલ્લાહના આ મક્બૂલ બંદાઓથી તેમની હયાતી દરમ્યાન તો કરામતો જાહેર થતી રહે છે, પણ તેમના વિસાલ પછી પણ તેમના આસ્તાઓ પર ફુયૂઝો બરકાતની સતત લ્હાણી થતી રહે છે. અલ્લાહના કેટલાક વલી કરામત જાહેર થાય તેવું ઈચ્છતા હોતા નથી. કરામત જાહેર થતાં લોકોની ભીડ જામે છે અને અલ્લાહના આ મક્બૂલ બંદાઓ લોકોની આવી ભીડથી પરહેઝ કરતા હોય છે. અમીરે અહલે સુન્નત મૌલાના નૂરમોહંમદ મારફાની સાહેબ પણ વિલાયતના ઉચ્ચ સ્થાને બિરાજમાન હતા, પરંતુ લોકોની ભીડ અને તારીફથી આપને અણગમો હતો. આમ છતાં આપનાથી અનેક કરામતો જાહેર થયેલી. જુનાગઢના મેમણ સમાજના મશહૂર વેપારી હાજી શબ્બીર યાકૂબ વહેવારીયા સાહેબે આપની એક કરામતને આ રીતે જાહેર કરી છે. એક દિવસ હું હઝરત મૌલાના નૂરમોહંમદ મારફાની સાહેબ સમક્ષ આપની ખાનકાહમાં બેઠો હતો. મારા ચહેરા પરની વિષાદ રેખાઓ જાણે આપે વાંચી લીધી હોય તેમ આપે ફર્માવ્યું કે, શબ્બીરભાઈ ! શું વિચારી રહ્યા છો ? મેં જવાબ આપ્યો : હુઝૂર ! આપની નિગાહે કરમનો મુન્તઝિર છું. આપે ફર્માવ્યું, શબ્બીરભાઈ ! શું ફરઝંદ જોઈએ છે ? મેં કહ્યું, હુઝૂર ! એ જ મારી દિલી ખ્વાહિશ છે કે, આપનો એક ગુલામ મળી જાય ! (એ સમયે હાજી શબ્બીરભાઈને બે દિકરીઓ હતી.)

હઝરત મારફાની સાહેબ મારી વાત સાંભળી તાવીઝ લખતા રહ્યા. થોડા સમય બાદ મને એક તાવીઝ આપ્યું અને ફર્માવ્યું : ઘરે જઈને તમારા એહલિયાને આ તાવીઝ બાંધવા આપજો. આ ઘટનાને ૯ મહિના વિત્યા હશે, રબી. આખર (૧૧ મી શરીફ)નો મહિનો હતો અને ૧૧ તારીખે હાજી શબ્બીરભાઈના એહલિયાએ તંદુરસ્ત બાળક (ફરઝંદ)ને જન્મ આપ્યો. હાજી શબ્બીરભાઈ અને તેમના કુટુંબીજનોની ખુશીનો કોઈ પાર ન રહ્યો. બધાના હોઠો પર એ જ શબ્દ હતા કે, હઝરત મારફાની સાહેબની દુઆથી અલ્લાહે અમોને ફરઝંદ અતા કર્યો છે. હઝરતની સૂચના મુજબ ફરઝંદનું નામ ગુલામ મોહ્યુદ્દીન રાખવામાં આવ્યું.

આ પછી હાજી શબ્બીરભાઈના એહલિયાને ફરીથી સારા દિવસો રહ્યા અને ઉમ્મીદ બંધાણી તો આપે હઝરત મારફાની સાહેબની ખિદમતમાં અર્ઝ કરી કે, હઝરત ! અલ્લાહે આપની દુઆથી એક ફરઝંદ અતા ફર્માવ્યો, આ વખતે પણ આપ દુઆ ફર્માવો કે, અલ્લાહ તઆલા આપનો બીજો ગુલામ અતા ફર્માવે. હાજી શબ્બીરભાઈની વાત સાંભળી હઝરત મારફાની સાહેબે આંખો બંધ કરી, થોડીવાર પછી આપે ફર્માવ્યું કે, શબ્બીરભાઈ ! આપના નસીબમાં એક ફરઝંદ હતો, જે અલ્લાહે આપ્યો. હવે તમારે ત્યાં દિકરી થશે. હઝરતના આ શબ્દો સાચા ઠર્યા. ૯ મહિના બાદ હાજી શબ્બીરભાઈની એહલિયાને ત્યાં દિકરીનો જન્મ થયો.

www.barkatekhwaja.net

*ઉલ્ટી હી ચાલ ચલતે હંય દિવાનગાને ઈશ્ક઼*
*આંખો કા બંધ કરતે હંય દીદાર કે લિયે*

૧૯૭૩ની સાલમાં જ્યારે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ લગભગ ત્રણેક અઠવાડિયા માટે સૌરાષ્ટ્રના દૌરા ઉપર હતા. અને એ દૌરામાં આપ પોરબંદર, રાણાવાવ, ભાણવડ, ઉપલેટા, ધોરાજી, જેતપુર, ગોંડલ, રાજકોટ, જુનાગઢ, જામનગર, વેરાવળ વગેરે શહેરોમાં રોકાયેલા. આપની તશરીફ આવરીનો સૌથી મોટો લાભ પોરબંદરના અક઼ીદતમંદોને મળ્યો. આપ ચાર દિવસ પોરબંદર ખાતે જ્યાં હાલ "સુન્ની મુસ્લિમ કમિટી"ની ઓફિસ તથા "મદ્રસએ ફયઝે રઝા" છે, તે બિલ્ડીંગ "ડાક બંગલા"માં રોકાયેલા. હઝરત મારફાની સાહેબને આપની ખિદમત માટે પસંદ કરવામાં આવેલા અને આપે આ જિમ્મેદારી ઘણા જ શોખની સાથે બખૂબી નિભાવી. હઝરતની મુલાકાત માટે આવનારા દરેકને હઝરત મારફાની સાહબ સાથે મુલાકાત કરવી પડતી એ પ્રમાણેની વ્યવસ્થા ગોઠવવામાં આવેલી. હઝરત મારફાની સાહેબ આવનારની વાત અને મક઼સદ સાંભળતા અને પીરો મુર્શિદની સાથે તેની મુલાકાત કરાવી આપતા. તાવીઝની જરૂરિયાતવાળાની તકલીફ અને પરેશાનીનું પીરો મુર્શિદ પાસે વર્ણન કરતા અને આપ જે ફર્માવતા તેનાથી આવનારા મુલકાતીને માહિતગાર કરતા. એ ચાર દિવસ રાતો દરમ્યાન પીરો મુર્શિદની કયામગાહ પર હઝરત મારફાની સાહેબ હુઝૂર સરકાર મુફતીયે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની ખિદમતમાં સતત લાગેલા મસરૂફ જોયા ત્યારે સૌની આંખોએ જોયું કે, હઝરત મારફાની સાહેબને પોતાના આરામની કોઈ પરવાહ ન હતી, બલ્કે પીરો મુર્શિદ ક્યારે મને બોલાવે અને ક્યારે હુકમ ફર્માવે અને તેની હું અમલવારી કરું. તે પ્રકારની તેમનામાં સતત તત્પરતા હતી. તેમની આ ખિદમાત બારગાહે ખુદાવંદીમાં પણ ક઼બૂલીયતના દ્વારે જાણે જઈ પહોંચી અને રબ્બુલ ઈઝ઼ઝતે આ આશિક઼ે મુસ્તફા રઝામાં પણ પીરો મુર્શિદની એ તમામ ઉમદા આદતો ઠાંસી ઠાંસીને ભરી દીધી.

હઝરત મારફાની સાહેબ અને ખૂબીઓ અને કમાલાતના માલિક હતા. આપના વર્તનમાં જોવા મળેલી નરમી અને રહેણી કરણીમાં નિહાળેલી "સાદગી" સૌ કોઈને ઉડીને ઉડીને આંખે ચઢતી. બદ્‌મઝહબ સિવાય આપે કોઈની સાથે, પછી તે નાનો હોય કે મોટો, અદના હોય કે લીડર, ઊંચા અવાજે વાત કરી નથી કે કોઈનું મન દુભાવ્યું નથી. આપ જીવનમાં અંતિમ શ્વાસો સુધી બધાની ખબર કાઢતા રહ્યા. હમેશાં સલામની પહેલ આપના તરફથી થતી. આવનારને મુસ્કુરાહટ સાથે સત્કારકતા, પરેશાનહાલની તકલીફથી વાકેફ થઈ તેનો હલ બતાવતા. દરેકને નમાઝની પાબંદી માટે ઈસ્લાહ ફર્માવતા, ગરીબો, મિસ્કીનો અને માઅઝૂરને જોઈ આપનું દિલ ભરાઈ આવતું. તેમની યથાશક્તિ મદદ ફર્માવતા અને બીજાને પણ ભલામણ કરતા. યતીમો અને બેવાઓના બેલી એવા હઝરત મારફાની સાહેબે જુનાગઢ ખાતે "દારુલ યતામા અન્વારુલ મુસ્તફા"ની આજથી લગભગ ૩૦ વર્ષો પૂર્વે સ્થાપ્ના કરી, જે પીરો મુર્શિદની યાદગાર બની રહી અને આજે પણ આ યતીમખાનામાં સૌરાષ્ટ્ર–ગુજરાતના ઘણા યતીમ બાળ કો તા'લીમ અને તર્બિયત પામી રહ્યા છે.

હઝરત મારફાની સાહેબ પીરો મુર્શિદની સાથે સાથે વર્ષ દરમ્યાન નામવર ઉલમા અને મુકર્રિરીન હઝરાતને ખાસ દા'વત આપી જુનાગઢ બોલાવી અને મસ્લકે આ'લા હઝરતના પ્રચાર તથા પ્રસારમાં તન મન ધનથી સક્રિય રહેતા. આપની અથાક કોશિશોએ અવામને સિરાતે મુસ્તકીમની પહેચાન કરાવી, રાહેરાસ્ત દેખાડયો. તો બીજી બાજુ બદ્‌મઝહબો અને સુલેહકુલ્લીઓને વિલે મોઢે પોતાના બદ્ ઈરાદામાં પીછેહઠ કરવી પડી. પીરો મુર્શિદની જેમ આપે પણ

www.barkatekhwaja.net

કોઈ લાંબી તકરીરો ફર્માવી ન હતી. આમ છતાં આપના ઈસ્લાહી કલેમાત, આપની નસીહતો અને આપની શફકતે જે દીર્ઘકાલીન અસરો પૈદા કરી, તેને આજે પણ સૌ કોઈ જોઈ શકે છે. મુજાહિદે મિલ્લત હઝરત મૌલાના મુહમ્મદ ઈબ્રાહીમ તુર્કી સાહેબ તથા મુફતીએ સૌરાષ્ટ્ર હઝરત મૌલાના મુફતી હાજી આહમદમિયાં ધોરાજવી رحمۃ اللہ علیہની સાથે આપે સૌરાષ્ટ્રના લગભગ તમામ જિલ્લાઓ, તાલુકાઓ, શહેરો અને ગામડાઓમાં તબ્લીગી દૌરા કરી અને મસ્લકે આ'લા હઝરતને અવામના દિલોમાં પ્રસ્થાપિત કરી નજાતનો માર્ગ ચિંધ્યાની વાત છાની નથી.

હઝરત મારફાની સાહેબ સૂફીએ બાકમાલ હોવાની સાથે સાથે વલીએ કામિલ પણ હતા. આપની દુઆમાં એ અસર જોવા મળતી કે જેના માટે, જે કામ માટે આપ દુઆ ફર્માવતા, તેનું કામ થઈને રહેતું અને કેમ ન થાય ? આપની દુઆમાં હમેશાં આપ હબીબે ખુદા ﷺ, હુઝૂર સરકારે બગદાદ, પેશવાએ ઔલિયા હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہતથા પીરો મુર્શિદ હમશબીહે ગૌષે આ'ઝમ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનો વસીલો પેશ કરતા હતા. આપના વિસાલ બાદ આપના આસ્તાના પર અકીદતમંદોની નિત્ય હાજરી એ દલીલ પેશ કરે છે કે, આજે પણ તેમની ખિદમાતે ખલ્ક જારી છે અને પરેશાનહાલ લોકો આપના ફુયૂઝો બરકાતથી માલામાલ થઈ રહ્યા છે.

હઝરત મૌલાના નૂરમુહમ્મદ મારફાની નૂરી સાહેબ علیہ الرحمۃ والرضوان ઉપર હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની ખાસ શફકતે ઈનાયત રહી છે. આપ એમના ચહીતા ખલીફા છે. હઝરત મારફાની સાહેબે પણ પીરો મુર્શિદની શફકતો મોહબ્બત અને ઈમાયતનો પૂરેપૂરો હક્ક઼ અદા કર્યો છે, એમ કહીએ તો તેમાં કોઈ અતિશયોક્તિ નહીં ગણાય. સાચે જ જેમની ઉપર અલ્લાહના કોઈ મહબૂબે અને વલીએ કામિલની નઝરે કરમ થઈ જાય છે તે મક઼બૂલિયતની ટોચે પહોંચી જાય છે. એટલું જ નહીં, અલ્લાહ તઆલાના આવા મક઼બૂલ બંદાઓ જમીનની નીચે રહીને પણ જમીન ઉપર રહેનારાઓ ઉપર રાજ કરતા અને એમની રહેનુમાઈ કરતા આપણે જોઈ શકીએ છીએ.

*કોઈ શાયરે ઘણું જ સરસ કહ્યું છે કે .......*
*જો ઉનકે દરકા ફકીર હોતા હૈ, વોહ કાફેલે કા અમીર હોતા હૈ*

હઝરત મૌલાના અલ્હાજ નૂરમુહમ્મદ મારફાની રઝવી નૂરી સાહેબ علیہ الرحمۃ والرضوان ૨૪ શવ્વાલ, હિજરી ૧૪૧૯ (તા. ૧૨–૨–૧૯૯૯) જુમ્આના દિવસે આ ફાની દુનિયા છોડી માલિકે હબીબીને જઈ મળ્યા. વિસાલના સમયે આપની ઉમ્ર ૮૭ વર્ષની હતી.

આજે એ વાતનો ક્યારેય નકાર નહીં થાય કે હુઝૂરેવાલા ફનાફિશ્શયખ હઝરત નૂરમુહમ્મદ મારફાની સાહબ રઝવી નૂરી علیہ الرحمۃ والرضوانના વિસાલ બાદ જુનાગઢ શરીફમાં આપે ચિંધેલ રાહ અને ખિદમતે ખલ્કના પ્રચારમાં આપના વ્હાલસોયા નૂરચશ્મ ફરઝંદ ગુલઝારે મિલ્લત, શેહઝાદએ અમીરે અહલે સુન્નત, આલી વિકાર ચશ્મ ચિરાગાં, હઝરત મૌલાના અલ્હાજ ગુલઝાર એહમદ સાહબ રઝવી નૂરી બરકાતુહુમુલ આલીએ આપના નક઼્શે ક઼દમ ઉપર રહીને ખિદમતે ખલ્ક અને અહલે સુન્નત વ જમાઅતના પ્રચાર પ્રસારમાં કોઈ કમી અને કચાશ રહેવા દીધી નથી. આસ્તાનએ આલિયહ ઉપર બારે માસ નૂરની વર્ષા વરસાવતા કાર્યક્રમો યોજીને એહલે સુન્નતની બેલૌષ ખિદમાત અંજામ આપી રહ્યા છે. એટલું જ નહીં, પરંતુ ઉલમાએ એહલે સુન્નતની ફૌજ આસ્તાના ઉપર ખડકી દઈ સુન્ની તબ્લીગી દૌરાઓ દ્વારા સુન્નીયતના પ્રચાર પ્રસારમાં પોતાની બાબરકત જાત ન્યોછાવર કરી રહ્યા છે. હઝરત પણ વાલિદ સાહેબના પગલે દુ:ખીયારાઓની ખિદમાતમાં ક્યારેય પાછુ વળીને જોતા નથી, એ એક સત્ય હક઼ીક઼ત છે.

www.barkatekhwaja.net

# ઝબાનના ફિત્નાઓ

## ✦▮✦ વિશે ઈસ્લામી આદેશ ✦▮✦

અઝ : મુફ્તી મુનીબુર્રહમાન રઝવી
(મુફતીએ આ'ઝમ પાકિસ્તાન)

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

આપણે અખ્લાકી એતબારથી પડતીના દૌરથી પસાર થઈ રહ્યા છીએ. સામાન્ય માણસની તો વાત જ છોડો, પણ તે લોકો જેઓ કૌમની આગેવાનીના સ્થાન પર બિરાજમાન છે અથવા એ હોદ્દાના તલબગાર છે તેમને જ પોતાની ઝબાન તથા બયાન પર કાબુ નથી. ગાળ ગલોચ કરવી, બીજાઓનું અપમાન કરવું, અન્યો પર આક્ષેપ તથા તોહમતો બાંધવા અને પોતાને દરેક ગલતીથી પાક અને પાકબાઝ સમજવું તેમની રોજ બરોજની આદત બની ચૂકી છે. નાના મોટાની તમીઝ ખત્મ થઈ ચૂકી છે. લોકો અલ્લાહ તઆલા અને તેના રસૂલે મુકર્રમ ﷺના એહકામને પીઠ પાછળ રાખીને પોતાના લીડરો અનુયાયી બની ચૂક્યા છે. આખેરતમાં અલ્લાહ તઆલાની હુઝૂર જવાબ આપવાના ખયાલને ભૂલાવી ચૂક્યા છે. જાતે જ દાવેદાર, પોતે જ સાક્ષી અને પોતે જ મુન્સિફ (જજ) બની બેઠા છે, બલ્કે પોતે પોતાને જ હક્કનું માપદંડ સમજે છે. આવી સ્થિતિમાં સુધારણાની અપેક્ષા બેકાર છે. કોઈના દિમાગમાં કોઈના માટે બુગ્ઝ, અદાવત કે નફરત ભરેલી છે, જ્યાં સુધી તે ખામોશ રહે ત્યાં સુધી પર્દો પડેલો રહે છે, પરંતુ જ્યારે તે બોલી પડે તો અંદરનો સઘળો મેલ અને કીનો બહાર નીકળી આવે છે અને પછી બીજો પક્ષ પણ રિએક્શનમાં તેની આબરૂરેઝી માટે તૈયાર રહે છે. આમ "આ સ્નાનગૃહમાં સર્વ નગ્ન છે"નો મંઝર આપની સમક્ષ છે. રસૂલુલ્લાહ ﷺનું ફર્માન છે : (હકીકતમાં) મુસલમાન તે જ છે જેની જીભ અને હાથના અત્યાચારથી અન્ય મુસલમાન મહેફૂઝ રહે. (બુખારી, હદીષ : ૬૪૮૪) કેવળ એક ઝબાનથી કેટલા ફિત્ના ફૂટે છે તેનો અંદાઝો આપ આ મુબારક હદીષોથી સારી રીતે લગાડી શકો છો.

**(૧)** રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે મને એ ચીજની (શરીઅતને તાબે રાખવાની) જમાનત આપશે જે બે દાઢો અને બે ટાંગોની વચ્ચે છે (એટલે જીભ તથા ગુપ્તાંગ) તેને હું જન્નતની ઝમાનત આપીશ.

*(બુખારી શરીફ, હ. ૬૪૭૪)*

**(૨)** નબી કરીમ ﷺને સવાલ થયો, તે કઈ ચીજો છે જે મોટાભાગે જન્નતમાં દાખલ થવાનો સબબ બને છે ? તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, તક્વો અને સારા અખ્લાક. પછી સવાલ થયો, તે કઈ ચીજો છે જે મોટાભાગે જહન્નમમાં દાખલ થવાનો સબબ બને છે ? આપ ﷺએ ફર્માવ્યું, જીભ તથા ગુપ્તાંગ. *(ઈબ્ને માજહ, હદીષ : ૪૨૪૬)*

**(૩)** જે ખામોશ રહ્યો તેણે નજાત પામી.

*(તિર્મિઝી શરીફ, હદીષ : ૨૫૦૧)*

**(૪)** જ્યારે માણસ સવાર કરે છે તો તેનાં સર્વ અંગો ઝબાનના તાબે હોય છે અને તેને કહે છે : અમારા બારામાં અલ્લાહથી ડરતી રહે, કેમ કે અમારા હક્કોની હિફાઝત તારા સબબથી છે, જો તું સહીહ રહીશ તો અમે પણ સહીહ રહીશું અને જો તું ટેઢાપણુ અપનાવીશ તો અમારામાં પણ ટેઢાપણુ આવી જશે.

*(તિર્મિઝી, હદીષ : ૨૪૦૭)*

**(૫)** સુફયાન ઈબ્ને અબ્દુલ્લાહ ષકફી رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને તે ચીજ બતાવો જેને હું મજબૂતીથી પકડી લઉં. તો આપ ﷺએ ફર્માવ્યું : કહો, મારો રબ અલ્લાહ છે પછી તેના પર અડગ થઈ જાવ. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! કઈ

www.barkatekhwaja.net

ચીજ છે જેનાથી મારે સૌથી વધુ ડરતા રહેવું જોઈએ ? હુઝૂર ﷺએ પોતાની ઝબાન મુબારકને પકડીને ફર્માવ્યું, આ ! *(તિર્મિઝી, હદીષ : ૨૪૧૦)*

આપે વિચાર કર્યો કે કેવળ ઝબાનનું બેકાબુ રહેવું અને જીભનો ગલત ઉપયોગ કેટલા ફિત્ના તથા ફસાદનો સબબ બને છે. રોજ બરોજ એવાં દષ્ટાંતો સામે આવતાં રહે છે કે દોસ્તો વચ્ચે ગપસપથી મામલો શરૂ થાય છે અને ખૂના મરકીમાં પરિણમે છે, કેવળ ઝબાનદરાઝીના સબબે એવું થાય છે. હોવું તો એવું જોઈએ કે મુસલમાન એક બીજાના માટે ઢાલ બને, એકબીજાના અયબોની પર્દાપોશી (ઢાંક પિછોડ) કરે, એકબીજાને જાહેરમાં બેઈજ્જત ન કરે. કુર્આને કરીમમાં ફર્માવવામાં આવ્યું, "તમારા અયબો વર્ણવશો નહીં." (સૂરએ હુજુરાત, આ. ૧૧) જાહેર છે કે પોતાના અયબ તો કોઈ વર્ણન નથી કરતું. કુર્આને ખૂબ જ હકીમાના અંદાઝમાં તા'લીમ આપી કે જો આપણે બીજા શખ્સના અયબો વર્ણવીશું તે પણ તો આપણો દીની ભાઈ છે, તેની ઈજ્જતની હિફાઝતની પણ તો આપણી જિમ્મેદારી છે. મુબારક હદીષોમાં છે :

**(૬)** નબી કરીમ ﷺએ ફર્માવ્યું, જેણે પોતાના મુસલમાન ભાઈના અયબો છુપાવ્યા તો અલ્લાહ તઆલા કયામતના દિવસે તેના અયબો પર પર્દો નાખશે. અને જેણે પોતાના મુસલમાન ભાઈના અયબની પર્દાદરી કરી (એટલે જાહેર કરી દીધો) તો કયામતમાં અલ્લાહ તઆલા તેના અયબને ઉઘાડા કરી દેશે ત્યાં સુધી કે તેને પોતાના ઘરમાં બેઈજ્જત કરી દેશે.

**(૭)** જે કોઈ મુસલમાનભાઈની બુરાઈ વર્ણન કરે જે એનામાં નથી જોવા મળતી તો અલ્લાહ તઆલા તેને તે સમય સુધી "રદગ઼તુલ ખબાલ"માં રાખશે, જ્યાં સુધી તેના ગુનાહની સજા પૂરી ન થઈ જાય. (અબૂ દાઊદ, હદીષ : ૩૫૯૭) રદગ઼તુલ ખબાલ જહન્નમની તે વાદીને કહે છે જેમાં જહન્નમીઓનું પરુ તથા લોહી ભેગુ થાય છે. મેઅરાજુન્નબીના મોકા પર આપે જોયું કે તેમાંથી એક બળદ નીકળ્યો પછી તે એ જ કાણામાં દાખલ થવા ચાહે છે પણ દાખલ નથી થઈ શકતો. આપે જિબ્રઈલને પૂછયું, આ શું છે ? તેમણે કહ્યું, **આ તે શખ્સનું દષ્ટાંત છે જે સમજ્યા વિચાર્યા વિના વાત કરી નાખે છે, પછી તેના પર શર્મિંદો થઈને તેને પરત લેવા ચાહે છે પણ એવું નથી કરી શકતો.** *(દલાઈલુન્નબુવ્વત લિલ બયહકી, ૨/૩૯૭)*

દિન પ્રતિ દિન લોકો નિવેદન આપે છે, પછી જ્યારે તેનું રીએકશન સામે આવે છે તો તેનાથી ઈન્કાર કરી દે છે અથવા હીલાબાજી કરે છે કે મારી વાતને આગળ પાછળની સ્થિતિથી હટીને વર્ણવવામાં આવી છે. સવાલ એ છે કે તમારે એવી દ્વિઅર્થી વાત કરવાની જરૂરત કેમ ઉભી થઈ કે આગળ જતાં ફિત્ના ફસાદ તથા નફરતઅંગેઝીનો સબબ બને.

**(૮)** હદીષે પાકમાં છે : **એક માણસ સમજ્યા વિચાર્યા વિના કોઈ એવો કલમો (વાત) જીભ વડે કહી આપે છે જે તેને જહન્નમની અંદર એટલા ઊંડે સુધી ફેંકી દે છે જેટલુ પૂર્વ તથા પશ્ચિમ વચ્ચે અંતર છે.** *(બુખારી, હદીષ : ૬૪૭૭)*

**(૯)** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ વર્ણવે છે : અમે રસૂલુલ્લાહ ﷺની આસપાસ બેઠેલા હતા. આપે ફિત્નાનો ઉલ્લેખ કર્યો અથવા આપની પાસે ફિત્નાનો ઉલ્લેખ થયો, તો આપ ﷺએ ફર્માવ્યું કે, જ્યારે તમે જુઓ કે લોકોની જીભો અન્યોની આબરૂને પાયમાલ કરે અને અમાનતોની હિફાઝતને હલકુ સમજવા લાગે. આપે આપના હાથોની આંગળીઓને મિલાવીને ફર્માવ્યું, આ પ્રમાણે થઈ

જાય. રાવી વર્ણવે છે કે હું ઉભો થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારી જાન આપ પર કુર્બાન થાય, હું એવા સમયે શું કરું ?! આપ ﷺએ ફર્માવ્યું, તમારા ઘરમાં રહો, તમારી જીભને રોકી રાખો, કોઈ સારી વાત આવે તો તેને લઈ લો અને બુરી વાત આવે તો તેને છોડી દો અને પોતાની ફિકર કરો અન્ય લોકોની ફિકર છોડી દો. *(મુસન્નફે ઈબ્ને અબી શયબા, હદીષ : ૩૭૧૧૫)*

**(૧૦)** મો'મિન ટોણા મારનાર, બિભત્સ બોલનાર અને બદ્ઝબાન નથી હોતો.

*(તિર્મિઝી, હદીષ : ૧૯૭૭)*

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યાં સુધી મો'મિનનું દિલ સહીહ ન હોય ત્યાં સુધી તેનું ઈમાન સહીહ નથી થઈ શકતું. **જે શખ્સનો પડોશી તેના જુલ્મથી મહેફૂઝ ન હોય તે જન્નતમાં દાખલ થશે નહીં.** *(મુસ્નદે અહમદ, હદીષ : ૧૩૦૪૮)*

**(૧૧)** હઝરત અસ્લમ વર્ણવે છે : હઝરત ઉમર બિન ખત્તાબ, હઝરત અબૂબક્ર (رضی اللہ عنہما)ની પાસે આવ્યા તો તે પોતાની જીભને પકડેલ હતા. તેમણે પૂછયું, હે રસૂલુલ્લાહ ﷺના ખલીફા ! તમે શું કરી રહ્યા છો ? હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ ફર્માવ્યું, આ જ તે ચીજ છે જે ખતરાઓના સ્થાનોએ લાવવાનો સબબ બને છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેનો દરેક ભાગ જીભની તીવ્રતાથી અલ્લાહની પનાહ માગે છે.

*(શોઅબુલ ઈમાન, હદીષ : ૪૫૯૬)*

**(૧૨)** રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જેણે પોતાની જીભને લોકોની આબરૂ પાયમાલ કરવાથી રોકેલી રાખી તો અલ્લાહ તઆલા ક્યામતના દિવસે તેની લગઝિશો (ભૂલો)ને માફ કરશે. અને જેણે પોતાના ગુસ્સા પર કાબૂ પામી રાખ્યો તો અલ્લાહ તઆલા ક્યામતના દિવસે તેને પોતાના અઝાબથી બચાવશે.** *(અઝ્ઝુહદ વર્રકાઈક્ લિ ઈબ્ને મુબારક, પેજ–૭૪૫)*

**(૧૩)** જે અલ્લાહ અને ક્યામતના દિવસ પર ઈમાન ધરાવે છે તે પોતાના પડોશીને ઈજા ન પહોંચાડે. જે અલ્લાહ અને ક્યામત પર ઈમાન રાખે છે તે પોતાના મહેમાનની ઈજ્જત કરે, અને જે અલ્લાહ અને ક્યામતના દિવસ પર ઈમાન ધરાવે છે તે સારી વાત કહે અથવા ચુપ રહે. *(બુખારી, હદીષ : ૬૦૧૮)*

**(૧૪)** એક ગામડાવાસી નબી કરીમ ﷺની પાસે આવ્યા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને એવો અમલ બતાવો જે મને જન્નતમાં લઈ જાય. આપ ﷺએ ફર્માવ્યું, તમે મહાન મસ્અલાને ટૂંકા શબ્દોમાં પૂછયો. (પછી ફર્માવ્યું) કોઈને આઝાદ કરો, કોઈ બોજ નીચે દબાયેલી ગરદનને આઝાદ કરાવો. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું આ બંનેવ વાતો એક જ નથી ? આપે ફર્માવ્યું, નહીં ! બંદાને આઝાદ કરવાનો અર્થ એ છે કે તમે એકલા એ સઆદત (નેક નસીબી) હાંસલ કરો. અને ગરદન આઝાદ કરવાનો અર્થ એ છે કે તમે આ મિશનમાં તેના મદદગાર બનો. અતિયો (હદિયો) થોડો થોડો કરીને આપવો જોઈએ. **સગા સંબંધી જાલિમ પણ હોય તો તેમની સાથે એહસાનનો વર્તાવ કરવો જોઇએ.** જો તમે એની શક્તિ નથી ધરાવતા તો ભૂખ્યાને ખાવા ખવડાવો, તરસ્યાને પાણી પીવડાવો, નેકીનો હુકમ આપો અને બુરાઈથી રોકો. જો તમે એની શક્તિ પણ નથી ધરાવતા તો તમારી જીભને બુરાઈથી રોકી રાખો, કેવળ ભલાઈની વાત કરો. *(મુસ્નદે અહમદ, હદીષ : ૧૮૬૪૮)*

**(૧૫)** આદમ ઈબ્ને અલી رضی اللہ عنہ વર્ણવે છે : મેં મારા ભાઈ, રસૂલુલ્લાહ ﷺના મોઅઝ્ઝિન હઝરત બિલાલ رضی اللہ عنہને સાંભળ્યા, તે કહી રહ્યા હતા :

www.barkatekhwaja.net

લોકોના ત્રણ પ્રકાર છે : (૧) સાલિમ એટલે જે ખામોશ હોય. (૨) ગ઼ાનિમ એટલે જે નેકીનો હુકમ આપે અને બુરાઈથી રોકે. (૩) શાજિબ એટલે જે બિભત્સ વાણીવાળો હોય અને જુલ્મ પર મદદગાર બને. *(મુસન્નફે ઈબ્ને અબી શયબા, હદીષ : ૩૫૫૭૯)*

**(૧૬)** અહનફ ઈબ્ને કૈસ વર્ણવે છે : મને હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہએ ફર્માવ્યું, અહનફ ! જે અધિક હસનારો હોય તેનો રૂઆબ (પ્રભાવ) ખતમ થઈ જાય છે. જે (અધિક) મઝાક (ગમ્મત) કરનાર હોય તે કદર વિનાનો થઈ જાય છે. જે કષરત સાથે (ખૂબ અધિક પ્રમાણમાં) કોઈ કામ કરે તે જ તેની ઓળખ બની જાય છે. વધુ વાતોડીયો માણસ ભૂલો પણ વધારો કરે છે, અને જે વધુ ભૂલો કરે તેનામાં હયા (શરમ)ની કમી હોય છે, અને જેનામાં હયા ઓછી થઈ જાય તેનો તક઼્વો ઓછો થઈ જાય છે, અને જેનો તક઼્વો ઓછો થઈ જાય તેનું દિલ મરી જાય છે.

*(અલ મોઅજમુલ અવસત, હદીષ : ૨૨૫૯)*

**(૧૭)** રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **કોઈ શખ્સના ઈસ્લામની ખૂબી એ છે કે તે મકસદ વિનાની (બેકાર) વાતોને છોડી દે.**

*(તિર્મિઝી, હદીષ : ૨૩૧૭)*

**(૧૮)** રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **એક શખ્સ એવી વાત કરે છે જે અલ્લાહની નારાજીનો સબબ છે અને તે તેને મામૂલી વાત સમજે છે, તો તેના કારણે તે સિત્તેર વરસો સુધી જહન્નમની આગમાં સળગતો રહે છે.** *(ઈબ્ને માજહ, હદીષ : ૩૯૭૦)*

**(૧૯)** નબી કરીમ ﷺએ ફર્માવ્યું, પોતાના ભાઈથી ન ખોટી બહષ કરો ન તેની સાથે હંસી કરો, અને ન તેની સાથે એવો વાયદો કરો કે જેને પાળી ન શકો. (તિર્મિઝી, હદીષ : ૧૯૯૫)

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી ઉર્દૂ–મુંબઈ, માર્ચ–૨૦૨૩)*

★

## ગુજરાતના સુન્ની સાહિત્યકાર હાફિઝ નબીપુરીનું બરેલી શરીફમાં બહુમાન

**નબીપુર** : ગુજરાતના જાણિતા સાહિત્યકાર હાફિઝ નબીપુરી વિતેલા સપ્તાહે પવિત્ર અજમેર અને તે પછી સુન્ની જગતના મર્કઝ કેન્દ્ર બરેલી શરીફ ખાતે સુન્ની જગતના મહાન વિદ્વાન તાજદારે એહલે સુન્નત હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલવી رحمۃ اللہ علیہના તથા અન્ય મઝારાત ઉપર ખાસ હાજરી આપવા જતાં તેઓ સહિત અક઼ીદતમંદોનું નૂરી મર્કઝ ખાતે હઝરત મન્નાની મિયાંએ આવકાર આપી તેઓને સત્કાર્યા હતા.

હાફિઝ નબીપુરી દ્વારા ઉર્દૂ પરથી ગુજરાતીમાં અનુવાદ કરાયેલ પ્રકાશન સિરતે મુફતીયે આ'ઝમ رحمۃ اللہ علیہના અવલોકન બાદ હાફિઝ નબીપુરીનું ભાવવિભોર અભિવાદન કરી દુઆઓથી નવાજવામાં આવ્યા હતા. હઝરત મન્નાની મિયાંએ આ'લા હઝરત ફાઝિલે બરેલવીના સુન્ની જગત ઉપરના એહસાનની વિશે ચર્ચા કરી આ'લા હઝરતના કારનામાથી સુપેરે પરિચિત કર્યા હતા. આ પછી ગુજરાતના મહેમાનોએ હઝરત ઈમામ અહમદ રઝા, હઝરત મુફતીએ આ'ઝમ મુસ્તફા રઝા ખાં, હુજ્જતુલ ઈસ્લામ હામિદ રઝાખાં, હઝરત રયહાને મિલ્લત, હઝરત તાજુશ્શરીઅહ્ (رحمۃ اللہ علیہم اجمعین) સહિત હઝરત નક઼ી અલી رحمۃ اللہ علیہના આસ્તાના ઉપર ઉપસ્થિત થઈ ખિરાજે અક઼ીદત પેશ કરી હતી.

# આહ ! હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહીની દુનિયાને અલવિદા

(કાર્યાલય)

એક ગમ અંગેઝ ખબર તા. ૫–૫–૨૦૨૩, ૧૭ શવ્વાલ હિ. ૧૪૪૪, જુમ્આના રોજ મળી જેણે દિલને ગમગીન કરી આપ્યું કે સુન્ની જગતના મહાન આલિમ હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી رحمۃ اللہ علیہ આ ફાની જગતને વિદાય આપીને અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. મૌતુલ આલિમ મૌતુલ આલમ. સુન્ની જગત માટે આ ખૂબ દુઃખદ સમાચાર છે. અલ્લાહ કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં આપની મગફિરત ફર્માવે, આપના દરજાત બુલંદ ફર્માવે અને જન્નતમાં આ'લા મકામ અતા કરે, આપની કબ્ર મુબારક પર સદા રહમતો નૂરની વર્ષા થતી રહે. (આમીન) આવો, આ મહાન આલિમે દીનના જીવન ચરિત્ર વિશે કાંઈક જાણીએ.

હુઝૂર હાફિઝ મિલ્લત رحمۃ اللہ علیہના ઈલ્મી તથા અદબી બાગથી ખિલનારા એક ખુશ્બોદાર ફૂલનું નામ અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી છે. આપ જમાઅતે અહલે સુન્નતના બાલિગુન્નઝર અદીબ (પુખ્તા દૃષ્ટિવાન સાહિત્યકાર), મહાન મુફક્કિર (ચિંતક), જબરદસ્ત કલમકાર અને રાજનૈતિક મુદબ્બિર હતા. આપનો જન્મ મુબારક ઉત્તર પ્રદેશના ઈલ્મી તથા અદબી જિલ્લા આઝમગઢ (હાલ : મઉ)ના "ખાલિસપૂર" અદરીમાં તા. ૧૨–૨–૧૯૫૩માં થયો. આપની પ્રાથમિક તાલીમ મદ્રસા બયતુલ ઉલૂમ ખાલિસપૂર અદરીમાં થઈ. મદ્રસા ઝિયાઉલ ઉલૂમ અદરી અને મદ્રસા ઝિયાઉલ ઉલૂમ ખૈરાબાદમાં અરબી તથા ફારસીના અમુક વર્ગોની તાલીમ હાંસલ કર્યા બાદ દારુલ ઉલૂમ અશરફિયા–મુબારકપુરમાં આપે દાખલો લીધો. ઈ.સ. ૧૯૭૦માં સનદ તથા દસ્તારે ફઝીલતથી નવાઝવામાં આવ્યા. ફરાગત બાદ લખનૌથી "અલ ઈખ્તિસાસ ફીલ અદબુલ અરબી"ના બે વરસના કોર્સની પૂર્ણતા ઈ.સ. ૧૯૭૩માં કરી. એ જ પ્રમાણે લખનૌ યુનિવર્સિટીથી બી. એ. પ્રથમ વરસની પરીક્ષા પણ આપી. પણ છેલ્લા વરસની પરીક્ષાથી પહેલાં જ ઈ.સ. ૧૯૮૨માં ઈન્ડિયાથી રિયાધ સઊદી અરબ ચાલ્યા ગયા અને ઈ.સ. ૧૯૮૪ સુધી કોમ્પ્યુટર સર્વિસ અને એને લગતાં કામોથી જોડાયેલા રહ્યા.

**દર્સ તથા તદરીસ :** ઈ.સ. ૧૯૭૧માં દારુલ ઉલૂમ ગરીબ નવાઝ ઈલાહાબાદમાં દર્સ તથા તદરીસની ફરજો અંજામ આપી. જાન્યુઆરી, ૧૯૭૪થી એપ્રિલ ૧૯૮૨ સુધી જામિઆ અશરફિયા–મુબારકપુરમાં શૈખુલ અદબના હોદ્દા પર બિરાજમાન રહ્યા. જામિઆ મિલ્લિયા ઈસ્લામિયા, નઈ દિલ્હીમાં ૧૯૮૮થી ૧૯૯૦ સુધી ઈસ્લામિયાતના ઉસ્તાદની હૈસિયતથી લેકચર આપતા રહ્યા.

**પત્રકારત્વ (સહાફ્તી)ની ખિદમતો :** હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી ૧૯૮૪ હાલ સુધી દિલ્હીમાં વસવાટ કરીને દીની, ઈલ્મી, મઝહબી, રાજનૈતિક, સમાજી અને પત્રકારત્વની ખિદમતો અંજામ આપી રહ્યા હતા. ઓગસ્ટ ઈ.સ. ૧૯૮૮ થી નવેમ્બર ૧૯૯૨ સુધી "હિજાઝ જદીદ" મંથલીની

www.barkatekhwaja.net

બાવકાર ઈદારત કરી. નવેમ્બર–૧૯૮૮થી જૂન ૨૦૦૪ સુધી મંથલી કન્ઝુલ ઈમાન દિલ્હીના મુખ્ય તંત્રીના હોદ્દા પર બિરાજમાન રહ્યા અને તંત્રી લેખની ફરજો અંજામ આપી. એ માહનામાઓમાં ઈદારત કરીને દેશ વિદેશમાં પોતાના પત્રકારત્વની ખિદમતોનું મહત્વ સ્વીકાર કરાવ્યું.

આ ખિદમતો ઉપરાંત આપનું એક મહત્વનું કારનામુ એ પણ છે કે "દારુલ કલમ દિલ્હી"ના નામથી એક તાલીમી તથા તસ્નીફી ઈદારો (કિતાબ પ્રકાશન સંસ્થા) સ્થાપ્યો. આપે લગભગ ૧૫૦ લેખો અને કેટલાય ડઝન કિતાબો લખી છે. આપની કલમી ખિદમતોની યાદી આ પ્રમાણે છે :

(૧) અલ મદીહુન્નબવી–અરબી (૨) મસાઈલે તવસ્સુલ વ ઝિયારત (૩) મૂએ મુબારક (૪)ગુંબદે ખઝરા (૫) ખસાઈસે રસૂલ (૬) મઆરિફે કન્ઝુલ ઈમાન (૭) ઈમામ અહમદ રઝાકી મુહદ્દિષાના અઝમત (૮) ઈમામ અહમદ રઝાકી ફિક્હી બસીરત (૯) ઈમામ અહમદ રઝા કે વસાયા પર ઈજમાલી નઝર (૧૦) ઈમામ અહમદ રઝા અરબાબે ઈલ્મો દાનિશકી નઝરમેં (૧૧) ઈમામ અહમદ રઝા ઔર રદ્દે બિદઅતો મુન્કિરાત (૧૨) ઈમામ અહમદ રઝા ઔર તહરીકાતે જદીદા (૧૩) જશ્ને મીલાદુન્નબી ﷺ (૧૪) પયગામે અમલ (૧૫) મુજાહિદે મિલ્લતકી મુજાહિદાના અઝીમત (૧૬) ઈસ્લાહે એ'તેકાદ (૧૭) ખાકે હિજાઝ (૧૮) તીન તલાકકા હુકમે શરીઅત (૧૯) તીન બરગુઝીદા શખ્સિયતેં (૨૦) બાબરી મસ્જિદકી તામીરે નવ (૨૧) મુસ્લિમ પર્સનલ લો કા તહફ્ફૂઝ (૨૨) કાઈદીને તહરીકે આઝાદી (૨૩) ચંદ ઉલમાએ ઈન્કિલાબ ઈ.સ. ૧૮૫૭ (૨૪) કાઈદે જંગે આઝાદી અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી (૨૫) ઉલમાએ કાઈદીને જંગે આઝાદી ઈ.સ. ૧૮૫૭ (૨૬) ઈ.સ. ૧૮૫૭ પસ મંઝર વ પેશ મંઝર (૨૭) અંગ્રેજ નવાઝીકી હકીકત (૨૮) ખ્વાજએ હિંદ (૨૯) શારેહે બુખારી (૩૦) જામિઅતુલ અશ્રફિયા (૩૧) આયતે જેહાદ વ કુર્આની મફહૂમ (૩૨) નુકૂશે ફિક્ર (તંત્રી લેખોનો સમૂહ) (૩૩) હિંદુત્વ ઔર હિંદુસ્તાની મુસલમાન (૩૪) નુકૂશે રાહ (૩૫) સંઘ પરિવારકા ૨૧ નુકાતી ફોર્મ્યુલા (૩૬) તઆરુફે એહલે સુન્નત (૩૭) સવાદે આ'ઝમ (૩૮) કુર્આન ઔર જેહાદ (૩૯) ઈર્ફાને મઝહબો મસ્લક (૪૦) સૂફી કાન્ફ્રન્સ ઔર સિયાસત (૪૧) ઈર્ફાને હકાઈકે ઉલમાએ ફિરંગી મહલ (૪૨) ઈર્ફાને હકીકત (૪૩) ઈમામ અહમદ રઝા ઔર ફિક્હે હનફી.

અલ્હમ્દુલિલ્લાહ ! આમાંની કેટલીક કિતાબો નાચીઝે (તંત્રી બરકાતે ખ્વાજાએ) ગુજરાતી અનુવાદ કરીને પ્રકાશિત કરી કરાવી છે, જેમ કે ઈમામ અહમદ રઝા અરબાબે ઈલ્મો દાનિશકી નઝરમેં, મસાઈલે તવસ્સુલ વ ઝિયારત, ઈમામ અહમદ રઝાકે અરબાબે ઈલ્મો દાનિશકી નઝરમેં, મસાઈલે તવસ્સુલ વ ઝિયારત, શારેહે બુખારી, ઈમામ અહમદ રઝાકે વસાયા પર ઈજમાલી નઝર, આયાતે જેહાદ વ કુર્આની મફહૂમ, ખ્વાજએ હિંદ, નુકૂશે ફિક્રના કેટલાક લેખો....વગેરે. અલ્લાહ કરીમ તેના હબીબ ﷺના સદકામાં અલ્લામાની ખિદમતોનો બેહતરીન બદલો આખેરતમાં અતા કરે. (આમીન)

✦✦✦

બરકાતે ખ્વાજા (માસિક)ના
ગ્રાહક બનો અને બનાવો !

# રસૂલે અક઼દસ ﷺ ની અમુક આદતો

રજૂકર્તા : **મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

**(૧) સવારે જલ્દી ઉઠવું :** રસૂલુલ્લાહ ﷺ સવારમાં જલ્દી ઉઠી જતા હતા બલ્કે કોઈ એવી રિવાયત મળતી નથી કે હુઝૂર ﷺની તહજજુદ પણ કદી ક઼ઝા થઈ હોય.

સૂર્યોદયથી થોડીવાર પહેલાં અને સૂર્ય નીકળવાના એક કલાક પછી સુધીનો સમય ઓક્સિજનથી ભરપૂર સમય હોય છે. આજના વૈજ્ઞાનિક સંશોધન મુજબ પણ સ્વાસ્થ્ય માટે ૨૪ કલાકમાં આ સમય સર્વોત્તમ સમય હોય છે જેમાં અધિકથી અધિક ઓક્સિજન લેવાની તક મળે છે જે સ્વસ્થ જીવન માટે એક શ્રેષ્ઠ અને લાભદાયક કાર્ય છે.

**(૨) આંખોનો મસાજ :** સવારે સૂઈને ઉઠયા બાદ રસૂલુલ્લાહ ﷺ આંખનો મસાજ ફર્માવતા (ઘસતા, ચોળતા) હતા.

શરીરની સંરચના ૧૧ સિસ્ટમ પર આધારિત હોય છે, સૂઈને ઉઠયા બાદ આ સિસ્ટમ એક્ટિવ થવામાં ૧૧ થી ૧૨ મિનિટનો સમય લે છે. જો આંખોનો મસાજ કરવામાં આવે તો આ સિસ્ટમ ૧૦ થી ૧૫ સેકન્ડમાં તુરંત એક્ટિવ થઈ જાય છે.

**(૩) બિસ્તર પર થોડીક વાર બેસી રહેવું :** રસૂલુલ્લાહ ﷺ ઉઠીને થોડીકવાર બિસ્તર પર બેઠા રહેતા અને આદત હતી કે ૩ વાર સૂરએ ઈખ્લાસ પઢતા જેમાં આશરે ૧ મિનિટનો સમય લાગતો.

આજે મેડિકલ સાયન્સ બતાવે છે કે આપણા મસ્તિષ્કમાં એક Capillary છે જના એક ભાગથી બીજા ભાગ સુધી રક્ત પહોંચાડવા માટે એક પુલ બને છે, એ રીતે એ પુલના માધ્યમથી જ આપણા આખા મસ્તિષ્કને રક્ત પ્રવાહ મળે છે જ્યાંથી આપણા સર્વ સ્નાયુઓ અર્થાત પૂરા શરીરનું સંચાલન થતું હોય છે. જો કોઈ વ્યક્તિ અચાનક ઉઠીને ચાલવા માંડે કે હજુ બ્રેઈનમાં બ્લડ સર્ક્યુલેશન ચાલુ ન થયું હોય તો આ સ્થિતિમાં બ્રેઈન હેમ્રેજની સંભાવના રહે છે અથવા બ્રેઈનની ઘણી બધી ગંભીર સમસ્યાઓનો ભોગ બની શકે છે, જેમાં અચાનક શરીરના અનેક અંગોનું પેરાલિસિસ પણ સામેલ છે.

જ્યારે કે જો માત્ર એક મિનિટ બેસી રહેવામાં આવે જેથી બ્રેઈનમાં બ્લડ સર્ક્યુલેશન થઈ શકે તો ઘણી ગંભીર સમસ્યાઓથી બચી શકાય છે.

આ હદીષ મુબારક પર ઘણા બધા પ્રોફેસરો અને ડોકટરોએ રિસર્ચ કરી છે જેમાં ગેર મુસ્લિમ સંશોધક પણ સહમત છે કે ઈસ્લામના પૈગંબરની આ સુન્નત મુજબ સવારે ઉઠયા બાદ બેડ પર થોડીવાર બેસી રહેવું જોઈએ, તેનો ફાયદો એ છે કે બ્રેઈન સંપૂર્ણ રીતે એક્ટિવ થઈને શરીરને કંટ્રોલ કરવા સક્ષમ થઈ જાય છે. આ સુન્નતે મુબારકા જ્યાં ઘણા બધા અજરો ષવાબનું કારણ છે ત્યાં જ એમાં તંદુરસ્તીનો મોટો ભેદ પણ છે.

**(૪) કૈલૂલા કરવું :** હુઝૂર ﷺની આદતે મુબારકા હતી કે બપોરનું ખાણું જમ્યા બાદ થોડીવાર (૨૦ થી ૨૫ મિનિટ) આરામ કરતા. એનો ફાયદો એ છે કે આશરે ૬૮ ટકા લોકો જ્યારે લંચ કરે છે તો તેમનું જઠર થોડીક માત્રામાં આલ્કોહોલ બનાવે છે. આવામાં જો વ્યક્તિ ચાલતો ફરતો રહે તો ચક્કર ખાઈને પડી શકે છે અથવા તેના પર બેભાની જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. એ જ કારણ છે કે લંચ પછી થોડુક ભારે પણ અનુભવાય છે.

www.barkatekhwaja.net

થોડીકવાર સૂવામાં આવે તો આલ્કોહોલથી ઉત્પન્ન થતી બેભાનીનો મસ્તિષ્ક પર અધિક દબાવ નહીં આવે. અને તે બોડી ફંકશન્ઝ માટે વધુ એક્ટિવ રહેશે અને કોઈ પણ પ્રકારની ક્ષતિથી સુરક્ષિત રહી શકાશે. આ સિવાય પણ આ સુન્નતે મુબારકા પર અમલ ન કરવાથી ઘણી બધી સ્વાસ્થ્ય સમસ્યાઓનો ભય રહે છે.

કેમ કે આ વાત આજના સંશોધનોથી પુરવાર થએલ છે એટલા માટે દુનિયાભરના દેશોમાં તેને બપોરના ૨ અથવા ૩ વાગ્યા સુધીની બ્રેક કહેવામાં આવે છે જેથી લોકો લંચ પછી થોડીકવાર કૈલૂલા કરી શકે.

આજે સમગ્ર યૂરોપ નબીએ રહમત ﷺની સુન્નતને પ્રેક્ટિકલથી અપનાવેલ છે અને યૂરોપમાં બપોરના ૧ થી ૩ વાગ્યા સુધી બ્રેક હોય છે. તેમણે સુન્નતે રસૂલ પર રિસર્ચ કરી, તેને અપનાવી અને તેઓ આપણાથી અધિક ઉત્તમ સ્વાસ્થ્ય ગુણવત્તા ધરાવે છે.

**(૫) જમતાં પહેલાં ફળ ખાવું :** રસૂલે અક્દસ ﷺ હમેશાં જમતા પહેલાં ફળ ખાતા. આપની આદત હતી કે જમ્યા બાદ ફળ ન ખાતા.

૯૦ થી ૯૯ ફળોમાં પાણીની માત્રા હોય છે, હુઝૂર ﷺએ જમ્યા પછી પાણી પીવાથી મના ફર્માવ્યું છે અને જમ્યા પહેલાં પાણી પીવા પ્રેરિત કર્યા છે. વિવિધ ફળો પણ પાણીની ઘણી બધી માત્રા ધરાવતા હોય છે એટલા માટે જમતા પહેલા તેમને ખાવાથી શરીર અને વિશેષ રીતે જઠર અને આંતરડાઓને શક્તિ પ્રદાન થાય છે. ખોરાકને હજમ કરવામાં જઠર અને આંતરડાઓની મુખ્ય ભૂમિકા હોય છે અને જમતા પહેલાં ફળોનું સેવન તેમની કાર્યશક્તિ વધારવામાં મદદરૂપ થાય છે અને આ વાત પણ વૈજ્ઞાનિક પ્રયોગોથી પુરવાર થઈ ચૂકી છે કે ફળોમાં રહિત પોષણથી ખાલી જઠરને અધિક લાભ થાય છે.

**(૬) જમ્યા પછી પાણી ન પીવું :** રસૂલે આલી વકાર ﷺ કદી પણ જમ્યા બાદ પાણી પીતા ન હતા.

આજે જ્ઞાન અને સંશોધનથી જે વાતો સામે આવી છે તેમનાથી જાણ થાય છે કે આ સુન્નતે મુબારકા પર અમલ ન કરવાથી એટલાં નુકસાન થાય છે કે વિચારી પણ ન શકાય.

જમ્યા બાદ પાણી પીવાથી ખોરાકમાં જેટલા ફેટ્સ હોય છે તે ખોરાકથી નીકળી જથરના ઉપરના ભાગ તરફ આવી જાય છે. બાકીનો ખોરાક પાચનની બીજી ક્રિયાં માટે નાના આંતરડામાં જાય છે અને આ રીતે જઠરમાં રહી જતો ફેટ અને પ્રોટીન જઠરમાં અત્યંત હાનિકારક ગેસ બનાવે છે જ્યારે કે તે સૌને ખોરાક સાથે મિક્સ થઈને પાચનક્રિયાના આગળના તબક્કામાં જવાનું હતું. જો પાણી પી લેવામાં આવે અથવા ફળ ખાય લેવામાં આવે તો તે જઠરમાં જ રહી જાય છે.

એક હદીષે પાકનો ભાવાર્થ છે : જમી લીધા પછી પાણી પીવાની જરૂરત પડે તો થોડુક પાણી પી લો અને તેના પછી રોટીનો એક કોળિયો ખાઈ લો.

જાપાનનું સંશોધન છે કે જમ્યા પછી પાણી પીવાથી જે ફેટ ઉપર આવે છે તે રોટીનો કોળિયો ખાવાથી ન કેવળ ઉપર જવાથી અટકે છે બલ્કે તે ફરી ખોરાકનો ભાગ બની જાય છે. માટે જમ્યા પછી પાણી કદી ન પીવું જોઈએ જે પેટમાં ન કેવળ ગેસ, એસિડિટી અને અપચાનું કારણ બને છે બલ્કે ઘણા બધા હૃદય રોગોનો સંબંધ પણ આ સુન્નતે મુબારકા પર અમલ ન કરવા સાથે જ છે.

**(૭) વુઝૂ :** આપણે દિવસમાં પાંચ ફર્ઝ નમાઝો માટે કમસે કમ પાંચ વાર વુઝૂ કરીએ છે કે કારણ કે વુઝૂ વિના નમાઝ નથી થતી, અને મોઢું, નાક, હાથ,

www.barkatekhwaja.net

પગ ધોયા વિના વુઝૂ નથી થતુ. મતલબ આપણે દિવસમાં પાંચ વાર શરીરના આ અંગોને ધોઈએ છીએ. વુઝૂમાં આપણે શરીરના સર્વ જાહેરી અંગો ધોઈએ છીએ જેમના પર માટી અને કાર્બન લાગી જતા હોય છે.

આજના વૈજ્ઞાનિક સંશોધનો પુરાવા આપે છે કે શરીરના જે અંગો પર માટી અથવા કાર્બન લાગી જાય છે તો જો તેમને સાફ ન કરવામાં આવે અને તે શરીરના એ ભાગ પર અધિક સમય સુધી લાગેલાં રહે તો તે અંગો અને બ્રેઈનનું કનેક્શન કમજોર પડી જાય છે અર્થાત શરીરની નર્વસ સિસ્ટમ કમજોર પડી જાય છે. કારણ કે તે સતત બ્રેઈનને એ સિગ્નલ આપી રહ્યાં હોય છે કે શરીર પર કોઈ વસ્તુ લાગી ગઈ છે અને તેની સફાઈનું પ્રબંધન કરવામાં આવે, માટે તેના સિગ્નલને સ્વીકારવા વુઝૂ કરવું બહુ જરૂરી હોય છે. જો કોઈ વ્યક્તિ સવારે મોઢું ધોવે છે અને ત્યાર પછી સાંજે ધોવે છે તો તેનાં અંગો અને દિમાગનું કનેક્શન કમજોર પડી જાય છે જેનાથી બાદમાં તે ઘણી બધી ન્યુરોલોજીકલ સમસ્યાઓનો ભોગ બની શકે છે.

ઈસ્લામ દિવસમાં કમસે કમ પાંચવાર શરીરના જાહેરી અંગોની સફાઈનું પ્રબંધન કરે છે અને જુમ્આના દિવસે નખ, ડૂંટી નીચે તથા બગલોના બિન જરૂરી વાળ કાપવા સાથે સંપૂર્ણ સફાઈનું પ્રવધન કરે છે, એટલા માટે જ જુમ્આનું ગુસ્લ દરેક મુસલમાન માટે અનિવાર્ય છે. રસૂલુલ્લાહ ﷺએ ન કેવળ આ બધુ કરવાનો હુકમ આપ્યો બલ્કે આ બધુ આપની સુન્નતે મુબારકા પણ છે.

**(૮) જલ્દી સૂવું** : નબીએ કરીમ ﷺની એક આદતે મુબારકા એ પણ હતી કે આપ રાત્રે જલ્દી સૂઈ જતા, સામાન્યતઃ આપ ઈશાની નમાઝ બાદ તુરંત સૂઈ જતા. રાત્રે જલ્દી સૂવું અને સવારે જલ્દી ઉઠવું આપની રોજનીશીમાં સામેલ હતું.

આપણી બોયોલોજીક્લ વોચ જે આપણા આખા શરીરના સિસ્ટમને કંટ્રોલ કરે છે તે જ્યારે અંધારું જોવે છે તો તે શરીરને સૂવાનો સિગ્નલ આપે છે, શરીરને તૈયારી માટે એકથી ૨ કલાકનો સમય આપે છે કે એટલા ટાઈમમાં સૂવું અનિવાર્ય હોય છે. નોંધનીય છે કે મગરિબ અને ઈશાની નમાઝમાં પણ એટલો જ સમય ગાળો હોય છે. તેનાથી ફાયદો એ થાય છે કે આપણા શરીરમાં બાયોલોજીક્લ વોચના હેઠળ એક ડૉકટર જાગી જાય છે અને તે આપણા આખા શરીરનું મેંટેનન્સ કરે છે. જો ક્યાંક ઘા થયો હોય તો તેને રિપેર કરે છે. લિવર અથવા અન્ય કોઈ અંગમાં તકલીફ હોય તો તેના પર કામ કરે છે. બલ્કે સૂતા પછી સૌ પ્રથમ લિવર પર જ કામ થાય છે અને જેઓ લિવરના રોગી છે તેમના માટે જરૂરી છે કે તેઓ જે ઈલાજ કરી રહ્યા છે તે તેની જગ્યાએ પરંતુ પોતાના સૂવાના સમયને સુધારી પોતાના આંતરિક ડૉકટરને ઈલાજનો મોકો આપે અને પછી તેનું પરિણામ જુએ.

રાત્રીના ૧૦ થી ૧૨ વાગ્યા સુધી લિવર અને તેની આસપાસના અંગોનું મેંટેનન્સ થાય છે અને ત્યાર પછી ક્રમશઃ બીજા અંગોનું મેંટેનન્સ થાય છે અને આ કાર્ય ડેઈલી બેસિસ પર થાય છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે આપણા શરીરમાં એક ઓટોમેટિક સિસ્ટમ રાખી છે અને તે સિસ્ટમ ત્યારે જ કાર્યરત થાય છે જ્યારે જલ્દી સૂવાની આદત બનાવવામાં આવે.

જાહિલિયતના યુગમાં અરબોમાં એક રિવાજ હતો કે રાત્રિ ભોજન બાદ તેમને ત્યાં શેર શાયરી અને દેવમાલાઈ કહાનીઓની મેહફિલો જામતી જે મોડી રાત સુધી ચાલતી. આવા માહોલમાં રસૂલુલ્લાહ ﷺનું રાત્રે વહેલા સૂઈ જવું પણ તેમના મતે એક વાંધાજનક કાર્ય હતું. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જાન્યુઆરી–૨૦૨૩)*

## અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીનું દહેગામમાં આગમન

**દહેગામ** : તા. જંબુસર ખાતે તા. ૪–૫–૨૦૨૩ ઈશા બાદ મૌલાના મોહસિન રયહાની દહેગામી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)ની શાદીના નૂરાની અવસરે હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી (સદર : નજમી દારુલ ઈફતા–આમોદ વ સદર ઈદારા શરઈય્યહ–ભરૂચ)ની સદારતમાં વિવિધ નઅતખ્વાનોની નઅતખ્વાની બાદ મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ "ઈમાનના મહત્વ" પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું છેવટે અમીર સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરીએ "ઝિનાની નહૂસત અને નિકાહની ફઝીલત" પર બોધદાયક બયાન કર્યું હતું. બયાન પહેલાં જનાબ વાસિફ રઝા (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની લખેલ શાનદાર નઅત પઢી હતી. છેલ્લે સૈયદ અ.રઊફ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–હાડગુડ)એ સેહરો પઢયો હતો. મકામી તથા બહારના અનેક ઉલમા, સાદાત, અઈમ્મા તથા મુબલ્લિગોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સલાતો સલામ બાદ હઝરતે દુઆ ગુજારી હતી.

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

- **કંબોલી** : ખાતે જનાબ હાફિઝ આદમ ઈસા રાજીનાં વાલિદાનો ઈન્તેકાલ તા. ૧૦–૦૩–૨૦૨૩ ૧૭ શાબાન હિ.સ. ૧૪૪૪ જુમ્આના રોજ લગભગ ૯૫ વરસની વયે ઈન્તેકાલ થયો છે. મર્હૂમાની દફનવિધિમાં જનાબ હાફિઝ આદમ સાહબ યુ.કે.થી આવી ચૂકેલ હતા. તેમણે નમાઝે જનાઝા પઢાવી હતી. વિવિધ સુન્ની દારુલ ઉલૂમોના કર્તાહતાઓ, ઉલમા, હુફફાઝ, સાદાતે કિરામ તથા વિવિધ ગામોના અઈમ્મા હઝરાત તથા અવામે અહલે સુન્નતે બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. "બરકાતે ખ્વાજા" (માસિક)ના તંત્રી તેમજ "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ"ના નાઝિમે આ'લા તથા હાફિઝ આદમ સાહબના શાગિર્દો એવા સિનિયર હુફ્ફાઝે કિરામ હાફિઝ ઐયૂબ વોરાસમનીવાળા વગેરેએ ખાસ હાજરી આપી મર્હૂમાની મગફિરતની દુઆઓ ગુજારી હતી.
- **ખંભાત** : ખાતે જનાબ ઉસ્માનગનીભાઈ તથા હાફિઝ સલીમ નૂરી (હાફેજી)નાં વાલિદા અને મુફ્તી મુહમ્મદકાસિમ મિસ્બાહીનાં દાદીમાં મર્હૂમ હજ્જન ઝયનબભાઈ હાજી ઉમરભાઈ ફુટવાળાનો તા. ૧૨–૦૫–૨૦૨૩, ૨૨ શવ્વાલ હિ.સ. ૧૪૪૪ જુમ્આના રોજ મગરિબ બાદ ઈન્તેકાલ થયો છે.
- **દયાદરા** : ખાતે હાજી અ. રશીદ (ભીખા) સૂફીનો તા. ૩૧–૩–૨૦૨૩, ૮ રમઝાન, હિ.સ. ૧૪૪૪ જુમ્આના રોજ હાર્ટ એટેકમાં મુખ્તારુલ મસાજિદમાં જ ઈન્તેકાલ થયો હતો. તેમજ ફાતમાબેન ગનીનો તા. ૧૯–૦૪–૨૦૨૩, ૨૭–રમઝાન હિ.સ. ૧૪૪૪, બુધવારના રોજ ઈન્તેકાલ થયો. તેમજ તા. ૭–૫–૨૦૨૩, ૧૬–શવ્વાલ હિ.સ. ૧૪૪૪, રવિવારના રોજ માસ્તર વલી યૂસુફ ચાંદનો ઈન્તેકાલ થયો.
- **ભરૂચ** : (શોએબ પાર્ક) ખાતે હાજી સુલેમાન અહમદ રૂડી દયાદરાવાળાનો તા. ૧૮–૦૪–૨૦૨૩, ૨૬ રમઝાન હિ.સ. ૧૪૪૪, મંગળવારના રોજ ઈન્તેકાલ થયો જેમની દફનવિધિ દયાદરા અહલે સુન્નત કબ્રસ્તાનમાં કરવામાં આવી. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

www.barkatekhwaja.net